# Veer Narmad South Gujarat University, Surat

Re-accredited by NAAC with 'B++' grade

सत्यम् ज्ञानम् अनन्तम्

## ઈ–દક્ષિણાયન

Dakshinayan e-Newsletter

For Private Circulation Only





Vol. 16, Issue. 280, December 2025


પ્રિય વાચક મિત્રો,

**ભારતીય યુવા શક્તિ : સાંસ્કૃતિક વારસાના આધુનિક રક્ષકો:**

ભારત વિશ્વનો સૌથી યુવાન દેશ છે. જ્યારે કોઈ રાષ્ટ્ર પાસે યુવાધનનો ભંડાર હોય, ત્યારે તે રાષ્ટ્ર માત્ર આર્થિક કે તકનીકી ક્ષેત્રે જ નહીં, પણ સાંસ્કૃતિક ક્ષેત્રે પણ વિશ્વનું નેતૃત્વ કરવાની ક્ષમતા ધરાવે છે. લાંબા સમય સુધી એવી માન્યતા હતી કે આધુનિકતાના પવનમાં ભારતનો યુવાન પોતાની જડોથી વિખૂટો પડી રહ્યો છે, પરંતુ વર્તમાન પ્રવાહો સાબિત કરે છે કે ભારતનો યુવાન આજે 'આધુનિકતા' અને 'આધ્યાત્મિકતા' વચ્ચે સેતુ સમાન બન્યો છે. સંસ્કૃતિ એ કોઈ જડ વસ્તુ નથી કે જેને મ્યુઝિયમમાં સાચવી રાખવામાં આવે. સંસ્કૃતિ એ જીવન જીવવાની કળા છે. આજનો યુવાન સમજી રહ્યો છે કે પશ્ચિમનું અનુકરણ તેને સુવિધા આપી શકે, પણ શાંતિ તો તેને પોતાના મૂળિયાંમાંથી જ મળશે. આજે આપણે જોઈએ છીએ કે આઈ.ટી. પ્રોફેશનલ્સ ગીતાના શ્લોકોમાં મૅનેજમૅન્ટ શોધે છે અને વિદેશમાં વસતા ભારતીય યુવાનો ગર્વથી માતૃભાષા અને તહેવારોનું જતન કરે છે.

વર્તમાન સમયમાં ભારતીય યુવા શક્તિ માત્ર સંખ્યાત્મક રીતે જ નહીં, પરંતુ ગુણાત્મક અને રચનાત્મક પ્રવૃત્તિઓમાં પણ વિશ્વમાં અગ્રેસર છે. વર્ષ ૨૦૨૬ના પરિપ્રેક્ષ્યમાં જોઈએ તો, યુવાનો રાષ્ટ્રનિર્માણ અને સંસ્કૃતિના રક્ષણ માટે ટૅક્નૉલોજી અને પરંપરાનો અદ્‌ભૂત સમન્વય કરી રહ્યા છે. મહોત્સવમાં યુવાનો લોકનૃત્ય, લોકસંગીત, વાદ્ય–સંગીત અને શાયરી–લેખન જેવી સ્પર્ધાઓ દ્વારા ભારતીય સંસ્કૃતિને જીવંત રાખી રહ્યા છે. આજે યુવાનોની સહભાગિતા સાંસ્કૃતિક જાગૃતિ અને મહોત્સવોમાં વધી રહી છે. મારું યુવા ભારત (MY Bharat): આ ડિજિટલ પ્લેટફોર્મ દ્વારા લાખો યુવાનો સ્વયંસેવા, નેતૃત્વ અને સાંસ્કૃતિક વિનિમય કાર્યક્રમો સાથે જોડાયા છે. તેની સાથોસાથ ફિટનેસ અને રમતગમત વગેરેની પ્રવૃત્તિ–સશક્ત રાષ્ટ્ર માટે સશક્ત યુવાની અનિવાર્ય છે. સન્ડેઝ ઓન સાયકલ એ માત્ર ફિટનેસ પ્રત્યે જાગૃતિ લાવવા માટે જ નહિ પણ યુવાનો સાયકલિંગ દ્વારા આપણા પર્યાવરણના રક્ષણ માટે અને દેશી રમતો જેવી કે ખો–ખો, કબડ્ડીને ફરીથી લોકપ્રિય બનાવીને આપણા શરીર માધ્યમ ખલુ ધર્મ સાધનમના સુત્રને સાકાર કરી રહ્યા છે.

એવી જ રીતે યોગાભ્યાસ આજના આધુનિક યુવાનનોને માનસિક શાંતિ અને પ્રાણાયામને પોતાની જીવન પદ્ધતિ બનાવી રહ્યો છે. સામાજિક અને રાષ્ટ્રીય સેવા યુવાનોને માત્ર પોતાના વિકાસ પૂરતા મર્યાદિત નથી કરતા પણ તેઓ સમાજ પ્રત્યે પણ ઉત્તરદાયી બની રહે તેવા ગુણોનો વિકાસ પણ તેના દ્વારા થાય છે. NSS અને NCC દ્વારા યુવાનો સ્વચ્છતા અભિયાન, ડિઝાસ્ટર મૅનેજમૅન્ટ અને ગ્રામીણ ઉત્થાનના કાર્યોમાં સક્રિય બન્યા છે. લોકશાહીમાં ચૂંટણી પ્રક્રિયામાં સક્રિય ભાગીદારી યુવા રાષ્ટ્રના નવા નેતૃત્વના વિકાસ માટે MY Bharat MY Vote અભિયાન હેઠળ યુવા મતદારો લોકશાહીના મૂલ્યો પ્રત્યે જાગૃત થયા છે અને મજબૂત રાષ્ટ્ર માટે મતદાનનું મહત્વ સમજી રહ્યા છે. તે જ રીતે ડિજિટલ સંસ્કૃતિનું રક્ષણ કરી આજનો યુવાન 'ડિજિટલ યોદ્ધા' બન્યો છે. સોશિયલ મીડિયા દ્વારા પ્રસારિત યુટ્યુબ અને ઇન્સ્ટાગ્રામ પર યુવાનો ભારતીય મંદિરોનો ઇતિહાસ, સંસ્કૃતનું મહત્વ અને ભારતીય રસોઈ પદ્ધતિ વિશે માહિતી ફેલાવી રહ્યા છે. ઉપરાંત ઈ–કોમર્સ અને હસ્તકલા યુવા સાહસિકો (Entrepreneurs) સ્થાનિક કારીગરોની ચીજવસ્તુઓને Vocal for Local અભિયાન હેઠળ ઓનલાઈન પ્લેટફોર્મ પૂરું પાડી રહ્યા છે.

આજના ડિજિટલ યુગમાં યુવાનોએ સંસ્કૃતિ રક્ષણની પદ્ધતિ બદલી છે જેમાં ડિજિટલ ક્રાંતિ થઇ તેનાથી સોશિયલ મીડિયાના માધ્યમથી લુપ્ત થતી કળાઓ, લોકગીતો અને આપણી પરમ્પરાઓ અને પ્રાદેશિક વાનગીઓને વૈશ્વિક પ્લેટફોર્મ મળ્યું છે. જે ગર્વની અનુભૂતિ કરાવે છે. જે પેઢી એક સમયે યોગ કે આયુર્વેદને જૂના જમાનાનું ગણતી હતી, તે જ પેઢી આજે તેને 'વેલનેસ લાઈફસ્ટાઈલ' તરીકે અપનાવી રહી છે. આ વૈચારિક પરિવર્તન એ સંસ્કૃતિ રક્ષણનું સૌથી મોટું પગલું છે. આ બાબત નવી પેઢીના યુવાનોની જવાબદારી અને પડકારો બંને છે, જેમાંથી બહાર આવવા અનેક પ્રવૃત્તિઓ અને પ્રયાસો તે સતત કરતા રહે છે. જોકે, આ માર્ગ પર પડકારો પણ ઓછા નથી. અંધશ્રદ્ધા અને સાચી સંસ્કૃતિ વચ્ચેનો ભેદ પારખવો એ યુવાનો માટે અનિવાર્ય છે. સંસ્કૃતિ રક્ષણનો અર્થ સંકુચિતતા નથી, પણ ઉદારતા છે. જે આપણી 'વસુધૈવકુટુંબકમ'ની ભાવનાને જીવંત રાખીને, યુવાનોએ સામાજિક કુરીતિઓ સામે લડવું પડશે અને સંસ્કૃતિના સાચા, શુદ્ધ સ્વરૂપને આગળ વધારવું પડશે. તેના માટે નવા પડકારો અને સમસ્યાઓના ઉકેલ માટે યુવા પેઢીએ યુગાનુકુલ અને દેશાનુકુલ બનવું પડશે.

ભારતનું ભવિષ્ય તેના યુવાનોના હાથમાં છે. જો યુવાનો પોતાની સંસ્કૃતિના મૂલ્યો, જેવા કે સહિષ્ણુતા, પવિત્રતા અને પર્યાવરણ પ્રત્યેનો પ્રેમને આચરણમાં ઉતારશે તો ભારતને 'વિશ્વગુરુ' બનતા કોઈ રોકી શકશે નહીં. સંસ્કૃતિનું રક્ષણ એ માત્ર પૂર્વજોનું સન્માન નથી, પણ ઉજ્જવળ ભવિષ્યની ગેરંટી છે. રાષ્ટ્રની આ યુવાશક્તિ જ્યારે પોતાની સંસ્કૃતિના તેજને આત્મવિશ્વાસ સાથે ધારણ કરે છે, ત્યારે તે વિશ્વના નકશા પર ભારતની એક અનોખી ઓળખ પ્રસ્થાપિત કરે છે.

તા. ૧ જાન્યુઆરી, ૨૦૨૬ (ડૉ. કિશોરસિંહ એન. ચાવડા)

કુલપતિશ્રી

## વિશ્વવિદ્યાલય સમાચાર

### 'માનસિક સ્વસ્થ્ય જાગૃતિ' કાર્યક્રમનું સફળ આયોજન






વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય સુરત ખાતે મનોવૈજ્ઞાનિક સલાહ અને માર્ગદર્શન વિભાગ દ્વારા તારીખ ૦૩/૧૨/૨૦૨૫ના રોજ 'કન્વેન્શન હોલ'માં 'માનસિક સ્વાસ્થ્ય જાગૃતિ' વિષય પર એક ભવ્ય કાર્યક્રમનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ માનસિક સ્વાસ્થ્ય વિશે જાગૃતિ ફેલાવવાનો અને શૈક્ષણિક, સામાજિક અને માનસિક પડકારોને પહોંચી વળવા માટે માનસિક આરોગ્યના મહત્વ પર ધ્યાન કેન્દ્રિત કરવાનો હતો.

આ કાર્યક્રમનું આયોજન વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા અને ઇ.ચા. કુલસચિવશ્રી ડૉ. નરેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ મનોવૈજ્ઞાનિક સલાહ અને માર્ગદર્શન વિભાગના કૉ–ઓર્ડિનેટર ડૉ. પ્રીતિબેન ચૌધરીના સંકલનથી કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મુખ્ય વકતા તરીકે ગુજરાત રાજ્યના યુવાનોના યુથ એમ્બેસેડર શ્રીમાન વિદિત શર્મા ઉપસ્થિત રહ્યા હતા. તેમણે વિદ્યાર્થીઓ તેમજ અધ્યાપકશ્રીઓને સંબોધિત કર્યા હતા અને માનસિક સ્વાસ્થ્ય વિશે ખૂબ જ સરળ ભાષામાં સમજૂતી આપી હતી. શ્રીમાન વિદિત શર્માએ તેમના વકતવ્યમાં આત્મહત્યા નિવારણ અંગેની પણ મહત્વપૂર્ણ માહિતી આપી હતી. આ સાથે, તેમણે આત્મહત્યા નિવારણ માટેના ટૅલી માનસ નંબર ૧૪૪૧૬ વિશેની પણ જાણકારી આપી હતી, જે માનસિક સ્વાસ્થ્ય સહાયતા માટેનો રાષ્ટ્રીય હેલ્પલાઈન નંબર છે.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન ઊર્મિન દેસાઈ દ્વારા કરવામાં આવ્યું હતું. મનોવૈજ્ઞાનિક સલાહ અને માર્ગદર્શન વિભાગમાંથી મનોવૈજ્ઞાનિક સલાહકાર ઊર્મિન દેસાઈ, ઉલ્કા પટેલ અને દર્શન પરમાર પણ આ કાર્યક્રમમાં સક્રિય રીતે જોડાયાં હતાં. આ જાગૃતિ કાર્યક્રમમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના વિવિધ વિભાગોના વિદ્યાર્થીઓ તેમજ અધ્યાપક શ્રીનો અને તેમની સાથે સંલગ્ન સંસ્થાઓના વિદ્યાર્થીઓ તેમજ અધ્યાપકશ્રીઓ સહિત કુલ ૯૮૧ શ્રોતાઓ ઉત્સાહભેર ઉપસ્થિત રહ્યા હતા.

### વર્કશોપ: વ્યકિત નિર્માણથી રાષ્ટ્ર નિર્માણ: આંબેડકરના વિચારો વર્તમાન પરિપ્રેક્ષ્યમા







તા. ૧૦ ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ ડૉ. બી. આર. અંબેડકર ચેર, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરત દ્વારા અંગ્રેજી વિભાગ ખાતે એક દિવસીય કાર્યશાળાનું સફળતાપૂર્વક આયોજિત થયું. આ વર્કશોપનો મુખ્ય ઉદ્દેશ ડૉ. અંબેડકરના વિચારોને આધુનિક યુગમાં પ્રાસંગિક બનાવવું અને યુવાનોને સામાજિક જાગૃતિ અને રાષ્ટ્રીય વિકાસ માટે પ્રેરિત કરવું હતું.

આ વર્કશોપમાં વિવિધ ક્ષેત્રોના પ્રતિષ્ઠિત વિશેષજ્ઞોએ ભાગ લીધો. તેમણે ડૉ. અંબેડકરના તત્વજ્ઞાન, નૈતિકતા, સમાજસમાનતા અને રાષ્ટ્રનિર્માણમાં તેમના યોગદાન પર વિસ્તૃત ચર્ચા કરી. મુખ્ય મુદ્દાઓમાં શૈક્ષણિક વિકાસ દ્વારા વ્યક્તિત્વ નિર્માણ, નાગરિક ફરજોની સમજ, મહિલાઓનું

સશક્તિકરણ અને ભારતીય બંધારણના ૧૧ મૂળભૂત ફરજાઓ પર પ્રકાશ પાડવામાં આવ્યો.

પ્રોગ્રામનું ઉદ્ઘાટન કુલસચિવશ્રી ડૉ. આર.સી.ગઢવી દ્વારા થયું અને અધ્યક્ષ તરીકે માન.કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા હાજર રહ્યા હતા. ઉપરાંત ડૉ. અખિલેશભાઈ પાંડે, શ્રી કૃણાલભાઈ રૂપાપરા, ડૉ. રસિકભાઈ મકવાણા અને શ્રી વિજયજી દેવાનગણ પ્રમુખ ઉપસ્થિત રહીને અભિનંદન અને માર્ગદર્શન આપ્યું. પ્રારંભિક સ્વાગત ડૉ. ડી.સી.જોશીએ આપ્યું અને વર્કશોપનું સંકલન ડૉ. જિતેન્દ્રસિંહ પરમારે કર્યું.

મુખ્ય સત્રમાં શૈક્ષણિક વિકાસને વ્યક્તિત્વ નિર્માણ સાથે જોડવાની ચર્ચા કરવામાં આવી. ડૉ. બાબાસાહેબ અંબેડકર માટે શિક્ષણ માત્ર રોજગાર મેળવવાનું સાધન નહોતું, પરંતુ સ્વતંત્ર વિચાર, સમાનતા અને સમાજની પ્રગતિ માટે મજબૂત પાયો હતું. યુવાનોને નાગરિક અધિકાર સાથે તેમની ફરજોની સમજ હોવી જરૂરી છે, જેથી રાષ્ટ્ર મજબૂત બને. સ્ત્રી સશક્તિકરણ અંગે ચર્ચા કરતા જણાવાયું કે રાષ્ટ્રનિર્માણ મહિલાઓના વિકાસ વિના અધૂરું છે.

ડૉ. રસિકભાઈ મકવાણાએ ભારતીય બંધારણના આધારભૂત સિદ્ધાંતો અને નાગરિકોની ફરજાઓ પર વિશેષ ભાર મૂક્યો. આ ફરજાઓ નાગરિકોમાં શિસ્ત, જવાબદારી અને સામાજિક કલ્યાણની ભાવના વિકસાવવામાં મહત્વપૂર્ણ છે. વર્કશોપમાં રાષ્ટ્રની સેવા, ધૈર્ય અને બલિદાન દ્વારા સંસ્કૃતિ અને ધર્મનું રક્ષણ કરવાનો પણ ઉદ્દેશ વ્યક્ત કરવામાં આવ્યો.

શ્રી વિજયજી દેવાનગણે પોતાના ભાષણમાં જણાવ્યું કે યુવાનો માટે નૈતિકતા, સમાજસેવામાં લાગણી અને શૈક્ષણિક ઉત્કર્ષ મહત્વપૂર્ણ છે. તેમણે સમજાવ્યું કે સમાજમાં સકારાત્મક પરિવર્તન લાવવા યુવાનોની સક્રિય ભૂમિકા આવશ્યક છે, અને ડૉ. અંબેડકરના વિચારો આજના યુગમાં પણ પ્રેરણાદાયી છે.

કાર્યશાળામાં ઐતિહાસિક મુદ્દાઓ પર પણ ચર્ચા થઈ. વિજ્ઞાન અને કલા ક્ષેત્રના પ્રતિષ્ઠિત ગૌણ વિષયોના ઉલ્લેખ સાથે કલા, સાહિત્ય અને સંસ્કૃતિમાં યોગદાન આપનાર મહાન વિદ્વાનોની પ્રેરણાત્મક ઘટનાઓને પણ પ્રસ્તુત કરાયું. બાળકો અને યુવાનોને પ્રેરણા માટેવિજ્ઞાનિક પ્રયોગો, સાહિત્યક કૃતિઓ અને સાંસ્કૃતિક વાર્તાઓ વિષે જ્ઞાન આપ્યું જેથી તેઓ શૈક્ષણિક અને સાંસ્કૃતિક વિકાસ સાથે રાષ્ટ્રના ગૌરવમાં યોગદાન આપી શકે.

અંતે યુવાનો માટે ડૉ. અંબેડકરના વિચારોને આધુનિક સમાજમાં લાગુ કરવા માર્ગદર્શન આપવામાં આવ્યું. આ વર્કશોપ અત્યંત જ્ઞાનપ્રદ અને પ્રેરણાદાયી સાબિત થયું, જેમાં યુવાનોને નૈતિક, સામાજિક અને શૈક્ષણિક વિકાસ સાથે રાષ્ટ્રનિર્માણમાં ભાગ લેવા માટે પ્રેરણા મળી.

## IIT બોમ્બે રિસર્ચ ઇન્ટર્નશિપ એવોર્ડ ૨૦૨૫–૨૬ માટે ચાંદ પાદરિયાનું પસંદગી સન્માન

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરતના ભૌતિકશાસ્ત્ર વિભાગની વિદ્યાર્થીની ચાંદ વિઠ્ઠલભાળ પાદરિયાની પ્રતિષ્ઠિત IIT બોમ્બે રિસર્ચ ઇન્ટર્નશિપ એવોર્ડ ૨૦૨૫–૨૬ માટે પસંદગી કરવામાં આવી છે. તેઓ Department of Physics, IIT Bombayના પ્રોફેસરના માર્ગદર્શન હેઠળ સંશોધન કાર્ય કરશે. આ ઇન્ટર્નશીપ ૨૦ જાન્યુઆરી, ૨૦૨૬ થી ૧૫ જુલાઈ ૨૦૨૬ દરમિયાન પૂર્ણ થશે. જેમાં પ્રતિ માસ સ્ટાઇપેન્ડ આપવામાં આવશે. તેમના સંશોધન પ્રોજેક્ટનુ શીર્ષક "2D મટીરિયલ્સ પર હેલાઈડ પેરોસ્કાઇટ કવાન્ટમ મટીરિયલ્સના ઉત્સર્જનનું પરીક્ષણ" છે.

આ સંશોધન પ્રોજેક્ટ ચાંદ પાદરિયા માટે ઍડવાન્સ મટીરિયલ્સ સાયન્સ ક્ષેત્રમાં પ્રાયોગિક અનુભવ મેળવવાની તથા કવાન્ટમ ઓપ્ટોઇલેક્ટ્રોનિક મટીરિયલ્સના અભ્યાસમાં યોગદાન આપવાની મૂલ્યવાન તક પ્રદાન કરશે. આ સિદ્ધિ બદલ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના માનનીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન.ચાવડા સાહેબ તથા ભૌતિકશાસ્ત્ર વિભાગ દ્વારા ચાંદ પાદરિયાને હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યા છે અને તેમના ભાવિ સંશોધન કારકિર્દી માટે શુભેચ્છાઓ વ્યકત કરવામાં આવી છે.




## પી.એચડી.




વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય અંતર્ગત પી.એચડી. સંશોધનમાં મહત્વપૂર્ણ તારણો સુરત જિલ્લાના માંડવી તાલુકામાં કાર્યરત સ્વસહાય જૂથોની ગ્રામીણ મહિલાઓના સામાજિક તથા આર્થિક જીવન ઉપર પડતી અસર અંગે કરાયેલા પીએચ.ડી. સંશોધનમાં નોંધપાત્ર અને ઉત્સાહજનક તારણો સામે આવ્યા છે. આ સંશોધન કાર્ય વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરત અંતર્ગત અર્થશાસ્ત્ર વિષયમાં શ્રી જયેશકુમાર મુકેશભાઈ ચૌધરી, (સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા, ગવાછી ખાતે શિક્ષક તરીકે કાર્યરત) દ્વારા કરવામાં આવ્યું છે. આ સંશોધનને ડૉ. કે.એસ.ચાવડા, આચાર્ય શ્રી ઠાકોરભાઈ પટેલ આર્ટસ એન્ડ કોમર્સ કૉલેજ અંકલેશ્વર દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

સંશોધનના તારણો મુજબ સ્વસહાય જૂથોમાં જોડાયેલી ૯૬.૫૮ ટકા મહિલાઓની આવકમાં વધારો થયો છે, જ્યારે ૯૮.૪૨ ટકા મહિલાઓને ઘરે બેઠા રોજગારીની તક પ્રાપ્ત થઈ છે. આ ઉપરાંત મહિલાઓમાં આત્મવિશ્વાસ, સ્વનિર્ણય ક્ષમતા, સામાજિક પ્રતિષ્ઠા તેમજ કુટુંબ અને સમાજમાં ભાગીદારીમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે.

મૂલ્યાંકન સમિતિ દ્વારા આ મહાશોધ નિબંધને પી.એચડી. કક્ષાને અનુરૂપ અને ગુણવત્તાસભર ગણાવી ડૉક્ટર ઑફ ફિલોસોફી પદવી માટે સ્વીકારવાની ભલામણ કરવામાં આવી છે. આ પ્રસંગેવિશ્વવિદ્યાલયના માનનીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા સાહેબ સંશોધક શ્રી જયેશકુમાર ચૌધરીને આ મહત્વપૂર્ણ શૈક્ષણિક સિદ્ધિ બદલ હાર્દિક અભિનંદન પાઠવ્યા છે તથા આ સંશોધન ગ્રામીણ મહિલા સશક્તિકરણ માટે માર્ગદર્શક સાબિત થશે તેવી શુભકામનાઓ વ્યક્ત કરી છે.

## નેશનલ કોન્ફરન્સ






ડૉ. બી. આર. અંબેડકર ચેર, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરત દ્વારા ૨૬ નવેમ્બર, ૨૦૨૫ના રોજ 'સંવિધાન દિવસના' અવસરે "Towards Viksit Bharat@2047: Dr. B. R. Ambedkar's Constitutional Vision and Its Enduring Relevance" વિષય પર એકદિવસીય રાષ્ટ્રીય સંમેલન(નેશનલ કોન્ફરન્સ)નું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમનું સંકલન આયોજક સમિતિના માર્ગદર્શન હેઠળ થયું, જેમાં ડૉ. તરુલતા છેવાલા, ડૉ. જાગૃતિ બરોટ અને ડૉ. હિના એન. મકવાણા સામેલ હતાં, તેમજ રિસર્ચ ઓફિસર ડૉ. જીતેન્દ્રસિંહ પરમારે શૈક્ષણિક તથા વહીવટી વ્યવસ્થાઓને સુગમ બનાવવા મહત્વપૂર્ણ યોગદાન આપ્યું. કાર્યક્રમની શરૂઆત સવારે ૧૦:૩૦ કલાકે વિશ્વવિદ્યાલય ગીતથી થઈ અને ત્યારબાદ દીપપ્રજ્વલન વિધિ યોજાઈ. સ્વાગત સંબોધન ડૉ. દિલીપ જોષીએ આપ્યું, જેઓએ દિવસના ચર્ચા–વિમર્શ માટે સુમેળભર્યો માહોલ સર્જ્યો. પ્રારંભિક સમારંભ દરમિયાન મુખ્ય મહેમાનોનું સન્માન કરવામાં આવ્યું, જેમાં શ્રી એસ. એસ. ઉપાધ્યાય, પૂર્વ જિલ્લા અને સત્ર ન્યાયાધીશ તથા પૂર્વ કાનૂની સલાહકાર (રાજ્યપાલ, ઉત્તર પ્રદેશ), ડૉ. વિક્રમ બી. દેસાઈ, પૂર્વ પ્રિન્સિપલ સિદ્ધાર્થ લૉ કૉલેજ અને પૂર્વ ડીન, કાયદા ફેકલ્ટી, ડૉ. કે.એન.ચાવડા, માનનીય કુલપતિ VNSGU, ડૉ. દિલીપ જોષી તથા ડૉ. નરેન્દ્ર પટેલ, ઈ.ચા.કુલસચિવનો સમાવેશ થાય છે. મુખ્ય મહેમાન શ્રી એસ.એસ.ઉપાધ્યાયે પોતાના સંબોધનમાં ડૉ. આંબેડકરના ભારતીય સંવિધાનની રચનામાં અગ્રણી યોગદાનને વિશદ રીતે સમજાવ્યું અને રામરાજ્યના વિચારને આધુનિક શાસનની નૈતિકતા તથા પ્રાસંગિકતા સાથે જોડયો. માનનીય કુલપતિ ડૉ. કે. એન. ચાવડાએ પ્રમુખ સંબોધન આપ્યું, જેમાં તેમણે વિકસિત ભારત@2047ને સાકાર બનાવવા સંવિધાનિક મૂલ્યોની અનંત મહત્વતાને ઉજાગર કરી. પ્રારંભિક સત્રનો સમાપન વૉટ ઑફ થેંક્સ ડૉ. નરેન્દ્ર પટેલ દ્વારા કરવામાં આવ્યો. ત્યારબાદ વિશેષજ્ઞ વ્યાખ્યાન ડૉ. વિક્રમ બી.દેસાઈએ આપ્યું. જેમાં તેમણે સંવિધાનસભાની રચના, તેની કામગીરી, વિવિધ સમિતિઓની ભૂમિકા, સંવિધાનના સ્ત્રોતો તથા મૂળભૂત અધિકારો અને ફરજોની મહત્વતાને જીવંત ઉદાહરણો સાથે સમજાવ્યું. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે ભારતીય સંવિધાન લોકશાહીની મજબૂત આધારશિલા છે અને તેની મૂળ આત્માને કોઈપણ બદલાવી શકતું નથી. આ સત્ર બપોરે ૧:૦૦ વાગ્યા સુધી ચાલ્યું. બાદમાં બપોરે ૨:૧૫ થી ૪:૩૦ દરમિયાન પેરલલ સત્રો યોજાયા જેમાં લગભગ ૩૦ સંશોધકોએ એમ્બેડકરના સંવિધાનિક દ્રષ્ટિકોણ અને વિકસિત ભારત વિષયક સંશોધન પેપરો રજૂ કર્યા. અંતિમ સત્ર સાંજે ૪:૩૦ કલાકે સેમિનાર હોલમાં યોજાયું જેમાં તમામ પેપર પ્રસ્તુતકારોને પ્રમાણપત્રો અપાયા. વેલિડિક્ટરી સત્રનો વોટ ઓફ થેંક્સ ડૉ. હિના એન. મકવાણાએ આપ્યો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. મોસમ ત્રિવેદીએ કર્યું. રાષ્ટ્રીય ગાન સાથે સંમેલનનો સમાપન થયો.

## રાષ્ટ્રીય સંસ્કૃતિ ઉત્થાન ન્યાસની રાષ્ટ્રીય સ્તરની બેઠકનું આયોજન



ભાતીય શિક્ષણને કેન્દ્રમાં રાખીને છેલ્લાં ૧૭ વર્ષથી દેશવ્યાપી કાર્ય કરનારી સંસ્થા રાષ્ટ્રીય સંસ્કૃતિ ઉત્થાન ન્યાસની રાષ્ટ્રીય સંચાલન સમિતિની બેઠક તા. ૨૫મી એ સુરતના SVNIT ખાતે યોજાશે. જેમાં સંસ્થા રાષ્ટ્રીય સંગઠન મંત્રી ડૉ. અતુલ કોઠારી ઉપસ્થિત રહી માર્ગદર્શન પૂરું પાડશે.

વર્ષ ૨૦૦૮ થી કાર્યરત રાષ્ટ્રીય સંસ્કૃતિ ઉત્થાન ન્યાસ ખાસ કરીને ચરિત્ર નિર્માણ, વ્યક્તિનો સર્વાંગી વિકાસ, માતૃભાષામાં શિક્ષણ, વૈદિક ગણિત સહિતના અલગ અલગ ૧૧ વિષયને કેન્દ્રમાં રાખીને કાર્ય કરે છે. જેના વાર્ષિક આયોજન માટે આ રાષ્ટ્રીય સ્તરની સંચાલન બેઠક અગત્યની માનવામાં આવે છે. આ બેઠકમાં ગયા વર્ષે જે પણ વિષયો નક્કી કરવામાં આવ્યા હતા તેમાં કેટલી સફળતા પ્રાપ્ત થઈ તેની સમીક્ષા કરવામાં આવશે. આ ઉપરાંત આગામી વર્ષ દરમિયાન કયા કયા કાર્યક્રમોનું કયા કયા રાજ્યમાં આયોજન કરવું એ મુદ્દે વિશદ્ છણાવટ, ચિંતન થશે. આખા વર્ષના કાર્યક્રમો નક્કી થશે.

આ બેઠકમાં જમ્મુ કાશ્મીર, મણિપુર, મેઘાલય, કેરલ, કર્ણાટક, હરિયાણા, દિલ્હી, મહારાષ્ટ્ર સહિતનાં રાજ્યોમાંથી કુલ ૪૦ જેટલા પ્રતિનિધિઓ ઉપસ્થિત રહી સમીક્ષા અને ચિંતનમાં સહભાગી બનશે.

## વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયમાં 'આત્મનિર્ભર ભારત સંકલ્પ અભિયાન'ની ઉજવણી, ડૉ. જગદીશ પટેલે 'વિકસિત ભારત@ ૨૦૪૭' માટેનો માર્ગ દર્શાવ્યો





તા. ૧૭/૧૨/૨૦૨૫ના રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયમાં 'આત્મનિર્ભર ભારત સંકલ્પ અભિયાન' અંતર્ગત એક પ્રેરણાદાયી અને વિચારપ્રેરક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મુખ્ય વક્તા તરીકે સુરત મહાનગરપાલિકાના પૂર્વ મેયર તથા પ્રખ્યાત જાહેર જીવનના આગેવાન ડૉ. જગદિશ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

વિશ્વવિદ્યાલયના માન. કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડાએ પોતાના ઉદ્‌બોધનમાં જણાવ્યું હતું કે 'આત્મનિર્ભર ભારત સંકલ્પ અભિયાન' વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રીય ચેતના, સ્વાવલંબન અને વિકાસલક્ષી દૃષ્ટિકોણ વિકસાવવા માટે મહત્વપૂર્ણ પહેલ છે. તેમણે યુવાનોને જ્ઞાન, નવીનતા અને મૂલ્યઆધારિત શિક્ષણ દ્વારા 'વિકસિત ભારત@૨૦૪૭ના નિર્માણમાં સક્રિય ભાગીદાર બનાવવા આહ્વાન કર્યું.

ભારતના આત્મનિર્ભરતાના સફર વિશે વિસ્તૃત ચર્ચા કરી ડૉ. જગદીશ પટેલે પોતાના પ્રેરણાદાયી વ્યાખ્યાનમાં ભારતના આત્મનિર્ભર આત્મનિર્ભર બનવાના ઐતિહાસિક પ્રવાસ પર પ્રકાશ પાડતા જણાવ્યું હતું કે, આત્મનિર્ભર ભારત એક માત્ર આર્થિક સંકલ્પ નહિં પરંતુ સામાજિક, સાંસ્કૃતિક અને રાષ્ટ્રીય ચેતનાનો સંકલિત વિચાર છે. તેમણે 'વિકસિત ભારત@૨૦૪૭ના લક્ષ્યને સાકાર કરવા માટે શિક્ષણ, નવીનતા, ટૅક્નૉલોજી, સ્વદેશી ઉદ્યોગો, યુવાશક્તિના સશક્તિકરણ અને સમાજના દરેક વર્ગોની સહભાગિતા અંગેની મહત્વપૂર્ણ ભૂમિકા પર વિશેષ ભાર મૂક્યો. તેમણે યુવાનોને દેશના ભવિષ્યના શિલ્પકાર ગણાવી જવાબદાર નાગરિકત્વ અને રાષ્ટ્રીય જવાબદારીના મૂલ્યો આત્મસાત કરવા અપીલ કરી.

કાર્યક્રમ દરમિયાન વિશ્વવિદ્યાલયના કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવી, રાષ્ટ્રીય સેવા યોજના (NSS)ના સંયોજક ડૉ. શ્રીધર નિમાવત તથા અન્ય અધિકારીઓ, પ્રાધ્યાપકો, સંશોધકો તથા મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહી સંકલ્પપત્ર ભરી વાંચન કરેલ હતું. સમગ્ર કાર્યક્રમમાં દેશપ્રેમ, આત્મવિશ્વાસ અને રાષ્ટ્રીય સંકલ્પનો ઉત્સાહજનક માહોલ જોવા મળ્યો. અંતે ડૉ. દિપેશ ઝા દ્વારા આભારવિધિ સાથે કાર્યક્રમનું સફળ સમાપન કરવામાં આવ્યું.

## "વિકસિત ભારત ૨૦૪૭"ના સ્વપ્નને સાકાર કરવા યુવાનોને જોડતો વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયમાં 'યુવા કનેક્ટ' કાર્યક્રમનું સફળ આયોજન















ભારતના સ્વતંત્રતાના શતાબ્દી વર્ષ ૨૦૪૭ સુધીમાં દેશને સંપૂર્ણ રીતે વિકસિત રાષ્ટ્ર બનાવવાના દૃઢ સંકલ્પ સાથે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ રજૂ કરેલી મહત્ત્વાકાંક્ષી પહેલ "વિકસિત ભારત ૨૦૪૭"ને યુવા પેઢી સુધી પહોંચાડવાના ઉદ્દેશથી સમગ્ર દેશમાં "વિકસિત ભારત એમ્બેસેડર – યુવા કનેક્ટ" કાર્યક્રમોની શ્રેણી યોજાઈ રહી છે. આ રાષ્ટ્રીય અભિયાન અંતર્ગત દેશભરના વિવિધ રાજ્યોની શૈક્ષણિક સંસ્થાઓમાં કુલ ૫૦થી વધુ કાર્યક્રમો યોજવાની યોજના છે, જેથી મહત્તમ સંખ્યામાં યુવાનોને રાષ્ટ્રના વિકાસ સ્વપ્ન સાથે જોડાઈ શકાય. આ કાર્યક્રમો યોજવાની સૌ પ્રથમ શરૂઆત વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરત ખાતે કરવામાં આવી રહી છે.

આ જ શ્રેણીના ભાગરૂપે વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરત ખાતે તારીખ ૧૬ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ વિશ્વવિદ્યાલય કેમ્પસમાં 'યુવા કનેક્ટ' કાર્યક્રમનું સફળ અને ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વિશ્વવિદ્યાલયના વિવિધ વિભાગો અને અભ્યાસક્રમના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો, જેનાથી યુવાનોમાં રાષ્ટ્રીય વિકાસ પ્રત્યેની જાગૃતિ અને ઉત્સાહ સ્પષ્ટ રીતે જોવા મળ્યો હતો.

'વિકસિત ભારત ૨૦૪૭' પહેલનો મુખ્ય ઉદ્દેશ ભારતને આર્થિક, સામાજિક, વૈજ્ઞાનિક, ટૅક્નૉલોજીકલ, પર્યાવરણ અને શાસન ક્ષેત્રે વૈશ્વકિ સ્તરે અગ્રણી બનાવવાનો છે. આ દ્રષ્ટિ મુજબ ભારતનું વિકાસ મોડૅલ માત્ર આર્થિક વૃદ્ધિ સુધી સીમિત ન રહે, પરંતુ સમાનતા, સામાજિક ન્યાય, ઉચ્ચ જીવનમાન, ગુણવત્તાયુક્ત શિક્ષણ, રોજગાર સર્જન અને પર્યાવરણ સંરક્ષણને પણ સમાન મહત્વ આપે છે. આ સમગ્ર પ્રક્રિયામાં યુવાનોને "ચેન્જ મેકર" તરીકે જોવામાં આવી રહ્યા છે.

કાર્યક્રમના મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત યુથ આઇકૉન શ્રી વત્સલ કાથિરિયાએ પોતાના સશક્ત અને પ્રેરણાદાયી ઉદબોધનમાં યુવાનોની ભૂમિકા પર વિશેષ ભાર મૂક્યો. તેમણે જણાવ્યું કે, "વિકસિત ભારત માત્ર સરકારનું સ્વપ્ન નથી, પરંતુ ૧૪૦ કરોડ ભારતીયોની સામૂહિક જવાબદારી છે, જેમાં યુવાનો સૌથી મજબૂત કડી છે."

તેમણે દેશ સામે ઊભા રહેલા વિવિધ પડકારો જેમ કે બેરોજગારી, કુશળતાનો અભાવ, પર્યાવરણ સંકટ, ડિજિટલ અંતર, સામાજિક અસમાનતા અને નૈતિક મૂલ્યોના ક્ષય અંગે ચર્ચા કરી. સાથે જ તેમણે યુવાનોને નવીન વિચાર, સ્ટાર્ટઅપ્સ, સામાજિક ઉદ્યમ, સ્વચ્છતા અભિયાન, પર્યાવરણ સંરક્ષણ અને ટૅક્નૉલોજી આધારિત ઉકેલો દ્વારા રાષ્ટ્રનિર્માણમાં યોગદાન આપવા પ્રેરણા આપી.

કાર્યક્રમની શરૂઆતમાં ડૉ. ભાવેશ વણપરિયા દ્વારા "યુવા કનેક્ટ" કાર્યક્રમનો વિગતવાર પરિચય આપવામાં આવ્યો. તેમણે જણાવ્યું કે આ કાર્યક્રમનો મુખ્ય હેતુ પ્રધાનમંત્રીના "વિકસિત ભારત ૨૦૪૭"ના દ્રષ્ટિકોણને વિશ્વવિદ્યાલય અને કોલેજના વિદ્યાર્થીઓ સુધી પહોંચાડવાનો છે, જેથી યુવાપેઢી રાષ્ટ્રીય વિકાસની પ્રક્રિયામાં સક્રિય રીતે જોડાઈ શકે અને નેતૃત્વની ભૂમિકા ભજવી શકે.

વિશ્વવિદ્યાલયના માન. કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડાએ પોતાના અધ્યક્ષીય ઉદ્દબોધનમાં આજના યુવાનોની જવાબદારી પર ભાર મૂકતા જણાવ્યું કે, "આજનો યુવાન આવતીકાલના ભારતનો શિલ્પકાર છે. જ્ઞાન, કુશળતા, ટૅક્નૉલોજી અને નૈતિક મૂલ્યોનું સંતુલન જ વિકસિત ભારતનો મજબૂત આધારસ્તંભ બની શકે."તેમણે વિદ્યાર્થીઓને માત્ર કારકિર્દી સુધી સીમિત ન રહેતા, સમાજ અને રાષ્ટ્ર માટે જવાબદાર નાગરિક બનવાની અપીલ કરી.

આ અવસરે વિશ્વવિદ્યાલયના કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવીએ કાર્યક્રમમાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી. તેમણે યુવાનોને દેશના વિકાસમાં સકારાત્મક અને રચનાત્મક યોગદાન આપવા માટે પ્રોત્સાહિત કર્યા.

કાર્યક્રમના અંતમાં ડૉ. શ્રીધર નિમાવત દ્વારા આભારવિધિ પાઠવવામાં આવી હતી. તેમણે મહેમાનો, વક્તાઓ, વિશ્વવિદ્યાલય પ્રશાસન, આયોજકો તથા વિદ્યાર્થીઓનો હૃદયપૂર્વક આભાર માન્યો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. મોસમ ત્રિવેદી દ્વારા સુચારુ અને અસરકારક રીતે કરવામાં આવ્યું હતું.

'યુવા કનેક્ટ' કાર્યક્રમ માત્ર એક શૈક્ષણિક કે પ્રેરણાત્મક કાર્યક્રમ ન રહી, યુવાનો માટે રાષ્ટ્રનિર્માણ સાથે જોડાવાનો એક સશક્ત મંચ સાબિત થયો. કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીઓમાં દેશના ભવિષ્ય પ્રત્યે જવાબદારી, નેતૃત્વભાવ અનેસામાજિક જાગૃતિ વિકસિત થઈ હોવાનું સ્પષ્ટ થયું.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય દ્વારા આયોજિત આ કાર્યક્રમ "વિકસિત ભારત ૨૦૪૭"ના સ્વપ્નને સાકાર કરવાની દિશામાં એક મહત્વપૂર્ણ અને નોંધપાત્ર પગલું ગણાય છે, જેમાં યુવાનોને દેશના સાચા વિકાસ દૂત તરીકે તૈયાર કરવાની ભાવના પ્રતિબિંબિત થાય છે.

## શિક્ષામાં ભારતીય મૂલ્યોને પુનઃ સ્થાપિત કરવું આજની આવશ્યકતા – શ્રી વાજા રાષ્ટ્રીય શૈક્ષણિક કાર્યશાળામાં 'એક રાષ્ટ્ર એક નામઃ ભારત' સન્માન સમારોહ દેશની ૨૩ વિશ્વવિદ્યાલયઓને સન્માનિત કરવામાં આવ્યું



શિક્ષા સંસ્કૃતિ ઉત્થાન ન્યાસ દ્વારા આયોજિત 'વિકસિત ભારતમાં શિક્ષણનું યોગદાન' વિષયક ત્રણ દિવસીય રાષ્ટ્રીય શિક્ષણિક કાર્યશાળા દરમિયાન પંચ પરિવર્તન પર ઊંડો વિચાર વિમર્શ કરવામાં આવ્યો. આ પ્રસંગે ન્યાસના રાષ્ટ્રીય સચિવ ડૉ. અતુલ કોઠારીએ જણાવ્યું કે, રાષ્ટ્રના પુનઃનિર્માણ માટે પંચ પરિવર્તન અત્યંત આવશ્યક છે. આ કોઈ નવો વિષય નથી, પરંતુ ભારતીય જીવનપદ્ધતિનો મૂળ તત્વ છે, જેના પર ન્યાસ અને સંઘ પરિવાર સતત કાર્ય કરી રહ્યા છે.

ડૉ. કોઠારીએ જણાવ્યું કે, પંચ પરિવર્તનનો પ્રથમ આધાર 'સ્વનો બોધ' છે. જેમાં સ્વભાવ, સ્વભાષા, સ્વદેશી, સ્વાવલંબન, સ્વ–વેશભૂષા, સ્વ–ખાનપાન, સ્વાભિમાનનો સ્માવેશ થયા છે. તેમણે જણાવ્યું કે, શૈક્ષણિક સંસ્થાઓમાં પરિવારભાવ વિકસાવવાનો સમયની આવશ્યકતા છે, જેથી વિદ્યાર્થીઓમાં સંસ્કાર, રાષ્ટ્રભાવ અને સામાજિક સમરસતા વિકસે.

તેમણે કહ્યું કે, ભારતીય સંસ્કૃતિ, ભારતીય ત્તત્વજ્ઞાન, વસુધૈવકુટુંબકમની ભાવના અને સામાજિક સમરસતા પંચ પરિવર્તનના મૂળ આધાર છે. કુટુંબ પ્રબોધન દ્વારા ભારતીય મૂલ્યોની પુનઃસ્થાપના કરવી એ ન્યાસનું મુખ્ય લક્ષ્ય છે. પર્યાવરણ સંરક્ષણ, જાતિ આધારિત ભેદભાવની સમાપ્તિ તથા નાગરિક કર્તવ્યો અંગે જાગૃતિ માટે ન્યાસ સમગ્ર દેશમાં સક્રિય રીતે કાર્ય કરી રહ્યું છે.

ઉલ્લેખનીય છે કે આ ત્રણ દિવસીય કાર્યશાળા શિક્ષા સંસ્કૃતિ ઉત્થાન ન્યાસ, સરદાર વલ્લભભાઈ રાષ્ટ્રીય પ્રૌદ્યોગિકી સંસ્થાન તથા વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના સંયુકત તત્વાવધાન હેઠળ આયોજિત

કરવામાં આવી હતી. જેમાં દેશભરના ૬૦૦થી વધુ શિક્ષાવિદોએ ભાગ લીધો હતો.

**શિક્ષણ મંત્રીનું નિવેદનઃ**

કાર્યશાળાને સંબોધતાં ગુજરાત સરકારના શિક્ષણમંત્રી શ્રી પ્રદ્યુમ્નભાઈ વાજાએ જણાવ્યું કે "નવી શિક્ષણનીતિનો ઉદ્દેશ માત્ર ડિગ્રી આપવાનો નથી, પરંતુ ચારિત્ર્યવાન, સંસ્કારસભર અને આત્મનિર્ભર નાગરિકો તૈયાર કરવાનો છે. શિક્ષણમાં ભારતીય જ્ઞાન પરંપરાનો સમાવેશ કરવો રાષ્ટ્રનિર્માણની દિશામાં મહત્વપૂર્ણ પગલું છે. શિક્ષણ દ્વારા ભારતીય મૂલ્યોને પુનઃસ્થાપિત કરવું આજની સૌથી મોટી આવશ્યકતા છે".

તેમણે જણાવ્યું કે, શૈક્ષણિક સંસ્થાઓને જ્ઞાન સાથે સંસ્કારોના વાહક તરીકે પણ કાર્ય કરવું જોઈએ. ગુજરાત સરકાર રાષ્ટ્રીય શિક્ષણનીતિના અસરકારક અમલ માટે સતત પ્રયત્નશીલ છે. આવા કાર્યક્રમો શિક્ષકોને યોગ્ય દિશા આપે છે.

**આચરણ પરિવર્તનનો આહ્વાનઃ**

ડૉ. કોઠારીએ જણાવ્યું કે, જ્યાં સુધી પરિવારમાં પરિવર્તન નહી આવે ત્યાં સુધી સમાજમાં સ્થાયી પરિવર્તન શક્ય નથી. તેમણે કાર્યકતાઓને માત્ર બૌદ્ધિક ચર્ચા સુધી સીમિત ન રહી પોતાના આચરણમાં પણ પરિવર્તન લાવવાની અપીલ કરી. વધુમાં જણાવ્યું કે, ન્યાસ સમગ્ર દેશમાં શૈક્ષણિક સંસ્થાઓ સાથે મળીને રાષ્ટ્રીય શિક્ષણનીતિ ૨૦૨૦ના અસરકારક અમલ માટે કાર્યકરી રહ્યો છે. 'એક રાષ્ટ્ર એક નામઃ ભારત' અભિયાન અંતર્ગત ૧૦ લાખ હસ્તાક્ષરનું લગભગ પૂર્ણ થયું છે. શ્રીનગરની શાળાઓમાં હિન્દી દિવસ જેવા કાર્યક્રમોનું સફળ આયોજન પણ કરવામાં આવ્યું છે.

**ડૉ. રાજેશકુમારનું ઉદ્બોધનઃ**

કાર્યશાળામાં શિક્ષા સંસ્કૃતિ ઉત્થાન ન્યાસના રાષ્ટ્રીય સહ–સંયોજક ડૉ. રાજેશ્વર કુમારએ જણાવ્યું કે "શિક્ષણનો ઉદ્દેશમાત્ર રોજગાર પૂરત નથી, પરંતુ રાષ્ટ્ર નિર્માણ માટે સશક્ત, સંસ્કારસભર અને વિચારીશીલ નાગરિકો તૈયાર કરવાનો છે" તેમણે કહ્યું કે, ભારતની શિક્ષણ, ભારતીય જ્ઞાન પરંપરાનો સમાવેશ અને જીવન મૂલ્યો આધારિત શિક્ષણ જ દેશને વૈશ્વિક નેતૃત્વ તરફ લઈ જઈ શકે છે.

ડૉ. પરાશે જણાવ્યુ કે શિક્ષા સંસ્કૃતિ ઉત્થાન ન્યાસનું કાર્ય માત્ર શૈક્ષણિક સુધારણા નથી, પરંતુ સાંસ્કૃતિક પુનર્જાગરણનું આંદોલન છે. શિક્ષક સમાજનો શિલ્પકાર છે અને જ્યારે શિક્ષણ જાગૃત થશે ત્યારે રાષ્ટ્ર જાગૃત થશે. તેમણે કહ્યું કે ભારતમાતાને પરમ વૈભવ સુધી પહોંચાડવાનો માર્ગ શિક્ષણથી જ જાય છે અને દરેક શિક્ષાવિદે પોતાની જવાબદારી સમજી લેવી જરૂરી છે.

**કાર્યશાળાની માહિતીઃ**

કાર્યશાળાની માહિતી આપતાં જયેન્દ્ર જાદવે જણાવ્યું કે આ કાર્યશાળામાં "એક રાષ્ટ્ર એક નામ ભારત" અભિયાનને અમલમાં મૂકનારા ૨૩ વિશ્વવિદ્યાલયઓને સન્માનિત કરવામાં આવ્યાં. કાર્યશાળામાં ૩૫થી વધુ વિશ્વવિદ્યાલયો અને શૈક્ષણિક સંસ્થાઓના કુલપતિઓ અને નિર્દેશકો હાજર રહ્યા, જેમાં મુખ્યરૂપે ગુરુ ઘાસીદાસ વિશ્વવિદ્યાલય, બિલાસપુરના કુલપતિ પ્રો. આલોક ચક્રવાલ, સમ્રાટ વિક્રમાદિત્ય વિશ્વવિદ્યાલયના કુલપતિ પ્રો. અર્પણ ભારદ્વાજ, અવધેશ પ્રતાપ સિંહ વિશ્વવિદ્યાલયના કુલપતિ ડૉ. રાજેન્દ્ર કુરારિયા, ઝારખંડ રાય વિશ્વવિદ્યાલયની કુલાધિપતિ ડૉ. સવિતા સેંગર આદિનો સમાવેશ થાય છે. આ પછી ન્યાસની વિષયવાર બેઠકો યોજાઈ. જેમાં આગામી યોજનાઓ પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી.

## રાણી અબ્બક્કાદેવી પર(બાવન)માં યુવા મહોત્સવનો ભવ્ય આરંભ





























વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરત દ્વારા પર (બાવન)મો રાણી અબ્બક્કાદેવી યુવા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. મહોત્સવમાં મુખ્ય અતિથિરૂપે ગુજરાત સરકારશ્રીના માનનીય મંત્રીશ્રી ડૉ. જયરામભાઈ ગામીત ઉપસ્થિત રહ્યા હતા. આ યુવા મહોત્સવનું આયોજન કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાની અધ્યક્ષતામાં કરવામાં આવ્યું હતું. કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવી અને યુવક કલ્યાણ અને શારીરિક શિક્ષણ વિભાગના વડાશ્રી ડૉ. યોગેશભાઈ વાંસિયા નિમંત્રક રહ્યાં હતા. આ યુવા મહોત્સવ તા. ૨૦–૧૨–૨૦૨૫ થી તા. ૨૩–૧૨–૨૦૨૫ એમ કુલ ૪ દિવસ યોજાયો હતો. આ યુવા મહોત્સવમાં વિશ્વવિદ્યાલય વિસ્તારની કુલ ૨૦ કૉલેજો અને કુલ ૮૭૧ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો તથા લગભગ ૧૫૦૦ વિદ્યાર્થીઓ, શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓએ કળાયાત્રાને નિહાળી હતી. આ યુવા મહોત્વસનું વ્યવસ્થિત અમલીકરણ થાય તે માટે જરૂરિયાત મુજબ ૧૯ સમિતિઓની રચના કરવામાં આવી છે.

યુવા મહોત્સવમાં આ વખતે જુદી જુદી ૩૪ જેટલી સ્પર્ધાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે, જે કુલ મળીને જુદા જુદા ૮ રંગમંચો પર યોજાશે. આ સ્પર્ધાઓમાં સ્કિટ, માઈમ, ફોક ઓરકેસ્ટ્રા, એકાંકી નાટક, લોકગીત, ગરબા, સમૂહ

ગીત, સમૂહ નૃત્ય, હળવું કંઠ્ય સંગીત, વક્તૃત્વ, કાવ્ય પઠન, ડિબેટ, મિમિક્રી, શાસ્ત્રીય નૃત્ય, એક પાત્રીય અભિનય, ક્વીઝ, શાસ્ત્રીય કંઠ્ય સંગીત, શાસ્ત્રીય વાદ્ય સંગીત, રીલ મેકિંગ, ફોટોગ્રાફી, શોર્ટ ફિલ્મ/પાદપૂર્તિ, નવલિકા, ચિત્રકલા, કાર્ટુન મેકિંગ અને કરંટ ઇશ્યુ, પોસ્ટર મેકિંગ, મહેંદી, કોલાજ, રંગોળી, ઇન્સ્ટોલેશન, હસ્તકલા, ક્લે મોડેલિંગ વગેરેનો સમાવેશ થાય છે.

યુવા મહોત્સવના પહેલા દિવસે કળાયાત્રા પૂર્વે વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી, કુલસચિવશ્રી, યુવક કલ્યાણ અને શારીરિક શિક્ષણના વડાશ્રીએ ગાય માતાનું પૂજન કર્યું હતું. ત્યારબાદ સવારે ૮:૦૦ કલાકે કુલપતિશ્રીએ શ્રીફળ વધેર્યું હતું. રંગમંચ–૧ કન્વેન્શન હોલથી કળાયાત્રાનો પ્રારંભ થયો અને રંગમંચ–૨ પર્વમંચ પહોંચી પૂર્ણ થઈ હતી. કળાયાત્રામાં વિશ્વવિદ્યાલયના જુદા જુદા વિભાગો અને વિશ્વવિદ્યાલય સંલગ્ન કોલેજો પૈકી કુલ ૨૦ સંસ્થાઓએ ભાગ લીધો હતો. જેમાં કુલ મળીને ૮૭૧ ઉપરાંત વિદ્યાર્થીઓએ જુદી જુદી પ્રદર્શનીઓ/ઝાંખીઓ સાથે ભાગ લીધો હતો. આ પ્રદર્શનીઓમાં નાગરિક કર્તવ્ય, નારી તું નારાયણી, રાણી અબક્કાદેવીનો જીવન સંદેશ, રાણી અબક્કા દેવીની વીરતા અને સ્વાભિમાન ગાથા, એક રાષ્ટ્ર એક ભારત, નવભારત@ ૨૦૪૭, વંદે માતરમ@૧૫૦, સરદારના સ્વપ્નનું ભારત, સ્વદેશી અપનાવો વિકસિત ભારત બનાવો જેવા વિષયો પર આધારિત પ્રદર્શનીઓ/ઝાંખીઓ વગેરેનો સમાવેશ થતો હતો. કલાયાત્રામાં પ્રદર્શન બાદ રંગમંચ–૨ પર કલાયાત્રામાં ભાગ લીધેલ વિભાગો અને કોલેજો દ્વારા ઉપરોક્ત કૃતિઓની પ્રસ્તુતિ કરવામાં આવી હતી.

આ પ્રસ્તુતિ બાદ એમ્ફી થિયેટર ખાતે બપોરે ૧૧:૩૦ કલાકે યુવક મહોત્સવને ખુલ્લો મૂકવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં સૌપ્રથમ મંચપર બિરાજમાન અને યુવા મહોત્સવના મુખ્ય અતિથિ ગુજરાત સરકારના મંત્રીશ્રી ડૉ. જયરામભાઈ ગામીત, વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી, યુવક કલ્યાણ અને શારીરિક શિક્ષણ વિભાગના વડાશ્રી ડૉ. યોગેશભાઈ વાંસિયા તેમજ અન્ય મહાનુભાવોનો પરિચય આપવામાં આવ્યો હતો. ત્યારબાદ વિશ્વવિદ્યાલયનું ગીતગાન કરી દીપપ્રાગટ્ય વિધિ મંચપર બિરાજમાન ગુજરાત સરકારના માનનીય મંત્રીશ્રી ડૉ. જયરામભાઈ ગામીત, કુલપતિશ્રી, કુલસચિવશ્રી, યુવક કલ્યાણ વિભાગના વડાશ્રી તેમજ અન્ય મહાનુભાવો દ્વારા કરવામાં આવી હતી. ત્યારબાદ કુલસચિવશ્રી દ્વારા મંચપર બિરાજમાન મહેમાનો, વિશ્વવિદ્યાલયના બોર્ડ ઓફ મેમ્બર્સ, એક્ઝિક્યુટિવ કાઉન્સિલના સદસ્યશ્રીઓ, વિશ્વવિદ્યાલયના વિભાગોના વડાઓ, જુદી જુદી કૉલેજોના આચાર્યો, શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓ, વિદ્યાર્થીઓ વગેરેનો શાબ્દિક આવકાર અને સ્વાગત કરવામાં આવ્યું હતું. કુલસચિવશ્રીએ તેમના ટૂંકા પ્રવચનમાં રાણી અબકાદેવીના જીવનની મહત્વપૂર્ણ બાબતો પર પ્રકાશ પાડયો હતો તેમજ તેમણે ગુજરાત સરકારના મંત્રીશ્રી ડૉ. જયરામભાઈ ગામીતના જીવન વિશે પણ ટૂંકી જાણકારી આપી મંચપર બિરાજમાન મહેમાનોનું સ્વાગત કરવામાં આવ્યું હતું. જેમાં સર્વ પ્રથમ કુલપતિશ્રી દ્વારા ગુજરાત સરકારના મંત્રીશ્રીનું મોમેન્ટો અને પુસ્તક દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. કુલપતિશ્રીનું સ્વાગત ડૉ. શ્રીધર નિમાવતે મોમેન્ટો અને પુસ્તક દ્વારા કર્યું હતું. કુલસચિવશ્રીનું સ્વાગત યુવક કલ્યાણ વિભાગના વડા ડૉ. યોગેશભાઈ વાસીયાએ મોમેન્ટો અને પુસ્તક દ્વારા કર્યું હતું. ત્યારબાદ યુવા મહોત્સવના મુખ્ય અતિથિ અને ગુજરાત સરકારના મંત્રીશ્રી દ્વારા પ્રસંગને અનુરૂપ પ્રવચન આપવામાં આવ્યું હતું. જેમાં તેમણે ભારતમાતાના સાથે પ્રવચનનો પ્રારંભ કર્યો હતો. જેમાં તેમણે મંચસ્થ મહેમાનો, ઉદ્ઘાટન સમારંભમાં ઉપસ્થિત શિક્ષકગણ, બિનશૈક્ષણિક કર્મચારીઓ અને વિદ્યાર્થીઓને આવકાર્યા હતા, તેમણે તેમના પ્રવચનમાં વિશ્વવિદ્યાલય સાથેનો તેમનો નાતો, તેમના વિદ્યાર્થી જીવનના સંસ્મરણો, સ્થાનિક આદિવાસી સંસ્કૃતિને પ્રોત્સાહન, યુવક મહોત્સવ દ્વારા વિદ્યાર્થીઓના જીવનમાં સિંચાતા સારા વિચારો, વિદ્યાર્થી જીવનમાં તેમણે વિદ્યાર્થીઓના પ્રશ્નો હલ કરવા માટે કરેલા પ્રયત્નો, સ્થાનિક અને રાષ્ટ્રીય કલાકારોનું ગૌરવ, નવરાત્રી જેવા ઉત્સવની સમગ્ર વિશ્વમાં ઓળખ, સ્વદેશી જીવન મૂલ્યોનું સ્વજીવનમાં અમલીકરણ, ભારતમાં યોજનારી કોમનવેલ્થ રમતોમાં ભાગ લેવો વગેરે બાબતો પર વિચારો વ્યક્ત કર્યા હતા. ત્યારબાદ વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રીએ તેમના વક્તવ્યમાં "યા હોમ કરી પડો ફતેહ છે" આગેના નારા સાથે પોતાના પ્રવચનનો પ્રારંભ કરી મંચસ્થ મહેમાનો અને યુવા મહોત્સવમાં ઉપસ્થિત સૌને આવકાર્યા હતા. જેમાં તેમણે યુવા મહોત્સવમાં ૧૩૪ કરતા વધારે કોલેજો, ૫૪૦૦ કરતા પણ વધારે વિદ્યાર્થીઓએ, ૩૩ કરતા પણ વધારે કૃતિઓમાં ભાગ લીધો છે તે વિશે ધ્યાન દોર્યું હતું. વધુમાં તેમણે સ્વદેશી વિચાર, આત્મનિર્ભર ભારત, સ્થાનિક સંસ્કૃતિને પ્રોત્સાહન, તમામ સુરત વાસીઓને યુવા મહોત્સવમાં ભાગ લેવા આમંત્રણ, ઓર્ગેનિક ઉત્પાદનો વાપરવા, ભારત સરકારના જુદા જુદા વિભાગોનું પ્રદર્શન નિહાળવા, સ્વદેશી મેળામાં ઉપસ્થિત રહેવા જણાવ્યું હતું. પ્રવચનના અંતે કુલપતિશ્રીએ વિધિવત યુવા મહોત્સવને ખુલ્લો મૂક્યો હતો. અંતમાં ડો યોગેશભાઈ વાંસિયા દ્વારા મુખ્ય અતિથિશ્રી, કુલપતિશ્રી કુલસચિવશ્રી, વિશ્વવિદ્યાલયના બોર્ડ ઑફ મૅનેજમૅન્ટ અને ઍક્ઝિક્યુટિવ કાઉન્સિલના સભ્યશ્રીઓ, જુદા જુદા વિભાગોના વડાઓ, આચાર્યશ્રીઓ, અધ્યાપકશ્રીઓ વિદ્યાર્થી મિત્રો, બિન શૈક્ષણિક કર્મચારીઓ, યુવા મહોત્સવ માટે રચાયેલી સમિતિઓના સભ્યશ્રીઓ તેમજ ઉપસ્થિત સૌનો આભાર માની રાષ્ટ્રગીતના ગાન સાથે ઉદ્ઘાટન સમારંભ પૂર્ણ કર્યો હતો.

અંતે કલા યાત્રામાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર કૉલેજો અને વિશ્વવિદ્યાલયના વિભાગોને સન્માનિત કરવામાં આવ્યા હતા. જેમાં પહેલું ઈનામ સાસમા ઈંગ્લીશ મીડિયમ કોમર્સ કોલેજ, સુરત અને હોજીવાલા કૉલેજ, વેસુ, સુરતને મળ્યું હતું. બીજું ઈનામ વિશ્વવિદ્યાલયના આંકડાશાસ્ત્ર વિભાગને ફાળે ગયું હતું. ત્રીજું ઈનામ સંયુક્તરૂપે વિવેકાનંદ કૉલેજ ફોર બીબીએ, સુરત અને સી.કે.પીઠાવાલા કોલેજ ઓફ કોમર્સને ફાળે ગયું હતું. પ્રોત્સાહક ઇનામો વિશ્વવિદ્યાલયના ગુજરાતી વિભાગ અને તુલનાત્મક સાહિત્ય વિભાગ તથા અંબાબા કોમર્સ કોલેજ, સુરતના ફાળે ગયા હતા.

## વિશ્વવિદ્યાલયમાં રાણી અબ્બક્કાદેવી પર(બાવન)મા યુવા મહોત્સવની સ્પર્ધાઓના પ્રથમ દિવસના પરિણામ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરત દ્વારા કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાની અધ્યક્ષતામાં તા. ૨૦–૧૨–૨૦૨૫ થી તા. ૨૩–૧૨–૨૦૨૫ના રોજ પર (બાવન)માં રાણી અબ્બક્કાદેવી યુવા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ યુવા મહોત્સવના પ્રથમ દિવસે જુદી જુદી સ્પર્ધાઓના પરિણામો નીચે મુજબ હતા.

### મિમિક્રી સ્પર્ધા

મિમિક્રી સ્પર્ધાનો આરંભ રંગમંચ–૪ માનવ સંસાધન વિભાગ ખાતે બપોરે ૧૨:૦૦ કલાકે થયો હતો. જેમાં કુલ ૧૦ કોલેજોએ અને કુલ ૧૧ વિદ્યાર્થીઓએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. તેમાંથી ૧૦ કોલેજોએ અને ૦૭ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેનાં પરિણામો નીચે મુજબ હતાં.

| No. | Student Name | College Name | Rank |
|---|---|---|---|
| ૧ | કાવા દિવ્યતા રાજેશભાઇ | એસ.ડી.જૈન કૉલેજ, વેસુ, સુરત. | પ્રથમ |
| ૨ | બલદાણિયા ભાર્ગવ અશોકભાઇ | આટ્ર્સ, સાયન્સ એન્ડ કોમર્સ કોલેજ, ખોલવાડ. | દ્વિતીય |
| ૩ | દ્વિવેદી આમાં વિષ્ણુકુમાર | એસ.ડી. જૈન પલસાણા. | તૃતિય |



### શીઘ્ર ચિત્ર સ્પર્ધા

શીઘ્ર ચિત્ર સ્પર્ધાનો આરંભ રંગમંચ–૭ ઇન્ડોર સ્વિમિંગ પુલ ખાતે બપોરે ૧૨:૦૦ કલાકે થયો હતો. જેમાં કુલ ૬૨ કોલેજોએ અને કુલ ૮૩ વિદ્યાર્થીઓએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. જેનાં પરિણામો નીચે મુજબ હતાં.

| No. | Student Name | College Name | Rank |
|---|---|---|---|
| ૧ | આદિશ જૈન | એસ.ડી.જૈન કૉલેજ, વેસુ, સુરત. | પ્રથમ |
| ૨ | અકોલિયા મોનિકા | ડિપાર્ટમેન્ટ ઑફ ફાઇન આર્ટસ, વી.ન.દ.ગુ.યુ., સુરત. | દ્વિતીય |
| ૩ | જૈસવાલ સૂરજ | કે.બી.સુમેરિયા કોમર્સ અને નટરાજ પ્રોફેશનલ સાયન્સ કૉલેજ, વાપી. | તૃતિય |






### રીલ મેકિંગ સ્પર્ધા

રીલ મેકિંગ સ્પર્ધાનો આરંભ રંગમંચ–૬ ગુજરાતી વિભાગ ખાતે બપોરે ૧૨ કલાકે થયો હતો. જેમાં આશરે ૨૮ કોલેજોએ અને કુલ ૨૬ વિદ્યાર્થીઓએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. જેનાં પરિણામો નીચે મુજબ હતાં.

| No. | College Name | Rank |
|---|---|---|
| ૧ | શેઠ પી.ટી.મહિલા કૉલેજ ઓફ આર્ટસ એન્ડ હોમ, સાયન્સ, સુરત. | પ્રથમ |
| ૨ | એસ.ડી.જૈન કૉમર્સ કોલેજ, વેસુ, સુરત. | દ્વિતીય |
| ૩ | બી.પી. બારૈયા સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, નવસારી. | તૃતિય |

### સ્કિટ સ્પર્ધા

સ્કિટ સ્પર્ધાનો આરંભ રંગમંચ–૧ કન્વેન્શન હોલ ખાતે બપોરે ૧૨ કલાકે થયો હતો. જેમાં આશરે ૨૨ કોલેજોએ અને કુલ ૧૮૩ વિદ્યાર્થીઓએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. જેનાં પરિણામો નીચે મુજબ હતાં.

| No. | College Name | Rank |
|---|---|---|
| 1 | J.Z.Shah Arts & H.P.Desai Commerce College, Amroli, Surat. | First |
| 2 | Sheth C.D. Barfiwala Commerce College, Katargam, Surat. | Second |
| 3 | D.R.Patel & R.B.Patel Commerce College, Bharthana, Surat. | Third |



## માઈમ સ્પર્ધા

માઈમ સ્પર્ધાનો આરંભ રંગમંચ–૧ કન્વેન્શન હોલ ખાતે સાંજે ૪ કલાકે થયો હતો. જેમાં આશરે ૧૪ કૉલેજોએ અને કુલ ૧૧૨ વિદ્યાર્થીઓએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. જેનાં પરિણામો નીચે મુજબ હતાં.

| No. | College Name | Rank |
|---|---|---|
| 1 | R.V.Patel Commerce College, Amroli. | First |
| 2 | V.T.C Mahila Arts & Commerce College, Bharuch. | Second |
| 3 | Department of Economics, V.N.S.G.U., Surat. | Third |




## કાર્ટૂન મૅકિંગ ઑન કરંટ ઇશ્યૂ સ્પર્ધા

કાર્ટૂન મેકિંગ ઑન કરંટ ઇશ્યૂનો આરંભ રંગમંચ ૦૭ ઇન્ડોર સ્વિમિંગ પુલ ખાતે સાંજે ૪ કલાકે થયો હતો. જેમાં આશરે ૪૭ કોલેજોએ અને કુલ ૪૭ વિદ્યાર્થીઓએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. જેનાં પરિણામો નીચે મુજબ હતાં.

| No. | College Name | Rank |
|---|---|---|
| 1 | Department of Mathematics, VNSGU, Surat. | First |
| 2 | SPB English Medium College , Surat. | Second |
| 3 | P.T.Science Sarvajanik College,Surat. | Third |




## લોકગીત સ્પર્ધા

લોકગીત સ્પર્ધાનો આરંભ રંગમંચ–૨ પર્વમંચ ખાતે બપોરે ૧૨:૦૦ કલાકે થયો હતો. જેમાં આશરે ૩૩ કોલેજોએ અને કુલ ૧૨૭ વિદ્યાર્થીઓએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. જેનાં પરિણામો નીચે મુજબ હતાં.

| No. | Student Name | College Name | Rank |
|---|---|---|---|
| 1 | Vyasd Arohi Hemangbhai | Department of Journalism and Mass Communication, VNSGU, Surat. | First |
| 2 | Korat Tanvi Ashvinbhai | Prof. V.B.Shah Institute of Management & R.V.Patel College of Commerce (Eng. Med.), V.L. Shah College of Commerce (Guj. Med.), Sutex Bank College of Computer Application & Science, Amroli, Surat. | Second |
| 3 | Gadhvi Avaldan | J.Z.Shah Arts & H.P.Desai Commerce College, Amroli, Surat. | Third |




## ઇન્સ્ટોલેશન સ્પર્ધા

ઇન્સ્ટોલેશન સ્પર્ધાનો આરંભ રંગમંચ–૦૮ સમાજ વિજ્ઞાન ભવન ખાતે બપોરે ૧૨:૦૦ કલાકે થયો હતો. જેમાં આશરે ૧૦ કોલેજોએ અને કુલ ૪૦ વિદ્યાર્થીઓએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. જેનાં પરિણામો નીચે મુજબ હતાં.

| No. | Student Name | College Name | Rank |
|---|---|---|---|
| ૧ | મહારાણા ગણેશ દંડપાની | અંબાબા કોમર્સ કૉલેજ, સાબરગામ. | પ્રથમ |
| | તવાર ખુશી જગદીશ | | |
| | મેંદવાદે સોનલ ઉમેશ | | |
| | મિશ્રા આયુષ વિભવચંદ્ર | | |
| ૨ | ધોધારી ઉર્વશી રમેશ | જે.ઝેડ. શાહ. આર્ટસ કૉલેજ અમરોલી, સુરત. | દ્વિતીય |
| | રાઠોડ તુલસી સુરેશ | | |
| | રાઠોડ વિરલબેન જયેશ | | |
| | વરીયા રૂષિતા મુકેશ | | |
| ૩ | બારોટ કૌશલ રવીભાઈ | શ્રીમદ રાજચંદ્ર વિદ્યાપીઠ ધરમપુર. | તૃતિય |
| | ભગર્યા સચિન ભગુભાઈ | | |
| | બ્રહ્માંકચ્છ વિરલ પંકજ | | |
| | ખાંદ્ર કરણ મોહન | | |





## વકતૃત્વ સ્પર્ધા

વકતૃત્વ સ્પર્ધાનો આરંભ રંગમંચ–૩ અંગ્રેજી વિભાગ ખાતે બપોરે ૧૨:૦૦ કલાકે થયો હતો. જેમાં આશરે ૧૨૧ કોલેજોએ અને કુલ ૧૨૧ વિદ્યાર્થીઓએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. જેનાં પરિણામો નીચે મુજબ હતાં.

| No. | Student Name | College Name | Rank |
|---|---|---|---|
| 1 | Shekh Motufel Nasir | Sir K.P. Commerce College, Surat. | First |
| 2 | Kanabar Twinkle Dinesh Bhai | S.D.Jain International College, Palsana. | Second |
| 3 | Shah Kahani Jigneshbhai | Department of Journalism and Mass Communication, VNSGU, Surat. | Third |




## સ્પોટ ફોટોગ્રાફી સ્પર્ધા

સ્પોટ ફોટોગ્રાફી સ્પર્ધાનો આરંભ રંગમંચ–૬ ગુજરાતી વિભાગ ખાતે સાંજે ૪:૦૦ કલાકે થયો હતો. જેમાં આશરે ૫૦ કૉલેજોએ અને કુલ ૪૧ વિદ્યાર્થીઓએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. જેનાં પરિણામો નીચે મુજબ હતાં.

| No. | Student Name | College Name | Rank |
|---|---|---|---|
| ૧ | કપાડિયા જોય ભુપેન્દ્રકુમાર | ડિપાર્ટમેન્ટ ઑફ ઇન્ટિરિયર ડિઝાઈન, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત. | પ્રથમ |
| ૨ | પટેલ કરીશ રીતેશભાઈ | શ્રીમદ રાજચંદ્ર વિદ્યાપીઠ, ધરમપુર. | દ્વિતીય |
| ૩ | વરદેહ પ્રસિક સિદ્ધારત | સી.બી.પટેલ કમ્પ્યુટર કૉલેજ, ભરથાણા, સુરત. | તૃતિય |

## ક્વિઝ સ્પર્ધા

ક્વિઝ સ્પર્ધાનો આરંભ રંગમંચ–૫ અર્થશાસ્ત્ર વિભાગ ખાતે સાંજે ૪:૦૦ કલાકે થયો હતો. જેમાં ૫૪ કૉલેજોએ અને કુલ ૧૬૫ વિદ્યાર્થીઓએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. જેનાં પરિણામો નીચે મુજબ હતાં.

| No. | College Name | Rank |
|---|---|---|
| 1 | Department of Economics, Veer Narmad South Gujarat University, Surat. | First |
| 2 | Government Arts, Commerce and Science College, Limbayat, Surat. | Second |
| 3 | Department of Physics, Veer Narmad South Gujarat University, Surat. | Third |




## રાણી અબ્બક્કાદેવી ૫૨(બાવન)મા યુવા મહોત્સવની સ્પર્ધાઓના બીજા દિવસના પરિણામ

૫૨ (બાવન)માં રાણી અબ્બક્કાદેવી યુવા મહોત્સવના બીજા દિવસે વિવિધ સ્પર્ધાઓના પરિણામો નીચે મુજબ હતાં.

## ફોક ઓરકેસ્ટ્રા સ્પર્ધા

યુવા મહોત્સવના બીજા દિવસે જુદી જુદી સ્પર્ધાઓનો આરંભ ફૉક ઓરકેસ્ટ્રા રંગમંચ–૧ કન્વેન્શન હોલ ખાતે સવારે ૧૦:૦૦ કલાકે થયો હતો. જેમાં કુલ ૩ કોલેજોએ અને કુલ ૨૭ વિદ્યાર્થીઓએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. તેમાંથી ૩ કોલેજોએ અને ૨૭ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેના જેનાં પરિણામો નીચે મુજબ હતાં.


| No. | College Name | Rank |
|---|---|---|
| ૧ | આર.વી.પટેલ કોમર્સ કૉલેજ, પલસાણા. | પ્રથમ |
| ૨ | એસ.ડી.જૈન કૉલેજ, પલસાણા. | દ્વિતીય |
| ૩ | અગ્રવાલ વિદ્યાવિહાર ઇંગ્લિશ મીડિયમ કૉલેજ, વેસુ. | તૃતિય |



## હસ્તકલા સ્પર્ધા

હસ્તકલા સ્પર્ધાનો આરંભ રંગમંચ-૮ સામાજિક વિજ્ઞાન વિભાગ ખાતે સવારે ૧૦ કલાકે થયો હતો. જેમાં કુલ ૬૩ કૉલેજોએ અને કુલ ૬૩ વિદ્યાર્થીઓએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. તેમાંથી ૪૧ કૉલેજોએ અને ૫૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેનાં પરિણામો નીચે મુજબ હતાં.

| No. | Student Name | College Name | Rank |
|---|---|---|---|
| ૧ | પરમાર ઝીનલબેન ડાહ્યાભાઈ | વિવેકાનંદ કૉલેજ ફોર બી.એડ. જહાંગીરપુરા,સુરત. | પ્રથમ |
| ૨ | માલી મહેન્દ્રભાઈ ઉમારામ | કે.બી.એસ. કોમર્સ એન્ડ સાયન્સ કૉલેજ, વાપી. | દ્વિતીય |
| ૩ | ડાગોદરા ચિરાગભાઈ મહેશભાઈ | ડિપાર્ટમેન્ટ ઓફ ઇકોનોમિકસ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત, યુનિવર્સિટી, સુરત. | તૃતિય |



## પોસ્ટર મેકિંગ સ્પર્ધા

પોસ્ટર મેકિંગ સ્પર્ધાનો આરંભ રંગમંચ-૬ ઇન્ડોર સ્વિમિંગ પુલ ખાતે સવારે ૧૦ કલાકે થયો હતો. જેમાં કુલ ૯૨ કોલેજોએ અને કુલ ૯૨ વિદ્યાર્થીઓએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. તેમાંથી ૬૬ કોલેજોએ અને ૮૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેનાં પરિણામો નીચે મુજબ હતાં.

| No. | Student Name | College Name | Rank |
|---|---|---|---|
| ૧ | પાર્થ ચૌહાણ | સર કે.પી.કોમર્સ કૉલેજ, અઠવાલાઈન્સ, સુરત. | પ્રથમ |
| ૨ | ગૌસ્વામી મિત્તલ | જે.બી.ધારુકાવાલા મહિલા આર્ટસ કૉલેજ, સુરત. | દ્વિતીય |
| ૩ | મહેક વસ્ત્રાપારા | સુટેક્સ કૉલેજ ઑફ કોમર્સ એપ્લાઈડ એન્ડ સાયન્સ, સુરત. | તૃતિય |



## પાદ પૂર્તિ સ્પર્ધા

પાદપૂર્તિ સ્પર્ધાનો આરંભ રંગમંચ-૬ ગુજરાતી વિભાગ ખાતે સવારે ૧૦:૦૦ કલાકે થયો હતો. જેમાં કુલ ૪૩ કોલેજોએ અને કુલ ૪૩ વિદ્યાર્થીઓએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. તેમાંથી ૪૩ કૉલેજોએ અને ૩૮ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેનાં પરિણામો નીચે મુજબ હતાં.

| No. | Student Name | College Name | Rank |
|---|---|---|---|
| ૧ | ઈગ્લે વિકાસ ગૌતમ | વી.ટી.ચોકસી સાર્વજનિક કૉલેજ ઑફ એજ્યુકેશન, અઠવાલાઈન્સ, સુરત. | પ્રથમ |
| ૨ | સીગ વિશ્વજીત મનોજ | એસ.પી.બી.ઈગ્લિશ મીડિયમ કૉલેજ, અઠવાલાઈન્સ, સુરત. | દ્વિતીય |
| ૩ | સાવલિયા મહેક નરેશભાઈ | એમ.ટી.બી. આર્ટસ કૉલેજ, અઠવાલાઈન્સ, સુરત. | તૃતિય |




## શાસ્ત્રીય કંઠગ સંગીત સ્પર્ધા

શાસ્ત્રીય કંઠય સંગીતનો આરંભ રંગમંચ ૦૫ અર્થશાસ્ત્ર વિભાગ ખાતે સવારે ૧૦ કલાકે થયો હતો. જેમાં કુલ ૧૦ કોલેજોએ અને કુલ ૧૦ વિદ્યાર્થીઓએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. તેમાંથી ૦૬ કૉલેજોએ અને ૦૬ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેનાં પરિણામો નીચે મુજબ હતાં.

| No. | Student Name | College Name | Rank |
|---|---|---|---|
| ૧ | શુકલ દેવ રાજેશકુમાર | નર્મદા કૉલેજ ઓફ સાયન્સ એન્ડ કોમર્સ કૉલેજ, ઝાડેશ્વર. | પ્રથમ |
| ૨ | શાહ દિયા આશિષ | સાસકમાં કૉલેજ, સુરત. | દ્વિતીય |
| ૩ | ચૌધરી ડીમ્પલ પ્રકાશ | ડી.આર.પટેલ, આર.બી. પટેલ કોમર્સ કૉલેજ અને નવનિર્માણ ઇન્સ્ટિટ્યૂટ ઑફ મૅનેજમૅન્ટ, ભરથાણા, સુરત | તૃતિય |




## સમૂહ ગીત સ્પર્ધા

સમૂહગીત સ્પર્ધાનો આરંભ રંગમંચ ૦૨ પર્વ મંચ ખાતે સવારે ૧૦ કલાકે થયો હતો. જેમાં કુલ ૨૪ કૉલેજોએ અને કુલ ૧૫૯ વિદ્યાર્થીઓએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. તેમાંથી ૨૦ કૉલેજોએ અને ૧૩૭ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેનાં પરિણામો નીચે મુજબ હતાં.

| No. | College Name | Rank |
|---|---|---|
| ૧ | સી.કે.પીઠાવાલા ઇન્સ્ટિટ્યૂટ ઑફ મૅનેજમૅન્ટ, સુરત. | પ્રથમ |
| ૨ | એસ.ડી. જૈન કૉલેજ, વેસુ, સુરત. | દ્વિતીય |
| ૩ | ડી.આર.બી.કોમર્સ કૉલેજ, સુરત. | તૃતિય |




## રાણી અબ્બક્કાદેવી ૫૨(બાવન)માં યુવા મહોત્સવની સ્પર્ધાઓના બીજા દિવસના રાત સુધીના પરિણામો

## કાવ્ય પઠન સ્પર્ધા

કાવ્યપઠન સ્પર્ધાનો પ્રારંભ રંગમંચ–૩ અંગ્રેજી વિભાગ ખાતે સવારે ૧૦:૦૦ કલાકે થયો હતો. જેમાં કુલ ૯૫ કોલેજોએ અને કુલ ૯૫ વિદ્યાર્થીઓએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. તેમાંથી ૭૩ કૉલેજોએ અને ૯૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેનાં પરિણામો નીચે મુજબ હતાં.

| No. | Student Name | College Name | Rank |
|---|---|---|---|
| ૧ | ભટ્ટ હાર્વી નીતિનકુમાર | શ્રી ઠાકોરભાઈ પટેલ આર્ટસ એન્ડ કોમર્સ કૉલેજ, અંકલેશ્વર. | પ્રથમ |
| ૨ | તમખાને જિતેન્દ્રભાઈ સંતોષભાઈ | વી.ટી.ચોકસી સાર્વજનિક કૉલેજ ઑફ એજ્યુકેશન, સુરત. | દ્વિતીય |
| ૩ | દારેકર કુશાંગી કૈલાશ | એમ.ટી.બી. આર્ટ્સ કૉલેજ, સુરત. | તૃતિય |




## શાસ્ત્રીય નૃત્ય સ્પર્ધા

શાસ્ત્રીય નૃત્ય સ્પર્ધાનો આરંભ રંગમંચ–૪ માનવ સંસાધન વિભાગ ખાતે સવારે ૧૦:૦૦ કલાકે થયો હતો. જેમાં કુલ ૨૩ કૉલેજોએ અને ૨૮ વિદ્યાર્થીઓએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. તેમાંથી ૨૦ કૉલેજોએ અને ૨૪ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેનાં પરિણામો નીચે મુજબ હતાં.

| No. | Student Name | College Name | Rank |
|---|---|---|---|
| ૧ | વૈદ્ય દિશા હિરેનભાઈ | ઝેડ.એફ.વાડિયા અને એન.કે.જોટા મહિલા કૉલેજ ઓફ કોમર્સ, સુરત | પ્રથમ |
| ૨ | ધુપડ કૃતિકા | ડી.આર.પટેલ એન્ડ આર.બી.પટેલ કોમર્સ અને નવનિર્માણ ઇન્સ્ટિટ્યૂટ ઑફ મૅનેજમૅન્ટ, ભરથાણા, સુરત. | દ્વિતીય |
| ૩ | રાધા ગઢવી | એમ.ટી.બી. આર્ટ્સ કૉલેજ, સુરત. | તૃતિય |



## ગરબા સ્પર્ધા

ગરબા સ્પર્ધાનો આરંભ રંગમંચ–૨ પર્વ મંચ ખાતે સવારે ૧૦:૦૦ કલાકે થયો હતો. જેમાં કુલ ૨૭ કૉલેજોએ અને કુલ ૩૯૮ વિદ્યાર્થીઓએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. તેમાંથી ૨૬ કૉલેજોએ અને ૩૧૨ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેનાં પરિણામો નીચે મુજબ હતાં.

| No. | College Name | Rank |
|---|---|---|
| ૧ | સી.બી.પટેલ કોમ્પ્યુટર કૉલેજ અને જમનાબેન નરોત્તમભાઈ મોતીરામ પટેલ સાયન્સ કૉલેજ, ભરથાણા, વેસુ, સુરત. | પ્રથમ |
| ૨ | Prof. V.B. Shah Institute of Management & R.V.Patel College of Commerce (Eng. Med.), V.L.Shah College of Commerce (Guj. Med.), Sutex Bank College of Computer Application & Science, Amroli, Surat. | દ્વિતીય |

| | | |
|---|---|---|
| ૩ | કે.બી.સુમેરિયા કોમર્સ અને નટરાજ પ્રોફેશનલ સાયન્સ કૉલેજ, વાપી. | તૃતિય |
| ૪ | વાણિજ્ય વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરત. | આશ્વાશન ઇનામ |




## શોર્ટ ફિલ્મ સ્પર્ધા

શોર્ટ ફિલ્મ સ્પર્ધાનો આરંભ રંગમંચ–૬ ગુજરાતી વિભાગ ખાતે સવારે ૧૦:૦૦ કલાકે થયો હતો. જેમાં કુલ ૧૫ કૉલેજોએ અને કુલ ૧૫ વિદ્યાર્થીઓએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. તેમાંથી ૧૫ કૉલેજોએ અને ૧૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેનાં પરિણામો નીચે મુજબ હતાં.

| No. | College Name | Rank |
|---|---|---|
| ૧ | શ્રીમદ રાજચંદ્ર વિદ્યાપીઠ, ધરમપુર. | પ્રથમ |
| ૨ | નારણલાલા કૉલેજ ઓફ પ્રોફેશનલ એન્ડ એપ્લાઈડ સાયન્સ, નવસારી. | દ્વિતીય |
| ૩ | ડિપાર્ટમેન્ટ ઓફ ઇન્ટિરિયર, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરત. | તૃતિય |




## મહેંદી સ્પર્ધા

મહેંદી સ્પર્ધાનો આરંભ રંગમંચ–૭ ઇન્ડોર સ્વિમિંગ પુલ ખાતે સાંજે ૪:૦૦ કલાકે થયો હતો. જેમાં કુલ ૧૩૧ કોલેજોએ અને કુલ ૧૩૧ વિદ્યાર્થીઓએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. તેમાંથી ૧૩૧ કોલેજોએ અને ૧૩૧ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેનાં પરિણામો નીચે મુજબ હતાં.

| No. | Student Name | College Name | Rank |
|---|---|---|---|
| ૧ | ગોસ્વામી મિત્તલબેન નરેશગીરી | શ્રી.એસ.જી. પટેલ આર્ટ્સ અને શ્રી પી.કે.દેસાઈ કોમર્સ કૉલેજ, નિઝાર. | પ્રથમ |
| ૨ | માંડવિયા આકૃતિ દિનેશભાઈ | સર.કે.પી.કૉલેજ ઓફ કોમર્સ, સુરત. | દ્વિતીય |
| ૩ | સુરતી દેવાંશી એસ | વાણિજ્ય વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિ., સુરત. | તૃતિય |
| ૪ | વાઘેલા કૌશિક પી. | અખંડ આનંદ આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, વેડ રોડ, સુરત. | આશ્વાશન ઇનામ |



## શાસ્ત્રીય વાદ્ય સંગીત (સ્વર વાદ્ય) સ્પર્ધા

શાસ્ત્રીય વાદ્ય સંગીત (સ્વર વાદ્ય) સ્પર્ધાનો આરંભ રંગમંચ–૫ ઇન્ડોર સ્વિમિંગ પુલ ખાતે સાંજે ૪ કલાકે થયો હતો. જેમાં ૮ કૉલેજોએ અને ૮ વિદ્યાર્થીઓએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. તેમાંથી ૬ કૉલેજોએ અને ૬ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેનાં પરિણામો નીચે મુજબ હતાં.

| No. | Student Name | College Name | Rank |
|---|---|---|---|
| ૧ | પારદી અનિકેત સુધીર | ડી.આર.પટેલ અને આર.બી. પટેલ કોમર્સ કૉલેજ અને નવનિર્માણ ઇન્સ્ટિટ્યૂટ ઑફ મૅનેજમૅન્ટ, ભરથાણા, સુરત. | પ્રથમ |
| ૨ | શાસ્ત્રી વંદિતા એ. | સમાજશાસ્ત્ર વિભાગ, વી.ન.દ.ગુ.યુનિવર્સિટી, સુરત. | દ્વિતીય |
| ૩ | પટેલ પ્રિયા મુકેશભાઈ | વી.એસ.પટેલ કૉલેજ ઓફ આર્ટ્સ એન્ડ સાયન્સ, બીલીમોરા. | તૃતિય |




## શાસ્ત્રીય વાદ્ય સંગીત (તાલવાદ્ય) સ્પર્ધા

શાસ્ત્રીય વાદ્ય સંગીત (તાલવાદ્ય) સ્પર્ધાનો આરંભ રંગમંચ–૫ અર્થશાસ્ત્ર વિભાગ ખાતે સાંજે ૪:૦૦ કલાકે થયો હતો. જેમાં કુલ ૮ કૉલેજોએ અને કુલ ૮ વિદ્યાર્થીઓએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. તેમાંથી ૮ કૉલેજોએ અને ૬ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેનાં પરિણામો નીચે મુજબ હતાં.

| No. | Student Name | College Name | Rank |
|---|---|---|---|
| ૧ | પટેલ ઓમ સુમીરકુમાર | સર.કે.પી.કૉલેજ ઑફ કોમર્સ, સુરત. | પ્રથમ |
| ૨ | મહિડા ઓમકાર હિતેન્દ્ર | અંબાબા કોમર્સ કૉલેજ, મણિબા ઇન્સ્ટિટ્યૂટ ઑફ બિઝનેસ મૅનેજમૅન્ટ એન્ડ દેવીબા ઇન્સ્ટીટ્યુટ ઑફ કોમ્પ્યુટર ઍપ્લિકેશન, સાબરગામ, સુરત. | દ્વિતીય |
| ૩ | રેવર રુદ્ર | અખંડ આનંદ આર્ટસ એન્ડ કોમર્સ કૉલેજ, વેડ રોડ, સુરત. | તૃતિય |




## રાણી અબ્બક્કાદેવી ૫૨(બાવન)માં યુવા મહોત્સવની સ્પર્ધાઓના ત્રીજા દિવસના બપોર સુધીના પરિણામો

### હળવું કંઠય સંગીત સ્પર્ધા

યુવા મહોત્સવના ત્રીજા દિવસે સવારે ૧૦ કલાકે રંગમંચ ૦૨ પર્વ મંચ ખાતે હળવું કંઠય સંગીત સ્પર્ધાનું આયોજન કરાયું હતું. જેમાં કુલ ૩૭ કોલેજોએ અને કુલ ૩૭ વિદ્યાર્થીઓએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. તેમાંથી ૨૭ કોલેજોએ અને ૩૧ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેનાં પરિણામો નીચે મુજબ હતાં.

| No. | Student Name | College Name | Rank |
|---|---|---|---|
| ૧ | પ્રજાપતિ કિરણકુમારી | એસ.ડી.જૈન કોલેજ, પલસાણા. | પ્રથમ |
| ૨ | પ્રજાપતિ હેપ્પી | જે.ઝેડ.શાહ. આર્ટસ કૉલેજ, અમરોલી, સુરત. | દ્વિતીય |
| ૩ | ૧. દેસાઈ વંશી | અગ્રવાલ વિદ્યાવિહાર ઇંગ્લિશ મીડિયમ, વેસુ, સુરત. | તૃતિય |
| | ૨.પટેલ જીયા | ડીપાર્ટમેન્ટ ઓફ કેમેસ્ટ્રી વી.એન.એસ.જી.યુ., સુરત. | |




### ડિબેટ સ્પર્ધા

યુવા મહોત્સવના ત્રીજા દિવસે સવારે ૧૦:૦૦ કલાકે રંગમંચ-૩ અંગ્રેજી વિભાગ ખાતે ડિબેટ સ્પર્ધાનું આયોજન કરાયું હતું. જેમાં કુલ ૫૧ કોલેજોએ અને કુલ ૧૦૨ વિદ્યાર્થીઓએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. તેમાંથી ૪૪ કોલેજોએ અને ૮૮ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેનાં પરિણામો નીચે મુજબ હતાં.

| No. | College Name | Rank |
|---|---|---|
| ૧ | સાસ્કમા કોમર્સ કૉલેજ વેસુ, સુરત. | પ્રથમ |
| ૨ | સર.કે.પી.કૉલેજ ઑફ કોમર્સ, સુરત. | દ્વિતીય |
| ૩ | એસ.ડી.જૈન ઇન્ટરનેશનલ કોલેજ, વેસુ, સુરત. | તૃતિય |




### કોલાજ સ્પર્ધા

યુવા મહોત્સવના ત્રીજા દિવસે સવારે ૧૦ કલાકે રંગમંચ ૦૭ ઇન્ડોર સ્વિમિંગ પુલ ખાતે કોલાજ સ્પર્ધાનું આયોજન કરાયું હતું. જેમાં કુલ ૨૯ કોલેજોએ અને કુલ ૨૯ વિદ્યાર્થીઓએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. તેમાંથી ૨૪ કૉલેજોએ અને ૨૬ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેનાં પરિણામો નીચે મુજબ હતાં.

| No. | Student Name | College Name | Rank |
|---|---|---|---|
| ૧ | શર્મા સંચિતા કે. | ડી.આર.પટેલ અને આર.બી. પટેલ કોમર્સ કૉલેજ અને નવનિર્માણ ઇન્સ્ટિટ્યૂટ ઑફ મૅનેજમૅન્ટ, ભરથાણા, સુરત. | પ્રથમ |
| ૨ | માલધારીયા અર્ચનાબેન એસ. | શ્રીમદ રાજચંદ્ર વિદ્યાપીઠ, ધરમપુર, વલસાડ. | દ્વિતીય |
| ૩ | ચૌધરી જૈનિશકુમાર અશોકભાઈ | ડિસ્ટ્રીક્ટ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઍજ્યુકેશન ટ્રેનિંગ ભેસ્તાન,સુરત. | તૃતિય |



## ક્લે મોડેલિંગ સ્પર્ધા

યુવા મહોત્સવના ત્રીજા દિવસે સવારે ૧૦:૦૦ કલાકે રંગમંચ–૮ સમાજ વિજ્ઞાન ભવન ખાતે ક્લે મૉડેલિંગ સ્પર્ધાનું આયોજન કરાયું હતું. જેમાં કુલ ૪૧ કૉલેજોએ અને કુલ ૪૧ વિદ્યાર્થીઓએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. તેમાંથી ૨૯ કૉલેજોએ અને ૩૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેનાં પરિણામો નીચે મુજબ હતાં.

| No. | Student Name | College Name | Rank |
|---|---|---|---|
| ૧ | મિસ્ત્રી પ્રેમ રાજેશ | નારણલાલા કૉલેજ ઑફ પ્રોફેશનલ એન્ડ એપ્લાઈડ સાયન્સ, નવસારી. | પ્રથમ |
| ૨ | ગિરાશ વિપુલ ગોવિંદસિંહ | ડિપાર્ટમેન્ટ ઑફ ફાઈન આર્ટ્સ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરત. | દ્વિતીય |
| ૩ | રાઠવા રૂપેશભાઈ સેવનભાઈ | સરકારી કૉલેજ, લિંબાયત, સુરત. | તૃતિય |



## રાણી અબ્બક્કાદેવી પર(બાવન)માં યુવા મહોત્સવની સ્પર્ધાઓના ત્રીજા દિવસના રાત સુધીના પરિણામો

## રંગોળી સ્પર્ધા

યુવા મહોત્સવના ત્રીજા દિવસે રંગોલી સ્પર્ધાનો આરંભ સાંજે ૪:૦૦ કલાકે રંગમંચ–૭ ઇન્ડોર સ્વીમીંગ પુલ ખાતે કરાયું હતું. જેમાં કુલ ૯૪ કોલેજોએ અને કુલ ૯૪ વિદ્યાર્થીઓએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. તેમાંથી ૬૦ કોલેજોએ અને ૮૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેનાં પરિણામો નીચે મુજબ હતાં.

| No. | Student Name | College Name | Rank |
|---|---|---|---|
| ૧ | ભાવસાર રિયા સંતોષભાઈ | સ્થાપત્ય, આંતરીક ડિઝાઈન અને ફાઈન આર્ટ્સ વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરત. | પ્રથમ |
| ૨ | બેજનવાલા હર્ષિલ કે. | એસ.ડી.જૈન ઇન્ટરનેશનલ ઈંગ્લિસ મિડિયમ કોમર્સ કોલેજ, વેસુ, સુરત. | દ્વિતીય |
| ૩ | વાલા તીશા આર. | એસ.ડી.જૈન ઇન્ટરનેશનલ ઈંગ્લિસ મિડિયમ કોમર્સ કોલેજ, વેસુ, સુરત. | તૃતિય |



## નવલિકા લેખન સ્પર્ધા

નવલિકા લેખન સ્પર્ધાનો આરંભ સવારે ૧૦:૦૦ કલાકે રંગમંચ–૬ ગુજરાતી વિભાગ ખાતે કરાયો હતો. જેમાં કુલ ૮૬ કૉલેજોએ અને ૮૬ વિદ્યાર્થીઓએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. તેમાંથી ૭૪ કૉલેજોએ અને ૭૪ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેનાં પરિણામો નીચે મુજબ હતાં.

| No. | Student Name | College Name | Rank |
|---|---|---|---|
| ૧ | સાવલિયા મહેક નરેશભાઈ | એમ.ટી.બી.આર્ટ્સ કૉલેજ, સુરત. | પ્રથમ |
| ૨ | ચૌધરી અભયકુમાર કે. | એસ.એમ.ટી. આર.પી.ચૌહાણ આર્ટસ એન્ડ એસ.એમ.ટી.જે.કે. શાહ એન્ડ શ્રી કે.ડી.શાહ કોમર્સ કૉલેજ, વ્યારા. | દ્વિતીય |
| ૩ | યાદવ કાજળ ભોલા | નારણલાલા કૉલેજ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ, નવસારી | તૃતિય |



## એકપાત્રીય અભિનય સ્પર્ધા

એકપાત્રીય અભિનય સ્પર્ધાનો આરંભ સવારે ૧૦:૦૦ કલાકે રંગમંચ–૪ માનવસંસાધન વિભાગ ખાતે કરાયું હતું. જેમાં કુલ ૪૭ કૉલેજોએ અને ૪૭ વિદ્યાર્થીઓએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. તેમાંથી ૪૨ કૉલેજોએ અને ૪૧ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેનાં પરિણામો નીચે મુજબ હતાં.

| No. | Student Name | College Name | Rank |
|---|---|---|---|
| ૧ | પાડવ વૈદહી એસ. | એસ.ડી.જૈન કોમર્સ કોલેજ, વેસુ. | પ્રથમ |
| ૨ | સાવલિયા યશ્વી | વિબીષા ઇન્સ્ટિટ્યૂટ ઑફ મૅનેજમૅન્ટ | દ્વિતીય |
| | પટેલ કેશા | ડિપાર્ટમેન્ટ ઑફ કોમર્સ, વી.એન.એસ.જી.યુ., સુરત. | |
| ૩ | સોમાણી દીપેશ | અંબાબા કોમર્સ કૉલેજ, સાબરગામ | તૃતિય |
| | આનોશ ચીચગર | સાસ્કમા કૉલેજ, સુરત. | |



## એકાંકી નાટક સ્પર્ધા

એકાંકી નાટક અભિનય સ્પર્ધાનો આરંભ સવારે ૧૦ કલાકે રંગમંચ–૧ કન્વેન્શન હોલ ખાતે કરાયું હતું. જેમાં કુલ ૧૪ કૉલેજોએ અને કુલ ૧૨૬ વિદ્યાર્થીઓએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. તેમાંથી ૧૪ કૉલેજોએ અને ૧૨૬ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેનાં પરિણામો નીચે મુજબ હતાં.

| No. | College Name | Rank |
|---|---|---|
| ૧ | જે.ઝેડ.શાહ. આર્ટસ અને એચ.પી.દેસાઈ કૉમર્સ કૉલેજ, અમરોલી, સુરત. | પ્રથમ |
| ૨ | Prof. V.B. Shah Institute of Management & R.V.Patel College of Commerce (Eng. Med.), V.L.Shah College of Commerce (Guj. Med.), Sutex Bank College of Computer Application & Science, Amroli, Surat. | દ્વિતીય |
| ૩ | કે.બી.સુમેરિયા કોમર્સ અને નટરાજ પ્રોફેશનલ સાયન્સ કૉલેજ, વાપી. | તૃતિય |
| | એસ.ડી.જૈન ઇન્ટરનેશનલ કૉમર્સ કોલેજ, વેસુ,સુરત. | |
| ૪ | સી.કે.પીઠાવાલા કૉલેજ ઓફ કૉમર્સ–મેનેજમેન્ટ કમ્પ્યુટર ઍપ્લિકેશન, ડુમસ રોડ, સુરત. | આશ્વાશન ઇનામ |

## સી.સી.મહેતા પ્રાઈઝ બેસ્ટ એકટર–મેલ સ્પર્ધા

| No. | College Name | Student Name | Name of the Play | Name of the Character |
|---|---|---|---|---|
| ૧ | કે.બી.એસ. કૉમર્સ અને નટરાજ પ્રોફેશનલ સાયન્સ કૉલેજ, વાપી. | કરન ગિરાસે | દરજી | કમ્મો |
| ૨ | ગવર્નમેન્ટ સાયન્સ કૉલેજ, વરાછા, સુરત. | દક્ષેશ બધવાની | મૃગજળ | દેવ |

## સી.સી.મહેતા પ્રાઈઝ બેસ્ટ એકટર–ફીમેલ સ્પર્ધા

| No. | College Name | Student Name | Name of the Play | Name of the Character |
|---|---|---|---|---|
| ૧ | જે.ઝેડ.શાહ. આર્ટસ અને એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલી, સુરત. | પ્રિયાંશી ગલાણી | આહુતિ | કુથીલી |
| ૨ | એસ.એસ.અગ્રવાલ કૉલેજ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ, નવસારી. | યશ્વી | સામલ–અસામલ | પ્રીત |
| ૩ | Prof. V.B. Shah Institute of Mangement & R.V.Patel College of Com. (Eng. Med.), V.L.Shah College of Com. (Guj. Med.), Sutex Bank College of Computer Appl. & Sci., Amroli, Surat. | બુંદા ગજ્જર | ભુધન | મોટી ધરા |
| ૪ | ડી.આર.પટેલ અને આર.બી.પટેલ કોમર્સ કૉલેજ અને નવનિર્માણ ઇન્સ્ટિટયૂટ ઑફ મૅનેજમૅન્ટ, ભરથાણા. | કિરના ખેંગાર | બિરાડ | મા |
| ૫ | એસ.ડી.જૈન ઇર્ન્ટનેશનલ કૉમર્સ કૉલેજ, વેસુ, સુરત. | તનીષા પટેલ | ફેરીટેલ ઓફ ફૂલેન કિંગ | સીબીલીયા |



## કેમેસ્ટ્રી વિભાગમાં ઍડહોક આસિસ્ટન્ટ પીએચ.ડી. થયા



વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરતના કેમેસ્ટ્રી વિભાગમાં ઍડહોક આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકે ફરજ બજાવતા શ્રી રજનીકાંત નરેશભાઈ ઘોઘારીએ Construction of Some N, O and S Containing Bioactive Building Blocks શીર્ષક હેઠળનું સંશોધનકાર્ય સફળતાપૂર્વક પૂર્ણ કર્યું છે. આ સંશોધન તેમણે કેમેસ્ટ્રી વિભાગના નિવૃત્ત પ્રોફેસરશ્રી ડૉ. કિશોર એચ. ચીખલીયાના માર્ગદર્શન હેઠળ પૂર્ણ કર્યું છે.

આ સંશોધન કાર્યમાં પર્યાવરણને અનુકૂળ તથા ખર્ચ–અસરકારક પદ્ધતિઓ દ્વારા જૈવસક્રિય હેટરોસાયક્લિક સંયોજનોના સંશ્લેષણમાં નોંધપાત્ર પ્રગતિ કરવામાં આવી છે. ખાસ કરીને, સસ્તા અને સહેલાઈથી ઉપલબ્ધ કોપર પ્રેરકના ઉપયોગ દ્વારા દવાના સંશ્લેષણને આર્થિક રીતે વધુ ઉપયોગી બનાવે તેની નવી પદ્ધતિઓ વિકસાવવામાં આવી છે, જે આ સંશોધનની અનોખી અને મહત્વપૂર્ણ સિદ્ધિ ગણાય છે અને ઔષધિય રસાયણશાસ્ત્ર ક્ષેત્રે મહત્વપૂર્ણ ફાળો આપે છે. સંશોધન દરમિયાન તેમના પાંચ સંશોધન પત્રો પ્રતિષ્ઠિત આંતરરાષ્ટ્રીય જર્નલોમાં પ્રકાશિત થયા છે. આ સંશોધન કાર્યને વિશ્વવિદ્યાલય દ્વારા માન્યતા આપવામાં આવી છે. તેમની આ સિદ્ધિ બદલ કુલપતિશ્રી, કુલસચિવશ્રી તથા સમગ્ર વિશ્વવિદ્યાલય પરિવારે તેમને શુભેચ્છાઓ પાઠવી છે.

## વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના સંશોધકે રસાયણશાસ્ત્રમાં પી.એચડી. પ્રાપ્ત કરી

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરતના રસાયણશાસ્ત્ર વિભાગના સંશોધક ડૉ. તુષારકુમાર પટેલને રસાયણશાસ્ત્રમાં "ડૉક્ટર ઑફ ફિલોસોફી (પીએચડી)"ની પદવી એનાયત કરવામાં આવી છે. તેમણે પ્રોફેસર ડૉ. પરેશ પારેખના માર્ગદર્શન હેઠળ ૬ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ પોતાની પીએચડી થિસિસ સફળતાપૂર્વક રજૂ કરી હતી.

ડૉ. તુષરકુમાર પટેલનું સંશોધન "Structural Evolution and Aggregation Behaviour of Stimuli-Responsive Block Copolymers in Presence of Diverse Additives" વિષય પર આધારિત છે. તેમના અભ્યાસમાં Tetronics પોલિમર્સનો નવતર ઉપયોગ કરીને વિવિધ એડિટિવ્સના પ્રભાવ હેઠળ માઈસેલ રચના અને સ્વ–સંયોજન વર્તનનો અભ્યાસ કરવામાં આવ્યો છે. આ સંશોધન દ્વારા દવાઓની અસરકારકતા વધારવા અને આડઅસર ઘટાડવા માટે નિયંત્રિત ડ્રગ ડિલિવરી સિસ્ટમના વિકાસમાં મદદ મળશે. આવા પોલિમર આધારિત સિસ્ટમ્સ આરોગ્યસંભાળ, ફાર્માસ્યુટિકલ અને બાયોમેડિકલ ક્ષેત્રે વધુ સુરક્ષિત અને ટકાઉ ઉપચારાત્મક ઉકેલ પૂરાં પાડવામાં સમાજ માટે ઉપયોગી સાબિત થશે. વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા અને કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવીએ શુભેચ્છાઓ પાઠવી.

## માનવ સંસાધન વિકાસ વિભાગના આસિસ્ટન્ટ પ્રોફેસર ભાવના શદરચંદ્ર પટેલ પી.એચડી. થયા

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના માનવ સંસાધન વિકાસ વિભાગના આસિસ્ટન્ટ પ્રોફેસર ડૉ. ભાવેશ વાનપરીયાના માર્ગદર્શન હેઠળ ઉકા તરસાડિયા વિશ્વવિદ્યાલયના બી.વી.પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ મૅનેજમૅન્ટમાં આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકે ફરજ બજાવતા કુમારી ભાવના શદરચંદ્ર પટેલ દ્વારા 'Impact of CSR Mandate on CSR Practices and Perpectives of Stakeholders- A Study of Selected Companies of Gujarat State" ના શીર્ષક હેઠળ મહાશોધ નિબંધની રજૂઆત કરવામાં આવી હતી. આ સંશોધનને વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય દ્વારા માન્યતા આપવામાં આવી છે અને પરિણામે તેમને માનવ સંસાધન વિકાસ વિષયમાં પી.એચ.ડી. ની પદવી એનાયત કરવામાં આવી છે. કંપનીઝ એક્ટ, ૨૦૧૩ની કલમ ૧૩૫ હેઠળ ભારતી ફરજિયાત કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી (CSR) વ્યવસ્થાનો વિશ્લેષણ કરતા આ વ્યાપક સંશોધન અધ્યયનથી ખુલાસો થયો છે કે ૨૦૧૪ પછીથી ૩૦,૦૦૦ થી વધુ કંપનીઓ દ્વારા રૂ. ૧.૮૪ લાખ કરોડથી વધુ ખર્ચ થયા હોવા છતાં, CSRનો વિકાસાત્મક પ્રભાવ ખાસ કરીને સમુદાય સ્તરે અસમાન અને મર્યાદિત રહ્યો છે. આ અભ્યાસ ગુજરાત પર કેન્દ્રિત માઈક્રો–લેવલ, મલ્ટી–સ્ટેકહોલ્ડર અભિગમ અપનાવીને ભારતની CSR અમલવારીનું વિગતવાર એમ્પિરિકલ મૂલ્યાંકન પ્રદાન કરે છે. આ અભ્યાસમાં કંપનીઓ, એનજીઓ, સમુદાયના સભ્યો અને વિકાસ ક્ષેત્રના વ્યવસાયિકો– આ ચાર મુખ્ય હિતધારકોના દૃષ્ટિકોણોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ અભ્યાસ સૈદ્ધાંતિક દૃષ્ટિકોણોને જમીનસ્તરની હકીકતો સાથે જોડીને CSR વિષયક ચર્ચાને આગળ વધારે છે અને કંપનીઓ, એનજીઓ તથા નીતિ નિર્માતાઓને CSR પ્રયત્નોને રાષ્ટ્રીય પ્રાથમિકતાઓ અને સસ્ટેનેબલ ડૅવલપમૅન્ટ ગોલ્સ સાથે સુસંગત બનાવવા માટે વ્યવહારુ માર્ગદર્શન આપે છે. વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના માનનીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા સાહેબ અને કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી સાહેબ દ્વારા તેઓને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

## विकसित भारत में शिक्षा का योगदान विषय पर राष्ट्रीय शैक्षिक कार्यशाला का भव्य शुभारंभ

कार्यकर्ता विकसित भारत शिक्षा अधिष्ठान अधिनियम का गहन अध्ययन कर सुझाव दें – प्रोपंक .ज मित्तल

शिक्षा संस्कृति उत्थान न्यास, नई दिल्ली द्वारा आयोजित तीन दिवसीय राष्ट्रीय शैक्षिक कार्यशाला का भव्य शुभारंभ आज वीर नर्मद दक्षिण गुजरात विश्वविद्यालय, सूरत में हुआ। कार्यशाला का विषय “विकसित भारत में शिक्षा का योगदान” है। इस राष्ट्रीय स्तर की कार्यशाला में देश के विभिन्न राज्यों से 600 से अधिक शिक्षाविद, शिक्षण संस्थानों के प्रमुख, शोधकर्ता आदि सहभागिता कर रहे हैं।

यह कार्यशाला सरदार वल्लभभाई राष्ट्रीय प्रौद्योगिकी संस्थान) SVNIT), सूरत एवं वीर नर्मद दक्षिण गुजरात विश्वविद्यालय के संयुक्त तत्वावधान में आयोजित की जा रही है।

कार्यशाला के उद्घाटन सत्र के मुख्य अतिथि सवानी समूह के अध्यक्ष श्री वल्लभभाई सवानी रहे। उन्होंने अपने उद्बोधन में कहा कि विकसित भारत का सपना केवल आर्थिक उन्नति से नहीं, बल्कि सशक्त, संस्कारवान और मूल्यनिष्ठ शिक्षा व्यवस्था से ही साकार होगा। शिक्षा ही वह माध्यम है जो राष्ट्र के भविष्य का निर्माण करती है।

सारस्वत अतिथि के रूप में प्रोअनुपम शुक्ला ., निदेशक – SVNIT, सूरत, प्रोकिशोर चावड़ा ., कुलपति – वीर नर्मद दक्षिण गुजरात विश्वविद्यालय ने शिक्षा के समसामयिक परिदृश्य, राष्ट्रीय शिक्षा नीति तथा उच्च शिक्षा की भूमिका पर प्रकाश डाला।

न्यास के राष्ट्रीय संयोजक श्री एविनोद ने शिक्षा . का पर प्रकाश डालते हुए कहा संस्कृति उत्थान न्यास की भूमि कि न्यास की शुरुआत शिक्षा बचाओ आंदोलन से हुई थी। आज यह एक राष्ट्रव्यापी आंदोलन बन चुका है। हमारा उद्देश्य शिक्षा को भारतीय मूल्यों से जोड़ते हुए राष्ट्र निर्माण का सशक्त माध्यम बनाना है। उन्होंने कहा कि न्यास शिक्षा के माध्यम से विद्यार्थियों के चरित्र निर्माण, व्यक्तित्व विकास और राष्ट्रभावना को सुदृढ़ करने के लिए सतत कार्य कर रहा है।

शिक्षा संस्कृति उत्थान न्यास की राष्ट्रीय अध्यक्ष एवं भारतीय विश्वविद्यालय संघ की महासचिव प्रोपंकज मित्तल ने . अध्यक्षीय उद्बोधन में कहा 2007 में न्यास की स्थापना के बाद से हमारे कार्यकर्ता पूरे देश में शिक्षा सुधार के लिए जमीनी स्तर पर कार्य कर रहे हैं। राष्ट्रीय शिक्षा नीति 2020 के प्रभावी क्रियान्वयन हेतु न्यास निरंतर सक्रिय है।

उन्होंने जानकारी दी कि केंद्र सरकार द्वारा 'विकसित भारत शिक्षा अधिष्ठान अधिनियम' संसद में प्रस्तुत किया गया है, जिसके अंतर्गत—

विकसित भारत अधिनियम परिषद
विकसित भारत शिक्षा गुणवत्ता परिषद
विकसित भारत शिक्षा मानक परिषद

के गठन का प्रावधान है। उन्होंने सभी कार्यकर्ताओं से आह्वान किया कि वे इस अधिनियम का गंभीर अध्ययन करें, उसके प्रावधानों को समझें और अपने सुझाव केंद्र सरकार को भेजें, ताकि भारत की शिक्षा व्यवस्था को वैश्विक मानकों के अनुरूप विकसित किया जा सके।

कार्यशाला के द्वितीय सत्र में देश के विभिन्न क्षेत्रों से आए प्रतिनिधियों द्वारा संगठनात्मक एवं कार्यक्रमात्मक गतिविधियों की विस्तृत प्रस्तुति दी गई। इसमें न्यास के संगठनात्मक एवं कार्यक्रमात्मक गतिविधियों पर न्यास के क्षेत्र संयोजकों द्वारा प्रस्तुति दी गई। इस सत्र को संबोधित करते हुए न्यास के राष्ट्रीय सचिव डॉ अतुल कोठारी ने कहा कि न्यास द्वारा राष्ट्रीय शिक्षा नीति के क्रियान्वयन की दिशा में अनेक प्रयास किए जा रहे हैं। हम देश के सैकड़ों शिक्षण संस्थाओं के साथ मिलकर इसके क्रियान्वयन पर काम कर रहे हैं। उन्होंने कहा कि पिछले वर्ष न्यास द्वारा एक राष्ट्र एक नाम भारत अभियान की शुरुआत : की थी और देशभर से10 लाख हस्ताक्षर करवाने का संकल्प लिया था और मुझे बताते हुए गौरव की अनुभूति हो रही है कि हम लगभग इस लक्ष्य को पूर्ण कर चुके हैं। इस वर्ष की हमारी विशेष उपलब्धि रही के हमने श्रीनगर के विद्यालयों का एक बड़ा कार्यक्रम आयोजित किया, न्यास देश के हर प्रांत में अपने 11 विषय, 3 आयाम, 3 कार्यविभाग के माध्यम से पहुँच रहा है।

डॉ कोठारी ने कहा कि इस राष्ट्रीय शैक्षिक कार्यशाला में देशभर के प्रत्येक प्रांत से कार्यकर्ता सहभागिता करने सूरत आए हैं। इस कार्यशाला की आयोजन समिति ने यथासंभव प्रयास कर सभी व्यवस्थाओं को सुचारू बनाने का प्रयास किया है। हमें अनुशासन का पालन करते हुए व्यवस्थानुरूप ही व्यवहार करना है। कोई भी कार्यकर्ता जल व भोजन को व्यर्थ नहीं छोड़े इसकी विशेष चिंता करे, क्यूंकि हमारे यहाँ शिक्षक को आचार्य कहा गया है और जो आचरण से सिखाए वही आचार्य होता है।

तृतीय सत्र में न्यास से संबद्ध देशभर के शिक्षण संस्थानों द्वारा किए जा रहे शैक्षिक प्रयोगों, नवाचारों की प्रस्तुतियाँ न्यास के प्रतिमान केंद्रों द्वारा दी गईं। इन प्रस्तुतियों के माध्यम से यह स्पष्ट हुआ कि किस प्रकार न्यास राष्ट्रव्यापी स्तर पर शिक्षा के क्षेत्र में शिक्षण संस्थानों के साथ मिलकर परिवर्तन ला रहा है।

## तीन दिवसीय राष्ट्रीय शैक्षिक कार्यशाला का समापन



राष्ट्रीय शैक्षिक कार्यशाला में एक राष्ट्र एक नाम : भारत सम्मान समारोह  मार्च में रामानुजन पर अंतर्राष्ट्रीय सम्मेलन आयोजित करेगा शिक्षा संस्कृति उत्थान न्यास देश के 23 विश्वविद्यालयों को किया गया सम्मानित

शिक्षा संस्कृति उत्थान न्यास, नई दिल्ली के तत्वावधान में तथा सरदार वल्लभभाई राष्ट्रीय प्रौद्योगिकी संस्थान (SVNIT), सूरत एवं वीर नर्मद दक्षिण गुजरात विश्वविद्यालय के संयुक्त सहयोग से आयोजित तीन दिवसीय राष्ट्रीय शैक्षिक कार्यशाला का आज सफलतापूर्वक समापन हुआ। दिनांक 26 से 28 दिसंबर 2025 तक आयोजित इस कार्यशाला में देश के विभिन्न राज्यों से आए 600 से अधिक शिक्षाविदों, शिक्षकों, शिक्षण संस्थानों के प्रतिनिधियों एवं शिक्षा क्षेत्र से जुड़े विचारकों ने सहभागिता की। तीनों दिनों में राष्ट्रीय शिक्षा नीति 2020 के प्रभावी क्रियान्वयन, भारतीय ज्ञान परंपरा के पुनर्स्थापन, मूल्य आधारित शिक्षा, कौशल विकास, नवाचार, अनुसंधान तथा शिक्षण व्यवस्था में सुधार जैसे विषयों पर गंभीर एवं सार्थक मंथन किया गया।

कार्यशाला के प्रथम दिवस शिक्षा संस्कृति उत्थान न्यास की संगठनात्मक व कार्यक्रमात्मक गतिविधियों का वृत्त निवेदन भी सभी क्षेत्रों द्वारा किया गया तथा न्यास के चयनित प्रतिमान केन्द्रों की प्रस्तुति भी की गई। गुजरात संगीत नाट्य अकादमी के कलाकारों के द्वारा मंत्रमुग्ध करने वाली प्रस्तुति दी गई। कार्यशाला के द्वितीय दिवस विषयवार बैठकें संपन्न हुई, साथ ही विकसित भारत हेतु शिक्षा विषय पर प्रस्ताव भी सभा के समक्ष रखा गया, जिसपर देशभर से आए कार्यकर्ताओं ने अपना मत रखा।

कार्यक्रम के तृतीय दिवस सर्वसम्मति से प्रस्ताव पारित किया गया तथा क्षेत्रीय बैठकें आयोजित की गई जिसमे क्षेत्र की संगठनात्मक स्थिति पर चर्चा हुई इसके पश्चात न्यास के राष्ट्रीय कोषाध्यक्ष श्री सुरेश गुप्ता ने नवीन घोषणाएँ सभी के समक्ष की जिसमें प्रमुख रूप से श्री ओम शर्मा न्यास के नए राष्ट्रीय सह संयोजक होंगे। साथ ही सविता सेंगर न्यास की वैधानिक सह-सचिव होंगी।

कार्यशालाओं के विभिन्न सत्रों में संबोधित करते हुए शिक्षा संस्कृति उत्थान न्यास के सचिव डॉ. अतुल कोठारी ने कहा कि भारत को विकसित राष्ट्र बनाने के लिए शिक्षा को भारतीय मूल्यों, संस्कृति और जीवन दृष्टि से जोड़ना आवश्यक है। उन्होंने राष्ट्रीय शिक्षा नीति 2020 को भारत की शिक्षा व्यवस्था में ऐतिहासिक परिवर्तन लाने वाला कदम बताते हुए उसके प्रभावी क्रियान्वयन पर बल दिया। उन्होंने आगे कहा कि राष्ट्र के पुनर्निर्माण के लिए पंच परिवर्तन अत्यंत आवश्यक है। यह कोई नया विषय नहीं है, बल्कि भारतीय जीवन पद्धति का मूल तत्व है, जिस पर न्यास और संघ परिवार निरंतर कार्य कर रहे हैं।

डॉ कोठारी ने कहा कि न्यास द्वारा राष्ट्रीय शिक्षा नीति के क्रियान्वयन की दिशा में अनेक प्रयास किए जा रहे हैं। हम देश के सैकड़ों शिक्षण संस्थाओं के साथ मिलकर इसके क्रियान्वयन पर काम कर रहे हैं। उन्होंने कहा कि पिछले वर्ष न्यास द्वारा एक राष्ट्र एक नाम : भारत अभियान की शुरुआत की थी और देशभर से 10 लाख हस्ताक्षर करवाने का संकल्प लिया था और मुझे बताते हुए गौरव की अनुभूति हो रही है कि हम लगभग इस लक्ष्य को पूर्ण कर चुके हैं। इस वर्ष की हमारी विशेष उपलब्धि रही के हमने श्रीनगर के विद्यालयों का एक बड़ा कार्यक्रम आयोजित किया, न्यास देश के हर प्रांत में अपने 11 विषय, 3 आयाम, 3 कार्यविभाग के माध्यम से पहुँच रहा है।

समापन सत्र को संबोधित करते हुए डॉ कोठारी ने कहा कि हमें न्यास का लक्ष्य और स्वयं का लक्ष्य एक बनाना होगा। न्यास के

सभी कार्यकर्ताओं से अपेक्षा है कि वे अपने जीवन में शिक्षा परिवर्तन के इस महाभियान को प्राथमिकता दें। हमें पंच परिवर्तन को हमारे जीवन में धारण करना होगा।

कार्यशाला में आगामी योजना के अंतर्गत न्यास आगामी 24-25 जनवरी को दिल्ली में ज्ञान सभा आयोजित की जाएगी, साथ ही 28-29 जनवरी 2026 को इंदौर में, 14-15 फरवरी को गुजरात में, 28 फरवरी व 1 मार्च को छत्तीसगढ़ में तथा 21-22 मार्च को जयपुर में ज्ञान सभा का आयोजित की जाएगी। इसके अतिरिक्त न्यास आगामी 7-8 मार्च को महान गणितज्ञ श्रीनिवास रामानुजन पर अंतरराष्ट्रीय सम्मेलन आयोजित करेगा। आगामी 9, 10 व 11 जनवरी को अंतर्राष्ट्रीय भारतीय भाषा सम्मेलन आयोजित करने जा रहा है। हरिद्वार में 17-19 अप्रैल को चरित्र निर्माण एवं व्यक्तित्व का समग्र विकास विषय पर राष्ट्रीय कार्यशाला आयोजित की जानी है। बता दें कि इस कार्यशाला में 35 से अधिक विश्वविद्यालयों व शैक्षिक संस्थानों के कुलपति व निदेशक उपस्थित थे जिसमें विशेषकर गुरु घासीदास विश्वविद्यालय, बिलासपुर के कुलपति प्रो आलोक चक्रवाल, सम्राट विक्रमादित्य विश्वविद्यालय के कुलपति प्रो अर्पण भारद्वाज, अवधेश प्रताप सिंह विश्वविद्यालय के कुलपति डॉ राजेंद्र कुरारिया।

कार्यशाला का समापन राष्ट्र निर्माण में शिक्षा की केंद्रीय भूमिका को सुदृढ़ करने तथा राष्ट्रीय शिक्षा नीति 2020 के उद्देश्यों को धरातल पर उतारने के संकल्प के साथ हुआ।

## Department of Biotechnology

### માસિક પુસ્તક સમીક્ષા કાર્યક્રમ




વિશ્વવિદ્યાલયના બાયોટેક્નોલોજી વિભાગ દ્વારા તારીખ ૧૩ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાના માર્ગદર્શન હેઠળ 'માસિક પુસ્તક સમીક્ષા કાર્યક્રમનું' સફળતાપૂર્વક આયોજન કર્યું હતું. આ કાર્યક્રમનો ઉદ્દેશ વિદ્યાર્થીઓમાં વાંચનની આદતો, વિવેચનાત્મક વિચારસરણી અને આંતરશાખાકીય શિક્ષણને પ્રોત્સાહિત કરવાનો હતો. આ કાર્યક્રમનું સંચાલન ડૉ. માનસી મહેતાએ કર્યું હતું. આ કાર્યક્રમમાં માઈક્રોબાયોલોજીના અંડરગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓ દ્વારા પ્રસ્તુત બે સમજદાર પુસ્તક સમીક્ષાઓ દર્શાવવામાં આવી હતી.

૧. સુશ્રી પ્રગતિ પાટિલ, સેમેસ્ટર–૪ માઈક્રોબાયોલોજી તેમણે મૂળ એલેનોર પોર્ટર દ્વારા લખાયેલા અને રામા કરિયા દ્વારા ગુજરાતીમાં અનુવાદિત પુસ્તક 'હુ છુ પોલિયાના'ની સમીક્ષા કરી હતી. શ્રીમતી પાટિલે સમકાલીન જીવનમાં પુસ્તકના સંદેશની સુસંગતતા પર પ્રકાશ પાડતા નાયક પોલિયાના દ્વારા દર્શાવવામાં આવેલા આશાવાદ અને સકારાત્મક વિચારના કેન્દ્રીય વિષય પર વિસ્તૃત વર્ણન કર્યું હતું.

૨. શ્રી સક્ષમ તિવારી, સેમેસ્ટર–૪ માઈક્રોબાયોલોજી તેમણે ભારતના પ્રારંભિક ઇતિહાસ, સંસ્કૃતિ અને સાંસ્કૃતિક વિકાસની ઝાંખી આપતા પુસ્તક 'ભારતનો પ્રાચીન ભૂતકાળ'ની સમીક્ષા કરી હતી. તેમની પ્રસ્તુતિએ ભારતના સમૃદ્ધ વારસાની પ્રશંસા કરવા માટે ઐતિહાસિક પાયાને સમજવાના મહત્વ પર ભાર મૂક્યો હતો.

ફેકલ્ટી સભ્યો અને વિદ્યાર્થીઓએ આ કાર્યક્રમમાં સક્રિયપણે ભાગ લીધો હતો, જે તેને એક આકર્ષક અને બૌદ્ધિક રીતે ઉત્તેજક સત્ર બનાવે છે. પ્રસ્તુતકર્તાઓ માટે પ્રશંસાના શબ્દો અને વિદ્યાર્થીઓને ભવિષ્યની સાહિત્યિક અને શૈક્ષણિક પહેલોમાં સક્રિયપણે ભાગ લેવા માટે પ્રોત્સાહન સાથે કાર્યક્રમનું સમાપન થયું હતું.

## Department of Comparative Literature

### "साड़ी डे"




वीर नर्मद दक्षिण गुजरात विश्वविद्यालय, सूरत के तुलनात्मक साहित्य विभाग के छात्रों द्वारा आयोजित पारंपरिक परिधान २०२५ समारोह तुलनात्मक साहित्य के सांस्कृतिक आयामों को उजागर करता है। विभागाध्यक्ष डॉ. मुकेश वसावा और प्राध्यापक गण के मार्गदर्शन में यह आयोजन ३१ दिसम्बर २०२५ को दोपहर १२ से २ बजे तक विभाग परिसर में संपन्न हुआ। जिसमें पारंपरिक वेशभूषा को प्रोत्साहन देकर सांस्कृतिक एकता पर बल दिया गया। यह समारोह गुजराती, हिंदी, संस्कृत एवं अन्य भारतीय साहित्यों में संस्कृति के चित्रण की तुलना को प्रेरित करता है, जहां विक्रम संवत् की चैत्र प्रतिपदा से लेकर आधुनिक कैलेंडर आधारित उत्सव तक सांस्कृतिक एकता को दिखाता है। सांस्कृतिक महत्व समारोह साहित्यिक परिप्रेक्ष्य में नई शुरुआत, आशा एवं सामूहिकता का प्रतीक है।

विश्वविद्यालय का यह आयोजन साहित्य से जुड़ाव को दर्शाता है, जो तुलनात्मक अध्ययन का आधार बनता है। पारंपरिक वेशभूषा (महिलाओं के लिए साड़ी–सूट, पुरुषों के लिए कुर्ता–पायजामा) साहित्यिक वर्णनों से मेल खाती है, जो सांस्कृतिक धरोहर को जीवंत करती है। कुल मिलाकर, यह समारोह भारतीय संस्कृति को उजागर करता है।

## “वृक्षारोपण”



वीर नर्मद दक्षिण गुजरात विश्वविद्यालय, सूरत के तुलनात्मक साहित्य विभाग द्वारा दिनांक ३१ दिसम्बर २०२५, बुधवार को प्रातः ११:३० बजे वृक्षारोपण कार्यक्रम का आयोजन किया गया। मुख्य अतिथि के रूप में शासकीय कला एवं वाणिज्य महाविद्यालय, सोनगढ़ के प्राचार्य डॉ. राजेश पटेल साहब, डॉ. महेश पटेल साहब एवम तुलनात्मक साहित्य विभाग के अध्यक्ष डॉ. मुकेश वसावा साहब के नेतृत्व में सभी शिक्षकों और छात्रों ने विभाग के प्रांगण व आसपास के क्षेत्रों में नीम, आम, और पीपल जैसे औषधीय पौधे लगाए। इस पहल का उद्देश्य पर्यावरण संरक्षण और जागरूकता बढ़ाना था, और सभी को पौधों की देखभाल की शपथ दिलाई गई।

छात्रों को पर्यावरण के प्रति जागरूक करने के लिए छोटे–छोटे पौधे रोपे गए। मुख्य अतिथि ने बताया कि वृक्ष जीवन का आधार हैं, जो ऑक्सीजन प्रदान करते हैं, प्रदूषण कम करते हैं और ग्लोबल वार्मिंग जैसी समस्याओं से बचाते हैं। उन्होंने छात्रों को एक–एक पौधा गोद लेने और उसकी सुरक्षा करने की प्रेरणा दी।

कार्यक्रम के अंत में सभी को धन्यवाद दिया गया। इस आयोजन ने छात्रों में प्रकृति के प्रति प्रेम और जिम्मेदारी की भावना को जागृत किया। यह आयोजन एक सफल पहल साबित हुई, जिसका लक्ष्य हरियाली बढ़ाना और स्वच्छ वातावरण बनाना है।

## “भारत रत्न श्री अटल बिहारी वाजपेयी जन्म शताब्दी वर्ष के उपलक्ष्य में कविता पाठ प्रतियोगिता”

वीर नर्मद दक्षिण गुजरात विश्वविद्यालय, सूरत के तुलनात्मक साहित्य विभाग द्वारा दिनांक 17 दिसम्बर 2025, बुधवार को प्रातः 11:30 बजे भारत रत्न श्री अटल बिहारी वाजपेयी जी की जन्म शताब्दी वर्ष के अंतर्गत कविता पाठ प्रतियोगिता का सफल आयोजन किया गया। वीर नर्मद दक्षिण गुजरात विश्वविद्यालय के माननीय कुलगुरु डॉ. किशोरसिंह चावडा साहब की अध्यक्षता में कार्यक्रम संपन्न हुआ। मुख्य अतिथि के रूप में बैंक ऑफ बड़ौदा से अम्बरीश वर्मा, मुख्य प्रबंधक (राजभाषा), सूरत अंचल, तथा विशेष अतिथि के रूप में डॉ. रमेशदान गढ़वी साहब, तुलनात्मक साहित्य विभाग के अध्यक्ष डॉ. मुकेश वसावा साहब, प्रतियोगिता के निर्णायक रूप में डॉ. जे. डी. वणकर साहब, डॉ. नयना चौहान मेम एवं प्रतिस्पर्धी और तुलनात्मक साहित्य विभाग के छात्र उपथित रहे।

कार्यक्रम का प्रारंभ माता सरस्वती के समक्ष दीप–प्रज्वलन से किया गया। अतिथियों का स्वागत पुष्पगुच्छ एवं स्मृति–चिह्न देकर किया गया। कविता पाठ प्रतियोगिता में विश्वविद्यालय के तीन विभाग तथा दश कॉलेजों के विभिन्न विषयों के प्रतिभागियों ने भाग लिया, जिन्होंने श्री अटल बिहारी वाजपेयी की प्रसिद्ध कविताओं सहित देशभक्ति और प्रेरणादायी कविताओं का प्रभावपूर्ण वाचन किया। निर्णायकगण ने उच्चारण, भावाभिव्यक्ति, शारीरिक भंगिमा, विषय की प्रासंगिकता तथा मौलिकता के आधार पर अंक प्रदान किए। जिसमे प्रथम क्रमांक पर पटेल अनुप (नवयुग सायन्स कॉलेज), द्वितीय क्रमांक पर ध्रुवी लालजीभाई पटेल (एस.पी.बी. इंग्लिश मीडियम कॉलेज ऑफ़ कॉमर्स), तृतीय क्रमांक पर तिवारी स्वीटी (तुलनात्मक साहित्य विभाग, वी.न.द.गु.वि. सूरत) को प्रमाणपत्र और धन राशि से पुरस्कृत किया गया। तथा सभी प्रतिभागियों को भागीदारी प्रमाणपत्र देकर प्रोत्साहित किया गया, जिससे छात्रों में विशेष उत्साह देखने को मिला।

कार्यक्रम का मुख्य उद्देश्य विद्यार्थियों में अटल बिहारी वाजपेयी की देशभक्ति, मानवतावादी दृष्टि और काव्य–संवेदना के प्रति रुचि जागृत करना तथा हिंदी साहित्य के प्रति अनुराग को बढ़ाना था। इसके साथ ही विद्यार्थियों में मंच–संचालन, वाचन–कौशल और सृजनात्मक अभिव्यक्ति को प्रोत्साहित करना भी उद्देश्य रहा।

मुख्य अतिथियों ने विद्यार्थियों को संबोधित करते हुए श्री अटल बिहारी वाजपेयी जी के व्यक्तित्व-कृतित्व और उनकी कविता में निहित राष्ट्रभावना पर प्रकाश डाला तथा ऐसी प्रतियोगिताओं को निरंतर आयोजित करने की आवश्यकता पर बल दिया। अध्यक्षीय उद्बोधन में कुलपति महोदय ने कार्यक्रम की सफलता के लिए आयोजकों, बैंक ऑफ बड़ौदा तथा विद्यार्थियों को बधाई दी और हिंदी तथा मातृभाषाओं के संरक्षण-संवर्धन में विश्वविद्यालय की प्रतिबद्धता दोहराई। समग्र रूप से यह प्रतियोगिता विद्यार्थियों में साहित्यिक चेतना, राष्ट्रीय भावना और आत्मविश्वास विकसित करने में अत्यंत सफल सिद्ध हुई।

अंत में डॉ. ज्योति सिंह ने कार्यक्रम में उपस्थित अतिथियों, निर्णायकगण, प्रतिभागियों, अध्यापकगण, कर्मचारीगण एवम् विद्यार्थियों का आभार ज्ञापन कर कार्यक्रम का समापन किया।






## ગીતા જયંતિ મહોત્સવ






વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરતના તુલનાત્મક સાહિત્ય વિભાગ અંતર્ગત તા. ૦૧/૧૨/૨૦૨૫ના રોજ "ગીતા જયંતિ મહોત્વ" કાર્યક્રમની આધ્યાત્મિક વાતાવરણમાં ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમની અધ્યક્ષતા આદરણીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા સાહેબે કરી હતી. ઉપકુલસચિવશ્રી ડૉ. નરેન્દ્ર પટેલ અને તુલનાત્મક સાહિત્ય વિભાગના અધ્યક્ષશ્રી ડૉ. મુકેશ વસાવા પણ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆત દિપ પ્રાગટયથી કરવામાં આવી હતી. પ્રા. વૈભવ શુકલાએ પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું. તેમણે ગીતાના સાંસ્કૃતિક, દાર્શનિક અને આધ્યાત્મિક મહત્વ પર પ્રકાશ પાડયો અને વિદ્યાર્થીઓને આવા કાર્યક્રમોમાં સક્રિય પણે ભાગ લેવા પ્રોત્સાહિત કર્યા.

સંસ્કૃત ભારતીના સક્રિય કાર્યકર્તા શ્રી ભરતભાઈ વ્યાસ આ પ્રસંગે મુખ્ય વકતા હતા. તેમણે પ્રેરણાદાયી ભાષણમાં, તેમણે ભગવદગીતાને ભારતીય સંસ્કૃતિનો પાયો ગણાવ્યો અને કર્મયોગ જ્ઞાનયોગ અને ભક્તિ યોગનું વ્યાપક અર્થઘટન રજૂ કર્યું. તેમણે આધુનિક યુગ માટે ગીતાના સંબંધિત સિદ્ધાંતો સરળ ભાષામાં સમજાવ્યા, જેનાથી શ્રોતઓમાં ઊંડી જિજ્ઞાસા અને ઉત્સાહ જાગ્યો.

કાર્યક્રમ દરમિયાન સંસ્કૃત સેમેસ્ટર–૨ની વિદ્યાર્થીની કુમારી માધવી ગામિતે ગીતાના ૧૫મા અધ્યાયના શ્લોકોનો ખૂબ જ ભાવનાત્મક મુખપાઠ રજૂ કર્યો, જેનાથી ઉપસ્થિત તમામ વિદ્વાનો અને વિદ્યાર્થીઓ પ્રભાવિત થયા. કાર્યક્રમનું સંચાલન ડૉ. અર્ચના પટેલ દ્વારા રચનાત્મક અને અસરકારક રીતે સફળતાપૂર્વક કરવામાં આવ્યું. અંતે ડૉ. વૈશાલી ડોડિયાએ આભારવિધિ દ્વારા કાર્યક્રમનું સમાપન કર્યુ હતું. આ કાર્યક્રમ વિદ્યાર્થીઓ માટે જ્ઞાન, પ્રેરણા અને આધ્યાત્મિક ઉત્થાન માટે એક ઉત્તમ માધ્યમ સાબિત થયો હતો.

## Department of Economics

### યુવા મહોત્સવમાં માઈમ સ્પર્ધામાં તૃતીય ક્રમ પ્રાપ્ત થયો




વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય ખાતે તા. ૨૦/૧૨/૨૦૨૫ થી ૨૩/૧૨/૨૦૨૫નાં રોજ વિશ્વવિદ્યાલયનો ૫૨ (બાવન)મો રાણી અબક્કા દેવી યુવા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતુ જેમાં ૩૧ જેટલી જુદી જુદી કલાત્મક, જ્ઞાનાત્મક અને સંસ્કૃતિક સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં અર્થશાસ્ત્ર વિભાગમાં અભ્યાસ કરતા સેમેસ્ટર–૨ નાં વિદ્યાર્થી દ્વારા માઈમ સ્પર્ધામાં ભાગ લઈ કુલ ૧૬ ટીમમાંથી તૃતીય સ્થાન પ્રાપ્ત કરીને અર્થશાસ્ત્ર વિભાગનું ગૌરવ વધાર્યુ હતું જે બદલ તા. ૨૩/૧૨/૨૦૨૫ના રોજ વિશ્વવિદ્યાલયનાં વિજેશ્રી કાર્યક્રમમાં અર્થશાસ્ત્ર વિભાગમાંથી માઈમ સ્પર્ધામાં ભાગ લેનાર એમ.એ. સેમેસ્ટર–૨ અને ૪નાં વિદ્યાર્થી પીપવત કૌશલ, વઘમશી માનસી, ગોધાણી કિંજલ, ગોહિલ અજયસિંહ, ધોધારી ભૂમિ, મિસ્ત્રી સૂરજ, વિશ્વકર્મા દેવાંગ, ભેડા રવિકુમાર અને પટેલ મૈત્રીને કુલપતિ ડૉ. કિશોરસિંહ ચાવડા અને કુલસચિવ ડૉ. રમેશદાન ગઢવી દ્વારા પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. જે બાદ અર્થશાસ્ત્ર પરિવાર દરેક વિજેતા વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવે છે.

### યુવા મહોત્સવમાં હસ્તકલા સ્પર્ધામાં તૃતીય ક્રમ પ્રાપ્ત થયો




વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય ખાતે તા. ૨૦/૧૨/૨૦૨૫ થી ૨૩/૧૨/૨૦૨૫નાં રોજ વિશ્વવિદ્યાલયનો ૫૨ (બાવન)મો રાણી અબક્કા દેવી યુવા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતુ જેમાં ૩૧ જેટલી જુદી જુદી કલાત્મક, જ્ઞાનાત્મક અને સંસ્કૃતિક સ્પર્ધાઓનું આયોજન

કરવામાં આવ્યું હતું જેમાં અર્થશાસ્ત્ર વિભાગમાં અભ્યાસ કરતા સેમેસ્ટર–૨ નાં વિદ્યાર્થી દ્વારા હસ્તકલા સ્પર્ધામાં ભાગ લઈ કુલ ૪૪ ટીમમાંથી તૃતીય સ્થાન પ્રાપ્ત કરીને અર્થશાસ્ત્ર વિભાગનું ગૌરવ વધાર્યું હતું જે બદલ તા. ૨૩/૧૨/૨૦૨૫ના રોજ વિશ્વવિદ્યાલયનાં વિજેશ્રી કાર્યક્રમમાં અર્થશાસ્ત્ર વિભાગમાંથી હસ્તકલા સ્પર્ધામાં ભાગ લેનાર એમ.એ. સેમેસ્ટર–૨નાં વિદ્યાર્થી ડંગોદરા ચિરાગને કુલપતિ ડૉ. કિશોરસિંહ ચાવડા અને કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવી દ્વારા પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. જે બદલ અર્થશાસ્ત્ર પરિવારે દરેક વિજેતાઓને શુભેચ્છા પાઠવી હતી.

## યુવા મહોત્સવમાં કવિઝ સ્પર્ધામાં પ્રથમ ક્રમ પ્રાપ્ત થયો




વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય ખાતે તા. ૨૦/૧૨/૨૦૨૫ થી ૨૩/૧૨/૨૦૨૫નાં રોજ ૫૨ (બાવન)મો રાણી અબક્કા દેવી યુવા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતુ જેમાં ૩૧ જેટલી જુદી જુદી કલાત્મક, જ્ઞાનાત્મક અને સંસ્કૃતિક સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અર્થશાસ્ત્ર વિભાગમાં અભ્યાસ કરતા સેમેસ્ટર–૨નાં વિદ્યાર્થીઓ દ્વારા ક્વિઝ કોમ્પટીશનમાં ભાગ લઈ કુલ ૫૬ ટીમમાંથી પ્રથમ સ્થાન પ્રાપ્ત કરીને અર્થશાસ્ત્ર વિભાગનું ગૌરવ વધાર્યુ હતું. જે બદલ તા. ૨૩/૧૨/૨૦૨૫નાં રોજ વિશ્વવિદ્યાલયનાં વિજેશ્રી કાર્યક્રમમાં અર્થશાસ્ત્ર વિભાગમાંથી ક્વિઝ કોમ્પ્ટીશનમાં ભાગ લેનાર એમ.એ.સેમેસ્ટર–૨નાં વિદ્યાર્થી ડંગોદરા ચિરાગ, કાપડિયા ઇશા, ભૂવા ઇશાને ડૉ. કુલપતિ ડૉ. કિશોરસિંહ ચાવડા અને કુલસચિવશ્રી ડૉ. આર.સી.ગઢવી દ્વારા પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. જે બદલ અર્થશાસ્ત્ર પરિવાર દરેકને શુભેચ્છા પાઠવે છે.

## 'ફોરમ ઑફ ધી ટીચર ઑફ ઇકોનોમોકિસ'નું ૪૩મું ભવ્ય વાર્ષિક અધિવેશન





વિદ્યાના ધામ સમા વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય (VNSGU), સુરતના અર્થશાસ્ત્ર વિભાગ ખાતે દિનાંક ૧૪–૧૨–૨૦૨૫, રવિવારના શુભ દિવસે જ્ઞાન અને સંવાદના અદ્વિતીય પર્વરૂપે 'ફોરમ ઓફ ધી ટીચર ઓફ ઈકોનોમિક્સ' (Forum of the Teacher of Economics) નું ૪૩મું વાર્ષિક અધિવેશન અત્યંત સફળતા અને ગૌરવ સાથે યોજવામાં આવ્યું હતું. અર્થશાસ્ત્રના અધ્યાપકો, વિદ્વાનો અને વિદ્યાર્થીઓ માટે આ એક શૈક્ષણિક મહાકુંભ સાબિત થયો હતો, જ્યાં સમૃદ્ધ પરંપરાનું સન્માન અને ભાવિ પેઢીને પ્રેરણાનું સિંચન થયું હતું.

### ગૌરવશાળી પરંપરાનો પાયો અને મૂળ મંત્ર:

'ફોરમ ઓફ ધી ટીચર ઓફ ઈકોનોમિક્સ'ની સ્થાપના ઈ.સ. ૧૯૭૦માં અર્થશાસ્ત્રના ક્ષેત્રમાં આદરણીય અને દીર્ઘદૃષ્ટા વિદ્વાન શ્રી બી.વી. મહેતા સાહેબ દ્વારા કરવામાં આવી હતી. આ જ્ઞાનયજ્ઞનો મૂળ મંત્ર ભારતીય સંસ્કૃતિના ઊંડાણ અને આર્થિક ફિલસૂફીને ઉજાગર કરે છે: "सुखस्य मूलं धर्मः । धर्मस्य मूलमर्थः।।" (સુખનું મૂળ ધર્મ છે અને ધર્મનું મૂળ અર્થ એટલે કે આર્થિક સમૃદ્ધિ છે). આ ઉમદા વિચારધારાનેકેન્દ્રમાં રાખીને આ ફોરમ છેલ્લા પાંચ દાયકાથી દક્ષિણ ગુજરાતના અર્થશાસ્ત્રના શિક્ષણમાં અતુલ્ય યોગદાન આપી રહ્યું છે.

### મહાનુભાવોની ગરિમામય ઉપસ્થિતિ:

આ ઐતિહાસિક અને ગૌરવશાળી અધિવેશનમાં અનેક યશસ્વી અને પ્રેરક મહાનુભાવોની ઉપસ્થિતિથી કાર્યક્રમની શોભા વધી હતી. કાર્યક્રમના અધ્યક્ષ તરીકે વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરતના માનનીય કુલપતિશ્રી આદરણીય ડૉ. કિશોરસિંહ ચાવડા સાહેબએ પોતાની વિદ્વતાપૂર્ણ હાજરી આપી હતી.

મુખ્ય અતિથિ તરીકે હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત વિશ્વવિદ્યાલય, પાટણના આદરણીય કુલસચિવશ્રી રોહિત દેસાઈ સાહેબએ શૈક્ષણિક સંગઠન અને સંશોધનની અનિવાર્યતા પર પ્રકાશ પાડયો હતો. આ ઉપરાંત, અર્થશાસ્ત્ર વિષયના સુપ્રસિદ્ધ અને અનુભવી વિદ્વાનો જેવા કે આદરણીય ડૉ. જી.કે. રૂવાલા, જી.એન. જોશી, એમ.બી. દવે, પી.કે. ભટ્ટ, અને ડૉ. કિરણ એમ. પંડયા તથા આર્ટસ ફેકલ્ટીનાં આસોસિયેટ ડીન ડૉ. દિલીપ વરસાણીની વિશેષ ઉપસ્થિતિથી આ મંચની શૈક્ષણિક ગરિમામાં નોંધપાત્ર વધારો થયો હતો.

કાર્યક્રમની સફળતા માટે વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરતના કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવી

સાહેબ દ્વારા પણ એક પ્રેરક સંદેશ દ્વારા પોતાની હૃદયપૂર્વકની શુભેચ્છાઓ પાઠવી હતી. તથા વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયનાં આર્ટસ ફેકલ્ટીનાં ડીન ડૉ. જયંતિભાઈ ચૌધરી અને કોમર્સ ફેકલ્ટી ડીન ડૉ. વિજય જોશી દ્વારા પણ પ્રસ્તુત કાર્યક્રમનાં આયોજન અને કાર્યક્રમની સફળતા અર્થે શુભેચ્છાઓ પાઠવી હતી. આ સમૃદ્ધ અધિવેશનમાં સમગ્ર દક્ષિણ ગુજરાતમાંથી ૧૧૦ જેટલા ઉત્સાહી અધ્યાપકો અને જિજ્ઞાસુ વિદ્યાર્થીઓએ સક્રિયપણે ભાગ લીધો હતો, જે આ ફોરમના વ્યાપ અને લોકપ્રિયતાને દર્શાવે છે.

**ઉદ્‌ઘાટન સત્રનો વિધિવત પ્રારંભ:**

સમગ્ર કાર્યક્રમનો પ્રારંભ સવારે ૦૯:૩૦ કલાકે નોંધણી સત્ર સાથે થયો હતો. ત્યારબાદ, દિવ્ય દીપ પ્રાગટ્ય અને મંગલમય પ્રાર્થના સાથે ઉદ્‌ઘાટન સત્રનો વિધિવત પ્રારંભ કરવામાં આવ્યો. અર્થશાસ્ત્ર વિભાગના સન્માનનીય અધ્યક્ષશ્રીએ સૌ પ્રથમ સૌ મહેમાનો અને પ્રતિભાગીઓનું હાર્દિક શાબ્દિક સ્વાગત કર્યું હતું. તદુપરાંત, પરંપરા મુજબ પુષ્પગુચ્છ અને વિશિષ્ટ સ્મૃતિભેટ દ્વારા તમામ મહાનુભાવોનું ઉમળકાભેર સન્માન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમમાં ડૉ. યોગેશ એન. વાંસિયાએ ઉદ્‌ઘોષક તરીકેની જવાબદારી સહજતા અને પ્રભાવકતા સાથે સંભાળીને કાર્યક્રમમાં જીવંતતા ભરી હતી.

**પૂર્વ અને વર્તમાન પેઢીનું વિશેષ સન્માન:**

આ અધિવેશનનો એક ભાવનાત્મક અને પ્રેરણાદાયી હિસ્સો હતો ય ગુરુજનોનું સન્માન. ફોરમની શરૂઆતમાં અગ્રેસર ભૂમિકા ભજવનાર ડૉ. જી.કે. રૂવાલા સાહેબ અને લાંબા સમય સુધી 'ફોરમ ઓફ ધ ટીચર ઑફ ઈકોનોમિક્સ'ની મહત્વપૂર્ણ જવાબદારી નિષ્ઠાપૂર્વક સંભાળનાર પ્રો. ડૉ. કિરણ એમ. પંડયા સાહેબનું વિશેષ અને હૃદયપૂર્વકનું સન્માન કરવામાં આવ્યું હતું. આ સન્માન તેમની સમર્પિત સેવા અને અમૂલ્ય યોગદાનને બિરદાવવા માટે હતું.

આ ઉપરાંત, અર્થશાસ્ત્રના શિક્ષણ ક્ષેત્રે યોગદાન આપીને નિવૃત્ત થયેલા વરિષ્ઠ અધ્યાપકો, નવી નિમણૂક પામેલા યુવા અધ્યાપકો, તેમજ નવા PhD પદવીધારકો, NET અને GSET જેવી રાજ્ય/રાષ્ટ્રીય કક્ષાની પરીક્ષાઓ સફળતાપૂર્વક ઉત્કૃષ્ટ ગુણવત્તા સાથે ક્વોલીફાઈ કરનાર અધ્યાપકો અને વિદ્યાર્થીઓનું પણ ગૌરવભેર સન્માન કરવામાં આવ્યું હતું. આ સન્માન સમારોહ વર્તમાન અને ભવિષ્યની પેઢી માટે એક અદભૂત પ્રોત્સાહન પૂરું પાડયો હતો.

**વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય વિસ્તારના અધ્યાપકોની અનોખી અને ઉદાર પહેલ:**

આ પ્રસંગે ફોરમ દ્વારા એક અત્યંત મહત્વપૂર્ણ અને પ્રશંસનીય જાહેરાત કરવામાં આવી હતી, જેને દક્ષિણ ગુજરાતના અર્થશાસ્ત્રના અધ્યાપકોની સામૂહિક પ્રતિબદ્ધતા અને ઉદારતાની અનોખી પહેલ કહી શકાય. અર્થશાસ્ત્રના શિક્ષણને પ્રોત્સાહિત કરવાના ઉમદા હેતુથી, વિશ્વવિદ્યાલયમાં એફ.વાય. બી.એ. મેજર અર્થશાસ્ત્ર વિષયમાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને દર વર્ષે પારિતોષિક આપવા માટે, ફોરમે વિશ્વવિદ્યાલયને રૂપિયા ૧,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા એક લાખ પૂરાં)ની રકમ ઉદારતાપૂર્વક અર્પણ કરી હતી. આ પગલું વિદ્યાર્થીઓને અર્થશાસ્ત્રના અભ્યાસ પ્રત્યે વધુ આકર્ષિત કરવા અને મેરિટને પ્રોત્સાહન આપવા માટેનું દૂરંદેશીપૂર્ણ પગલું છે.

**મુખ્ય અતિથિનું પ્રેરક ઉદ્બોધન:**

મુખ્ય અતિથિ તરીકેઉપસ્થિત પાટણ વિશ્વવિદ્યાલયના આદરણીય કુલસચિવશ્રી રોહિત દેસાઈ સાહેબએ પોતાના સચોટ અને પ્રેરક વ્યક્તવ્યમાં 'ફોરમ ઑફ ધ ટીચર ઑફ ઈકોનોમિક્સ' દ્વારા છેલ્લા ચાર દાયકાથી કરવામાં આવી રહેલી શૈક્ષણિક, સંગઠનાત્મક અને સમાજલક્ષી કામગીરીની ભરપૂર પ્રશંસા કરી હતી.

તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, "આવા જીવંત અને અસરકારક મંચો દ્વારા અધ્યાપકો વચ્ચે ખુલ્લા વિચાર વિનિમય, સંશોધન સંસ્કૃતિનું સંવર્ધન અને શૈક્ષણિક ગુણવત્તાનું નિરંતર ઉન્નતીકરણ થાય છે, જે આજના ઝડપથી બદલાતા શૈક્ષણિક પરિદ્રશ્યમાં અનિવાર્ય છે." સાથે જ, તેમણે એક દૂરગામી અપેક્ષા પણ વ્યક્ત કરી હતી કે આવનારા સમયમાં દરેક જિલ્લામાં એક અલગ અને મજબૂત સંગઠનાત્મક માળખું ઊભું કરીને ફોરમની પ્રવૃત્તિઓને વધુ વ્યાપક અને જનકલ્યાણકારી બનાવવામાં આવે.

**યુવા અધ્યાપકો માટે માર્ગદર્શન:**

લાંબા સમય સુધી 'ફોરમ ઓફ ધ ટીચર ઓફ ઈકોનોમિક્સ'ની મૂલ્યવાન જવાબદારીનું કુશળતાપૂર્વક વહન કરનાર પ્રોફેસર કિરણ પંડયા સાહેબએ પોતાના હૃદયસ્પર્શી ઉદ્‌બોધનમાં ખાસ કરીને યુવા અને ઉત્સાહી અધ્યાપકોને સંબોધન કર્યું હતું. તેમણે શૈક્ષણિક જવાબદારીની પવિત્રતા, નિરંતર સંશોધન કાર્યની આવશ્યકતા, વિદ્યાર્થીઓ પ્રત્યેની નિષ્ઠાપૂર્ણ પ્રતિબદ્ધતા તથા પોતાના વિષયની ઊંડાણપૂર્વકની અને આત્મસાત કરેલી સમજ વિકસાવવાની અનિવાર્યતા ઉપર અસરકારક ભાર મૂક્યો હતો. તેમનું માર્ગદર્શન યુવા પેઢી માટે પ્રકાશસ્તંભ સમાન બની રહ્યું હતું.

**કુલપતિશ્રીનું અધ્યક્ષીય પ્રવચન – અર્થશાસ્ત્રનું સામાજિક મહત્વ:**

આ ઉત્કૃષ્ટ અધિવેશનના અધ્યક્ષ તરીકે, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાએ પોતાના દિશાસૂચક અધ્યક્ષીય ઉદ્‌બોધનમાં અર્થશાસ્ત્રના વિષયના મહત્વને ગહનતાથી સમજાવ્યું હતું. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, "અર્થશાસ્ત્ર વિષય માત્ર એક પુસ્તકીય શૈક્ષણિક વિષય નથી, પરંતુ તે સમાજની ગતિ, રાષ્ટ્રના વિકાસ અને લોકકલ્યાણ માટેની નીતિનિર્માણ પ્રક્રિયા સાથે સીધો અને નિર્ણાયક રીતે જોડાયેલો વિષય છે."

તેઓએ સંતોષ અને ગર્વની લાગણી વ્યક્ત કરતાં ઉમેર્યું હતું કે, "અર્થશાસ્ત્ર વિભાગ અને અર્થશાસ્ત્ર વિષયના અધ્યાપકો પાસેથી વિશ્વવિદ્યાલય હંમેશા વિશેષ અને ગુણવત્તાલક્ષી અપેક્ષાઓ રાખે છે અને આજ સુધી આ બંનેએ તેમની તમામ અપેક્ષાઓ પર સો ટકા ખરા ઉતરીને ઉત્કૃષ્ટ કામગીરી બજાવે છે, જે સમગ્ર વિશ્વવિદ્યાલય પરિવાર માટે પરમ ગૌરવની બાબત છે."

**આભારવિધિ અને સત્રોનું સમાપનઃ**

અંતમાં, અર્થશાસ્ત્ર વિભાગના સંનિષ્ઠ અધ્યક્ષ પ્રો. ડો. ગૌરાંગ ડી. રામી દ્વારા નમ્રતાસભર અને સંપૂર્ણ આભાર વિધિ સાથે ઉદ્‌ઘાટન સત્રનું સફળ સમાપન થયું. આભાર વિધિમાં તેમણે સમગ્ર કાર્યક્રમમાં પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે યોગદાન આપનાર તમામનો આભાર માન્યો હતો.

કાર્યક્રમના ઉત્તરાર્ધમાં, અર્થશાસ્ત્ર વિષયના અભ્યાસક્રમ, નવી શિક્ષણનીતિ અંતર્ગત વિષયના સમકાલીન મુદ્દાઓ પર આધારિત જ્ઞાનવર્ધક સત્રો યોજાયા હતા, જેમાં અધ્યાપકોએ પોતાના વિચારો રજૂ કર્યા હતા. ત્યારબાદ તમામ પ્રતિભાગીઓ અને અતિથિઓ માટે પ્રીતિભોજનનું આયોજન કરવામાં આવ્યું હતું.

વર્તમાન સમયના ફોરમના કન્વીનર આદરણીય ડૉ. હેમાલીબેન દેસાઈની આજ્ઞા અને માર્ગદર્શન મુજબ સમગ્ર કાર્યક્રમના આયોજનની સુચારું જવાબદારી ડૉ. મનિષ આર. પટેલ અને વિભાગના ઉત્સાહી ટેમ્પરરી આસિસ્ટંટ પ્રોફેસર્સની સમર્પિત ટીમ જેમાં ડૉ.દિલિપભાઈ ચૌધરી, ડૉ.મેરાભાઈ જમોડ, ડૉ. વૈશાલીબેન ખારવા, સ્મિતાબેન નાઈક, ડૉ. અમિતભાઈ વળવી, ડૉ. અંકિતાબેન નડિયાદરા, ડૉ. ઉર્વિશાબેન માટલિયા તેમજ વહીવટીય સ્ટાફ દ્વારા અત્યંત કુશળતા અને વ્યવસ્થાપક કૌશલ્ય સાથે નિભાવવામાં આવી હતી. અંતે, અધિવેશનના મહત્વપૂર્ણ નિષ્કર્ષો રજૂ કરીને આ અર્થપૂર્ણ અને સફળ અધિવેશનનું સમાપન કરવામાં આવ્યું હતું, જે અર્થશાસ્ત્રના શિક્ષણ ક્ષેત્રે એક નવીન ચેતનાનું સિંચન કરી રહ્યું છે.

## Department of FineArts

### 'જર્ની ટુ ફાઈન આર્ટસ' કેમ્પનું આયોજન











વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના ડિપાર્ટમૅન્ટ ઑફ ફાઈન આર્ટસ દ્વારા વિભાગની સ્થાપનાના ૨૦ વર્ષની શાનદાર ઉજવણીના ભાગરૂપે 'જર્ની ટુ ફાઈન આર્ટસ' શીર્ષક હેઠળ એક વિશેષ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સુરતની વિવિધ શાળાઓમાંથી કલામાં રુચિ ધરાવતા મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કેમ્પ દરમિયાન વિદ્યાર્થીઓ માટે લેન્ડસ્કેપ પેઇન્ટિંગ વર્કશોપનું સુંદર આયોજન કરાયું હતું, જેમાં સહભાગીઓએ કલાની બારીકીઓ શીખવવાની સાથે વિવિધ કલાના પ્રદર્શનો પણ નિહાળ્યા હતા. આ તકે વિદ્યાર્થીઓને ફાઈન આર્ટસ વિષયનું મહત્વ અને આ ક્ષેત્રમાં રહેલી ભવિષ્યની તકો વિશે વિસ્તૃત માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

કાર્યક્રમના અંતે, વિશ્વવિદ્યાલયના આદરણીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડાજીના વરદ હસ્તે સહભાગી વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે કુલપતિશ્રીએ વિદ્યાર્થીઓના સર્જનાત્મકતાને બિરદાવતા તેઓને આગામી પરીક્ષાઓમાં સફળતા માટે હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી અને તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે આર્શીવાદ આપ્યા હતા.

## Department of Public Administration

### પબ્લિક એડમિનિસ્ટ્રેશન વિભાગ દ્વારા 'Integrating Disciplines: E-Governance and Digital Transformation' વિષય પર એક દિવસીય રાષ્ટ્રીય સેમિનારનું આયોજન



વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના પબ્લિક એડમિનિસ્ટ્રેશન વિભાગ દ્વારા PM-USHAના સહયોગથી એક દિવસીય રાષ્ટ્રીય સેમિનારનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં શાસન, ટૅક્નૉલોજી અને સમાજ વચ્ચે બદલાતા સંબંધો પર વિશ્લેષણાત્મક ચર્ચા કરવામાં આવી હતી. ડિજિટલ ટ્રાન્સફોર્મેશન લાભો તેમજ તેની મર્યાદાઓ અંગે ગંભીર અને વિચારપ્રેરક શૈક્ષણિક મંચ ઉપલબ્ધ થયો. સેમિનારનું મુખ્ય આકર્ષક પ્રોફ. અમિત ધોળકિયા, વડા રાજકીય વિજ્ઞાન વિભાગ, મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય ઑફ બરોડા દ્વારા આપવામાં આવેલ વ્યાખ્યાન રહ્યું હતું. પોતાના વિચારો રજૂ કરતા તેમણે જણાવ્યું કે ટૅક્નૉલોજીના વિકાસથી જ્ઞાન અને તકો સુધી પહોંચ ખૂબ વિસ્તરી છે અને આજે તો ગામડાંમાં બેઠેલા વ્યકિતને પણ વિશ્વની અગ્રણી વિશ્વવિદ્યાલયઓ જેવી કે ઑક્સફર્ડ સુધીનું જ્ઞાન પ્રાપ્ત કરી શકાય છે. સાથે સાથે તેમણે આ પણ સ્પષ્ટ કર્યું કે ડિજિટલ પ્રગતિ માત્ર લાભો સુધી સીમિત નથી. એક વખત સર્જાયેલ ડિજિટલ માહિતી સંપૂર્ણપણે ડિલીટ થતી નથી, જે ગોપનીયતા, દેખરેખ અને જવાબદારી જેવા ગંભીર પ્રશ્નો ઉભા કરે છે. ટૅક્નૉલોજીના લાભ અને નુકશાન બંને પાસાઓ પર તેમણે આપેલું સંતુલિત વિશ્લેષણ હાજર સૌએ વખાણ્યું હતું

સેમિનારને ડૉ. ધવલ એ. જોશી દ્વારા આપવામાં આવેલા અભિપ્રાયોથી વધુ સમૃદ્ધિ મળી હતી. તેમણે ટેકનોલોજીકલ નવીનતાઓ કેવી રીતે વહીવટી પ્રક્રિયાઓ અને જાહેર સેવા વ્યવસ્થામાં પરિવર્તન લાવી રહી છે તે અંગે ચર્ચા કરી અને ડિજિટલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર તથા ડેટા આધારિત નિર્ણય પ્રક્રિયાની વધતી ભૂમિકાને રેખાંકિત કરી. ડૉ. હીના મકવાણાએ કાનૂની દૃષ્ટિકોણ રજૂ કરતા ડિજિટલ શાસન સાથે જોડાયેલા નવા નિમયનાત્મક પડકારો તરફ ધ્યાન દોર્યું હતું. તેમણે ડેટા ગોપનીયતા અને સાઈબર સુરક્ષા સંદર્ભે નાગરિકોના અધિકારોનું સંરક્ષણ કેટલુ જરૂરી છે તે બાબત પર ભાર મૂકયો હતો. શૈક્ષણિક ચર્ચાઓ દરમિયાન યોજાયેલ ટૅક્નિકલ સત્રોની અધ્યક્ષતા ડૉ. દીપક જી ભોયે અને ડૉ. મૌસમ ત્રિવેદીએ કરી હતી. બંને અધ્યક્ષોએ ચર્ચાને શૈક્ષણિક શિસ્ત સાથે આગળ વધારી અને પોતાના વિચારોથી સત્રોને વધુ અર્થસભર બનાવ્યા, જેના કારણે સંશોધકો અને ભાગ લેનારાઓ વચ્ચે સઘન બૌદ્ધિક સંવાદ શક્ય બન્યો. વેલેડિક્ટરી સત્રમાં ડૉ. યશોધરા ભટ્ટએ ડિજિટલ ટ્રાન્સફોર્મેશનના આર્થિક અને વહીવટી પ્રભાવ અંગે પોતાના વિચારો રજૂ કર્યા હતા. તેમની સ્પષ્ટ અને વિચારપ્રેરક રજૂઆતથી ઉપસ્થિત સૌ પ્રભાવિત થયા અને ડિજિટલ ગવર્નન્સ કેવી રીતે કાર્યક્ષમતા, પારદર્શકતા અને વિકાસને અસર કરે છે તે બાબત વધુ સ્પષ્ટ બની. આ સેમિનારનું આયોજન જાહેર વહીવટ વિભાગના સામૂહિક પ્રયાસોનું પરિણામ રહ્યું હતું. કાર્યક્રમનું આયોજન વિશ્વવિદ્યાલય પ્રશાસનની સંસ્થાગત માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યુ, જેમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા અને કુલસચિવશ્રી ડૉ. આર.સી.ગઢવીનું માર્ગદર્શન મહત્વપૂર્ણ રહ્યું હતું. સેમિનારનું સંકલન ડૉ. મધુ એમ. થવાની, સંયોજક, પબ્લિક એડમિનિસ્ટ્રેશન વિભાગ દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં વિભાગના અધ્યાપકો શ્રીમતી મમતા મીણા, ડૉ. મમતા ભક્કડ, ડૉ. સ્વાતી દેસાઈ, ડૉ. નીલમ પટેલ અને ડૉ. દીપિકા ગુપ્તા એ સક્રિય સહયોગ આપ્યો હતો. આ એક દિવસીય રાષ્ટ્રીય સેમિનારે શાસનમાં ટેકનોલોજીની બદલાતી ભૂમિકા અંગે ગંભીર વિભારવિમર્શ માટે એક સકારાત્મક શૈક્ષણિક માહોલ ઉભો કર્યો અને ડિજિટલ પરિવર્તનની સંભાવનાઓ સાથે જોડાયેલા નૈતિક, કાનૂની અને સામાજિક પડકારોને સમજવામાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું.

## Department of Sociology

### પી.એચડી. સંશોધન

ડાંગ જિલ્લાના આદિજાતિ સમુદાયમાં રોજગારના સિમિત અવસરો વચ્ચે 'ઉદ્યોગસાહસિકતા' હવે એક વિકલ્પ રૂપે ઊભરી રહી છે. આ પરિવર્તન અને તેના પ્રભાવોને સમજવા માટે "વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરતના સમાજશાસ્ત્ર વિભાગના સોશ્યલ વર્ક વિષયના સંશોધકશ્રી નવીનકુમાર મોહનભાઈ રોહિત દ્વારા ડૉ. બહાદુરસિંહ વસાવાના માર્ગદર્શન હેઠળ "ડાંગ જિલ્લાના આદિજાતિ ઉદ્યોગસાહસિકોની સ્થિતિનો અભ્યાસ" શીર્ષક હેઠળ પીએચ.ડી. સંશોધન અભ્યાસ પૂર્ણ કરેલ છે. કુલ મળીને અભ્યાસ દર્શાવે છે કે, ડાંગની આદિજાતી ઉદ્યોગસાહસિકતા સ્થાનિક સંસાધનો, પરંપરાગત કૌશલ્ય, પરિવારના સહકાર, તેમજ સરકારના યોજનામક અને તાલીમ આધારિત પ્રયાસોના સંયુક્ત પ્રભાવથી વિકસી રહી છે. સંશોધન સૂચવે છે કે, જો ક્ષમતા વિકાસ, નાણાંકીય પહોંચ અને બજાર જોડાણ વધારે મજબૂત બનાવવામાં આવે તો ડાંગ જિલ્લાના આદિજાતિ ઉદ્યોગસાહસિકતા જિલ્લા વિકાસ અને સામાજિક સશક્તિકરણ માટે એક શક્તિશાળી માધ્યમ બની શકે છે.

## Department of Statistics

### One-Week National Faculty Development Program (FDP) on "Exploring Statistical Techniques for Research Using R & JAMOVI"








The Department of Statistics, Veer Narmad South Gujarat University (VNSGU), Surat, successfully organized a One-Week (40 Hours) National Faculty Development Program (FDP) on "Exploring Statistical Techniques for Research Using R & JAMOVI" from 26th November to 2nd December 2025 under the PM–USHA (Soft Component) Scheme. The FDP was inaugurated on 26th November in the esteemed presence of Hon'ble Vice Chancellor Dr. K. N. Chavda sir, who addressed the participants and highlighted the growing importance of statistical tools, data analytics, and open-source platforms in modern research. The Chief Guest, Dr. R. D. Patel sir, Former Head, Department of Statistics, VSNGU, Surat and Registrar, Vanita Vishram Women's University, Surat, emphasized the need for strengthening data literacy and research skills across academic disciplines. Dr. Arti J. Rajyaguru, Head of the Department of Statistics, welcomed all dignitaries and participants, and briefed the gathering about the aims, structure, and expected outcomes of the FDP.

The program received an enthusiastic response with 39 participants from various states across India, including Tamil Nadu, Karnataka and Uttar Pradesh. Participants included faculty members and research scholars from diverse academic and professional backgrounds. The FDP featured expert sessions delivered by renowned resource persons from IITs, state universities, out-of-state universities, as well as industry professionals, providing participants with a comprehensive blend of academic rigor and practical insights. Over the six working days, participants received hands-on training on both R and JAMOVI software and learned a wide range of statistical methods, including descriptive statistics, hypothesis testing, regression, ANOVA, GLM, data visualization, survival analysis, time series analysis, SQC tools, optimization methods, PCA, factor analysis, cluster analysis, and introductory machine learning techniques. Each session included live demonstrations, practical coding, and dataset-driven applications.

A special presentation session was organized where participants showcased their analytical skills by presenting statistical analysis on datasets of their choice. An MCQ-based assessment test was also conducted to evaluate learning outcomes. Participants were provided with resource materials, datasets, and session files for future reference.

The Valedictory Function, held on 2nd December 2025, was graced by Chief Guest Dr. Dharmesh Raykundaliya, Head, Department of Statistics, Sardar Patel University, Anand. Additionally, Dr. N. R. Patel sir, I/C Registrar, VNSGU, honoured the occasion with his presence and motivated the participants with his encouraging words, appreciating their dedication and participation throughout the FDP. Both dignitaries praised department's efforts in promoting modern statistical learning and encouraged participants to apply the acquired skills in their research and teaching practices. Certificates were awarded to participants who successfully completed the FDP. Dr. Arti J. Rajyaguru expressed gratitude to PM–USHA, university authorities, all resource persons, participants, and the organizing committee for their collective contribution. Dr. Shital S. Patel delivered the Vote of Thanks.

The FDP concluded successfully with excellent feedback from participants. It significantly enhanced their ability to perform data analysis using open-source tools and strengthened research-oriented analytical skills. The Department of Statistics, VNSGU, plans to continue organizing such academic and skill-development activities to support the research community.

## મહાવિદ્યાલય સમાચાર

### જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આટ્ર્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલી.

#### 'ડૉ. બાબાસાહેબ આંબેડકર પુણ્યતિથી'એ પુષ્પાંજલિ કાર્યક્રમનું આયોજન





તા. ૨૬/૧૨/૨૦૨૫ને શનિવારના રોજ જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આટ્ર્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીમાં ઇ.ચા.પ્રિ.ડૉ. સેજલબેન એ. દેસાઈના માર્ગદર્શન હેઠળ "ડૉ. બાબાસાહેબ આંબેડકર પુણ્યતિથી"એ પુષ્પાંજલિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાની શુભ શરૂઆત કૉલેજની વિદ્યાર્થીની કુ. સ્નેહાએ પ્રાર્થનાથી કરી હતી. ઈ.ચા.પ્રિ.ડૉ. સેજલબેન એ. દેસાઈએ મહિલાઓને સમાન અધિકાર આપવાનાં ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરજીએ આપેલ પ્રદાન વિષેની માહિતી વિસ્તારથી આપી હતી. કૉલેજની વિદ્યાર્થીની દર્શના કળથિયા દ્વારા SC/ST સેલની માહિતી આપવામાં આવી હતી. સમગ્ર વાતાવરણ આનંદ–ઉત્સાહપૂર્ણ રહ્યું હતું. જેમાં કૉલેજના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનાં ઉદઘોષક તરીકે કૉલેજનાં પ્રાધ્યાપક ડૉ. રાજ એસ. ડુમસિયા દ્વારા તથા કાર્યક્રમનું સંચાલન અને આભારવિધિ પ્રાધ્યાપક વિજયભાઈ એમ. ચૌધરી દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે બધા એક સાથે રાષ્ટ્રગીત ગાઈ કાર્યક્રમની પુર્ણાહુતી કરી.

#### યુવા મહોત્સવમાં કૉલેજની જુદી જુદી સ્પર્ધાઓમાં સિદ્ધિ



વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરત દ્વારા ચાલુ વર્ષે પરમો રાણી અબ્બક્કાદેવી યુવા મહોત્સવ અંતર્ગત જે.ઝેડ.શાહ આર્ટસ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીએ વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો. જે પૈકી સ્કિટ સ્પર્ધામાં પ્રથમ ક્રમે, ઈસ્ટોલેશન સ્પર્ધામાં દ્વિતીય ક્રમે, લોકગીત સ્પર્ધામાં એસ.વાય.બી.એ.નો વિદ્યાર્થી અવલધાત ગઢવી તૃતીય ક્રમે વિજેતા બન્યા હતા. હળવું કંઠય સંગીતમાં ટી.વાય.બી.કોમની વિદ્યાર્થીની કુ. હેપ્પી પ્રજાપતિ દ્વિતીય ક્રમે અને એકાંકી નાટક "આહુતિ" માં પ્રથમ ક્રમે વિજેતા બન્યા. આ ઉપરાંત ચંચી મહેતા એવોર્ડ, ગલાની પ્રિયાંશીને તેમજ શ્રેષ્ઠ દિગ્દર્શક એવોર્ડ વત્સલ શેઠને આપવામાં આવ્યો હતો. વિજેતા ટ્રોફી આદરણિય કુલપતિ શ્રી ડો. કિશોરસિંહ એન ચાવડાના વરદહસ્તે એનાયત કરવામાં આવી હતી. જુદી જુદી સ્પર્ધાઓમાં ભાગ લીધેલ સૌ સ્પર્ધક કલાકારો અને ટીમ મેનેજરશ્રીઓ તથા સમગ્ર કલ્ચરલ ટીમને જીવન જ્યોત ટ્રસ્ટ, ઇ.ચા.આચાર્યશ્રી ડૉ. સેજલબેન એ. દેસાઈ અને અમરોલી કૉલેજ પરિવાર તરફથી ખૂબ ખૂબ અભિનંદન...

#### મણીકર્ણિકા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સરકાર દ્વારા આપતી સહાય માર્ગદર્શન કાર્યક્રમનું આયોજન



તા. ૨૪/૧૨/૨૦૨૫ને બુધવારના રોજ જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આટ્ર્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીમાં ઇ.ચા.આચાર્યશ્રી સેજલ એ દેસાઈના માર્ગદર્શન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ભરતભાઈ સવાણી તથા સંજયભાઈ વઘાસીયા મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના દ્વારા કરવામાં આવી હતી. કૉલેજના ઇન્ચાર્જ પ્રિન્સિપાલ ડૉ. સેજલબેન એ દેસાઈ દ્વારા મહેમાનોનું સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને સરકાર દ્વારા અપાતી સહાય તેમજ આવકના દાખલાનાં ફોર્મ અંગેની વિસ્તારપૂર્વક માહિતી આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં પ્રાધ્યાપક વિજયભાઈ એમ.ચૌધરી, પ્રાધ્યાપક ડૉ. નિહારિકા જાશ તેમજ સમગ્ર NSS ટીમ હાજર રહ્યા હતા. ત્યારબાદ રાષ્ટ્રગાન સાથે કાર્યક્રમને પૂર્ણ કરવામાં આવ્યો હતો.

#### મેક્ષમિડિયા એકેડમી દ્વારા ડીજીટલ એરા પર વર્કશોપ

તા. ૨૬/૧૨/૨૦૨૫ને શુક્રવારના રોજ જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આટ્ર્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીમાં ઇન્ચાર્જ આચાર્યશ્રી સેજલ એ. દેસાઈના માર્ગદર્શન હેઠળ મેક્ષમિડિયા ઍકેડમી દ્વારા

ડીજીટલ એરા પર વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીમિત્રો ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆત કૉલેજના પ્રાધ્યાપક મિલન આર. તલસાનિયા દ્વારા વર્કશોપ તેમજ મહેમાનોના પરિચય આપી કરવામાં આવી હતી. કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને ફોટોગ્રાફી, ફિલ્મમૅકિંગ તેમજ પ્રોફેશનલ વિડિયો ઍડીટીંગ જેવી સ્કીલ શીખવવામાં આવી હતી. કાર્યક્રમની આભારવિધિ કૉલેજના પ્રાધ્યાપક ક્રિષ્નાબેન દેવાની કરવામાં આવી. દરેક વિદ્યાર્થીએ ઉત્સાહપૂર્વક આ વર્કશોપમાં હાજરી આપી હતી.




## શૈક્ષણિક ઇનામ વિતરણ કાર્યક્રમ






તા. ૩૦/૧૦/૨૦૨૫ને મંગળવારના રોજ જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીમાં ઇ.ચા.આચાર્યશ્રી સેજલ એ. દેસાઈના માર્ગદર્શન હેઠળ શૈક્ષણિક ઇનામ વિતરણ સમારંભ રાખવામાં આવ્યો હતો. જેમાં મુખ્ય મહેમાન તરીકે વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિ શ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાસાહેબ જીવન જ્યોત ટ્રસ્ટના પ્રમુખ આદરણીયશ્રી ભરતભાઈ શાહ તેમજ અતિથિ વિશેષ તરીકે માનદ્ મંત્રીશ્રી અશ્વિનભાઈ પટેલ, આચાર્યશ્રી મુકેશભાઈ ગોયાણી, આચાર્યશ્રી કેયુરભાઈ શર્મા, આચાર્યશ્રી દિલીપભાઈ પરમાર, કવિતા દીદીજી, અનુજભાઈ શાહ, વિદ્યાર્થીઓ અને એમના વાલીશ્રીઓ હાજર રહી વિદ્યાર્થીઓને ઇનામો આપી પ્રોત્સાહિત કર્યા હતા.

ઇનામ વિતરણ સમારોહની શુભ શરૂઆત અમરોલી કૉલેજનાં ગીતથી તેમજ એફ.વાય.બી.કોમની વિદ્યાર્થીની અસ્મિતા ભામ્ભાનીયા એ પ્રાર્થનાથી કરી હતી. ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. સેજલબેન એ.દેસાઈ એ સમારોહમાં ઉપસ્થિત સૌ મહેમાનશ્રીઓનો શબ્દ દ્વારા આવકાર આપ્યો હતો અને પ્રસંગોચિત ઉદ્દબોધન આપ્યું હતું અને પ્રા. ભરતભાઈ ડી. પટેલ સાહેબે મહેમાનોનો પરિચય આપ્યો હતો. ઉપસ્થિત સૌ મહેમાનશ્રીઓએ શાબ્દિક સફળતા મેળવવા બદલ વિદ્યાર્થીઓને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા તથા ભવિષ્યમાં એક સારા નાગરિક બનવા માટેનું માર્ગદર્શન આપ્યું હતું.

શૈક્ષણિક ઇનામ વિતરણમાં કુલ ૧૯૩ વિદ્યાર્થીઓએ ઇનામો મેળવ્યા હતા. જેમાં કોમર્સ ફેકલ્ટીનાં ૧૦૯ વિદ્યાર્થી અને આર્ટસ ફેકલ્ટીનાં ૬૭ વિદ્યાર્થીઓ તેમજ પી.એચ.ડી.ના ૧૦ વિદ્યાર્થી એ ઈનામ મેળવ્યા હતા. ઉપરાંત GSETનાં ૦૩ અને NETનાં ૦૪ વિદ્યાર્થીઓ એ ઇનામ મેળવ્યા હતા. સમગ્ર વાતાવરણ આનંદ–ઉત્સાહ પૂર્ણ રહ્યું હતું.

કાર્યક્રમનું સંચાલન શૈક્ષણિક તેમજ વહીવટી સ્ટાફ દ્વારા તેમજ શિલ્ડ વિતરણ સંચાલન શ્રી કિશોરભાઈ સોલંકી અને પ્રા. મિરલબેન કે. ચંદેગરાએ કર્યું હતું તેમજ ઉદ્ઘોષક તરીકેની સેવા પ્રા.ડૉ. બળવંતભાઈ એમ. ઢીમ્મર તેમજ પ્રા.ડૉ.રાજભાઈ ડુમસીયાએ બજાવી હતી અને આભારવિધિ પ્રા. રુદ્રનાથ ડી. ઝહાએ કરી હતી. ઈનામોની જાહેરાત પ્રા. હેમાબેન ડી. દવે, પ્રા. બિંદુબેન એ. ઠાકોર, પ્રા. કનુભાઈ એસ. સુતરીયા, પ્રા. નેહાબેન વી. ઉપાધ્યાય, પ્રા.ડૉ. રીતુ આર. અગ્રવાલ, પ્રા. છાયાબેન યુ. નાયક, પ્રા. જીતેન્દ્ર બી. ચૌધરી, પ્રા.ડૉ.ઝંખનાબેન એલ. પરમાર, પ્રા.ડૉ. મનીષભાઈ એચ. ટેલર, પ્રા. ડૉ. ચિરાગ કે. સિધ્ધપુરિયા, પ્રા. દીપલીબેન આર. સાવલિયા, પ્રા. વિજયભાઈ એમ. ચૌધરી, પ્રા. નરેન્દ્ર બી. બારીયા એ કરી હતી. કાર્યક્રમને અંતે પ્રા. ડૉ. રુસ્તમ સદરી અને શ્રી કિશોરભાઈ આર. સોલંકી દ્વારા રાષ્ટ્રગાન કરાવવામાં આવ્યું હતું. કાર્યક્રમનું આયોજન શિક્ષણ અને વહીવટી સ્ટાફ દ્વારા કરવામાં આવ્યું હતું.

## પ્રો.વી.બી.શાહ ઈન્સ્ટિટયૂટ ઓફ મૅનેજમૅન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઓફ કોમર્સ, વી.એલ.શાહ કૉલેજ ઓફ કોમર્સ, સુટેક્ષ બેંક કૉલેજ ઓફ કમ્પ્યૂટર ઍપ્લિકેશન એન્ડ સાયન્સ, અમરોલી.

### કૉલેજના વિદ્યાર્થીઓએ NICમાં ભાગ લીધો



જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત પ્રો.વી.બી. શાહ ઇન્સ્ટીટ્યૂટ ઑફ મૅનેજમૅન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઑફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઑફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કૉલેજ ઑફ કમ્પ્યુટર ઍપ્લિકેશન એન્ડ સાયન્સ અમરોલીના વિદ્યાર્થીઓ તા. ૨૨

થી ૨૮ નવેમ્બર, ૨૦૨૫નાં રોજ એન.એસ.એસ. યુનિટ દ્વારા નેશનલ ઇન્ટીગ્રેશન કેમ્પ (NIC), આણંદ ખાતે યોજાયો હતો. જેમાં કૉલેજની વિદ્યાર્થીની સાંગા નંદકિશોર (એસ.વાય. બી.કોમ) તથા ગાબાણી શ્રુતિ (એસ.વાય.બી.બી.એ.) ભાગ લીધો હતો. જેમાં રાષ્ટ્રીય એકતા પદયાત્રા, સ્વદેશી રમતો, રાજ્ય મુજબ લોક નૃત્ય, નુક્કડ નાટક, સામાજિક જાગૃતિ, રંગોળી અને પોસ્ટર મેકિંગ કોમ્પિટિશન જેવી વિવિધ સ્પર્ધા થઈ હતી. વિવિધતામાં એકતા જેવા શુભ સંદેશ સાથે સાત દિવસીય એન.આઈ.સી. કેમ્પ યોજાયો હતો. કૉલેજના આચાર્યશ્રી ડૉ. મુકેશ આર. ગોયાણી તેમજ જીવન જ્યોત ટ્રસ્ટ પરિવાર તથા એન.એસ.એસ. યુનિટ વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવે છે.

## સિવિલ ડિફેન્સ સેમિનારનું આયોજન



જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત પ્રો.વી.બી. શાહ ઇન્સ્ટીટ્યૂટ ઑફ મૅનેજમૅન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઑફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઑફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કૉલેજ ઑફ કમ્પ્યુટર ઍપ્લિકેશન એન્ડ સાયન્સ અમરોલીમાં તા. ૪/૧૨/૨૦૨૫ના રોજ NSS અને NCCના વિદ્યાર્થીઓ માટે લશ્કરની ચોથી પાંખ સિવિલ ડિફેન્સ સુરત દ્વારા નાગરિક સંરક્ષણ દળ ઉજવણી નિમિત્તે જનજાગૃતિ અભિયાન અંતર્ગત સેમિનારનું આયોજન થયું. જેમાં મુખ્ય વકતા તરીકે સિવિલ ડિફેન્સ વિભાગના ડ્પ્યુટી ચીફ વોર્ડન શ્રી વિજયભાઈ પટેલ, વોર્ડન શ્રી સાગર વી. પાચાણી, વોર્ડનશ્રી સાગર વી. પાચાણી, વોર્ડનશ્રી ચિરાગ બી. શિંગાળા, શ્રી નરેશભાઈ કે કોરાટ, શ્રી પરેશ બી. ગેલાણી, શ્રી વિપુલભાઈ એલ. કથીરિયા, શ્રી અશ્વિનભાઈ કે સાવલિયા હાજર રહ્યા. આપત્તિ સમયે કયાં કેવી રીતે મદદરૂપ થવું, સિવિલ ડિફેન્સ તાલીમ કેવી રીતે લેવી કેટલા સમય માટે કયા કયા પાસાઓ શીખવાડવામાં આવે વગેરે વિષયો પર સવિસ્તાર સમજૂતી આપી. સેમિનારનો મુખ્ય હેતુ વિદ્યાર્થી/નાગરિકોને વધુ સજ્જ, સજાગ અને જવાબદાર બનવાની, કટોકટી તથા આપત્તિ સમયે તથા રાષ્ટ્રનું રક્ષણ કરવાની ભાવના વિકસાવવા માટેનો છે. સેમિનારમાં ૧૦૧ જેટલા NSS અને NCC વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. સમગ્ર સેમિનાર કૉલેજના આચાર્યશ્રી ડૉ. મુકેશ ગોયાણીના માર્ગદર્શન હેઠળ NSS પ્રોગ્રામ ઑફિસર પ્રો. જ્યોતિકા ટેલર દ્વારા યોજવામાં આવ્યો હતો.

## સ્વદેશી, સ્વાવલંબન અને સરદાર કાર્યક્રમ



જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત પ્રો.વી.બી. શાહ ઇન્સ્ટીટ્યૂટ ઑફ મૅનેજમૅન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઑફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઑફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કૉલેજ ઑફ કમ્પ્યુટર ઍપ્લિકેશન એન્ડ સાયન્સ એન.એસ.એસ.યુનિટ દ્વારા તા. ૧૨ નવેમ્બર, ૨૦૨૫ના રોજ જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત અમરોલી કૉલેજમાં "સ્વદેશી, સ્વાવલંબન અને સરદાર" વિષય પર પ્રો. ધ્વનિલ પારેખ ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ દ્વારા વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું. વંદે માતરમ ગીતના ૧૫૦ વર્ષની જન્મ જયંતિ નિમિત્તે વંદે માતરમ ગીત આખું સંભળાવવામાં આવ્યું તથા સ્વદેશી શપથ લેવડાવવામાં આવી. કાર્યક્રમનું સંચાલન પ્રોગ્રામ ઓફિસર જ્યોતિકા ટેલર દ્વારા ડૉ. મુકેશ ગોયાણીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું.

## ડૉ. સાવલિયા જુલી કિશોરભાઈ પીએચ.ડી. થયા




જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત પ્રો.વી.બી. શાહ ઇન્સ્ટીટ્યૂટ ઑફ મૅનેજમૅન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઑફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઑફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કૉલેજ ઑફ કમ્પ્યુટર ઍપ્લિકેશન એન્ડ સાયન્સ અમરોલી, સુરતના આચાર્ય ડૉ. મુકેશભાઈ આર. ગોયાણીના માર્ગદર્શન હેઠળ ડૉ. સાવલિયા જુલી કિશોરભાઈએ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરતમાં રજૂ કરેલA Study of Stock Price Movement of IT Sector Companies in India વિષય પરના મહાશોધ નિબંધને માન્યતા આપી પીએચ.ડી.ની ડીગ્રી એનાયત કરી છે. માર્ગદર્શકને તેમની સિદ્ધિ બદલ અમરોલી કૉલેજ પરિવાર તરફથી અભિનંદન પાઠવવામાં આવે છે.

## 'ટ્રાયોફેસ્ટ' ઈવેન્ટ






જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત પ્રો.વી.બી. શાહ ઇન્સ્ટીટ્યૂટ ઑફ મૅનેજમૅન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઑફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઑફ કૉમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કૉલેજ ઑફ કમ્પ્યુટર ઍપ્લિકેશન એન્ડ સાયન્સ અમરોલીના તા.૨૭/૧૧/૨૦૨૫નાં રોજ ટ્રાયોફેસ્ટ અંતર્ગત Zeal, Mind IT & Voyage Event-2026નું પ્રિલોન્ચિગ યોજાયું હતું. Zeal, Mind IT & Voyage Eventના પ્રિલોન્ચિગનાં મુખ્ય મહેમાન તરીકે શરદભાઈ ગાબાણી (લાફલોર ચોકલેટ), દિનેશ પાટીલ (બેકિંગ એકેડમિક), જીવન જ્યોટ ટ્રસ્ટનાં સેક્રેટરી શ્રી અશ્વિનભાઈ પટેલ, શ્રી અનુજ શાહ, કૉલેજના આચાર્ય ડૉ. મુકેશ ગોયાણી તેમજ જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત શાળાના આચાર્ય હસ્તક પરંપરાગત રીતે શ્રીફળ અને ગોળધાણાથી પ્રિ–લોન્ચ કરવામાં આવ્યું હતું. ટ્રાયોફેસ્ટ ઇવેન્ટ અંતર્ગત ૧૬ જેટલી વિવિધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં વિશ્વવિદ્યાલય સંલગ્ન ૧૦૦ જેટલી કૉલેજમાંથી ૭૦૦ વિદ્યાર્થી ભાગ લેશે. પ્રિ–લોન્ચન ઈવેન્ટના અંતે આચાર્યશ્રીએ ટ્રાયફેસ્ટ (Zeal, Mind IT & Voyage) ઈવેન્ટની તારીખ ૦૩/૦૧/૨૦૨૬ જાહેર કરી હતી. ઈવેન્ટનું આયોજન આચાર્ય ડૉ. મુકેશભાઈ ગોયાણીના માર્ગદર્શન હેઠળ બી.બીએ., બી.સી.એ., અને બી.કોમનાં કૉ–ઑર્ડિનેટર, શૈક્ષણિક સ્ટાફ તેમજ વિદ્યાર્થીઓ દ્વારા સંચાલન કરવામાં આવેલ હતું.

## શૂટ અને સાડી ડે

જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત પ્રો.વી.બી. શાહ ઇન્સ્ટીટ્યૂટ ઑફ મૅનેજમૅન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઑફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઑફ કૉમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કૉલેજ ઑફ કમ્પ્યુટર ઍપ્લિકેશન એન્ડ સાયન્સ અમરોલીમાં તા. ૩૧/૧૨/૨૦૨૫નાં રોજ શૂટ એન્ડ સાડી ડેનું આયોજન કરવામાં આવ્યું હતું. બી.કોમ, બી.બી.એ., બી.સી.એ., બી.એસ.સી. ડેટા સાયન્સ, એમ.એસ.સી.આઈ.ટી. અને એમ.કોમ.માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. શૂટ એન્ડ સાડી ડે સાથે સાથે રેમ્પ વોકનું આયોજન કરવામાં આવ્યું હતું. રેમ્પવોકમાં ૧૩૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. રેમ્પવોકના જજ તરીકે પ્રા. માનસી શાહ, પ્રા. શ્વેતા રાજપૂત તેમજ પ્રા. ધ્રુવીશા પાધડાળે ફરજ બજાવી હતી. રેમ્પવોકમાં છોકરીઓમાં વિજેતા તરીકે પ્રથમક્રમે બી.બી.એ.ની. ચાવડા તિયા સંજયભાઈ અને છોકરાઓમાં વિજેતા તરીકે પ્રથમક્રમે બી.સી.એ પટેલ મીશિત અભિનવભાઈ વિદ્યાર્થીઓ વિજેતા થયા હતા. સમગ્ર કાર્યક્રમ દરમ્યાન તમામ ફેકલ્ટીના સ્ટાફ સભ્યો હાજર રહી વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો. કાર્યક્રમનું આયોજન આચાર્યશ્રી ડૉ. મુકેશ આર. ગોયાણીનાં માર્ગદર્શન અને સાંસ્કૃતિક કમિટી દ્વારા કરવામાં આવ્યું હતું.



## યુવા મહોત્સવમાં વિવિધ કૃતિઓમાં સિદ્ધિ








વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરત દ્વારા ૫૨મો રાણી અબ્બક્કાદેવી યુવા મહોત્સવ તા. ૨૦/૧૨/૨૦૨૫ થી તા. ૨૩/૧૨/૨૦૨૫ દરમ્યાન વિશ્વવિદ્યાલય ખાતે યોજાયેલ હતો. જેમાં જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત પ્રો.વી.બી. શાહ ઇન્સ્ટીટ્યૂટ ઑફ મૅનેજમૅન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઑફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઑફ કૉમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કૉલેજ ઑફ કમ્પ્યુટર ઍપ્લિકેશન એન્ડ સાયન્સ અમરોલીના વિદ્યાર્થીઓએ વિવિધ ૨૫ કૃતિઓમાં ૩૩ ટીમે ભાગ લીધો હતો. રાણી અબ્બક્કાદેવી યુવા મહોત્સવમાં વિશ્વવિદ્યાલય કૃતિઓ પૈકી માઈમ પ્રથમ ક્રમે, ફોક ઓરકેસ્ટ્રા પ્રથમક્રમે, લોકગીત દ્વિતીય ક્રમે, એકાંકી નાટક દ્વિતીય ક્રમે, મોનો એકિંટગ દ્વિતીય ક્રમે, ગરબા દ્વિતીય ક્રમે, સમૂહ નૃત્ય દ્વિતીય ક્રમે તેમજ પોસ્ટર મેકિંગ તૃતીય ક્રમે કૃતિઓમાં કૉલેજની કૃતિઓ વિજેતા બની હતી. યુવા મહોત્સવની ટીમ અને તમામ સ્પર્ધકોએની આ સિદ્ધિ બદલ જીવન જ્યોત ટ્રસ્ટ પરિવાર, કૉલેજના આચાર્યશ્રી ડૉ. મુકેશ ગોયાણી, શૈક્ષણિક અને વહીવટી સ્ટાફ તથા જીવન જ્યોત ટ્રસ્ટ પરિવાર તરફથી હાર્દિક શુભેચ્છા પાઠવવામાં આવે છે.

## એ.વી.પટેલ કોમર્સ કૉલેજ, બીલીમોરા.

### કેરિયર ગાઈડન્સ સેમિનાર



અત્રેની એ.વી.પટેલ કોમર્સ કૉલેજ બીલીમોરામાં આજરોજ તા. ૦૨/૧૨/૨૦૨૫ના રોજ કેરિયર ગાઈડન્સ સેલ તેમજ IQACના સંયુકત ઉપક્રમે Aerostar Aviation Academyના સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. વકતા ધ્વની દિહેરાએ ઉપસ્થિત વિદ્યાર્થીઓને Aviation, Hospitality અને Tours & Travels જેવા ક્ષેત્રમાં કેરિયર કેવી બનાવી શકાય એ અંગે પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા વિસ્તૃત સમજુતિ આપી હતી. આ કાર્યક્રમમાં કૉલેજના ઇન્ચાર્જ આચાર્ય ડૉ. સોનલબેન વસાવા ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. આ કાર્યક્રમનું આયોજન કેરિયર ગાઈડન્સ સેલ અને IQACના કન્વીનર પ્રા. વર્ષાબેન રાણાએ ડૉ. પૂજાબેન વાઘેલાના સહકારથી કર્યું હતું. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ તેમજ અધ્યાપકો હાજર રહ્યા હતા. પ્રા. દિપીકા લાડે આભાર વ્યકત કરી કાર્યક્રમને પૂર્ણ જાહેર કર્યો હતો.

### ARTIFICIAL INTELLIGENCE0-AI વિષય પર સેમિનારનું આયોજન




અત્રેની એ.વી.પટેલ કોમર્સ કૉલેજ, બીલીમોરામાં આજરોજ તા. ૦૯/૧૨/૨૦૨૫ ના રોજ કેરિયર ગાઈડન્સ સેલ તેમજ IQACના સંયુકત ઉપક્રમે Artificial Inteligence-AI વિષય પર સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. વકતાશ્રી નૈતિક ભાઈ ત્રિવેદીએ પોતાની સરળ શૈલીમાં ઉપસ્થિત વિદ્યાર્થીઓને Artificial Inteligence-AIનું વર્તમાન સમયમાં મહત્વ વિશે પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા સમજૂતી આપી હતી. કૉલેજના ઇન્ચાર્જ આચાર્ય ડૉ. સોનલબેન વસાવાની અનુમતિથી થયેલા આ કાર્યક્રમનું આયોજન કેરિયર ગાઈડન્સ સેલ અને IQACના કન્વીનર પ્રા. વર્ષાબેન રાણાએ કર્યું હતું. કાર્યક્રમના સંચાલક ડૉ. હિતેશ શર્માએ સૌનો આભાર વ્યકત કર્યો હતો. રાષ્ટ્રગાન બાદ કાર્યક્રમને પૂર્ણ જાહેર કર્યો હતો.

### એ. વી. પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરા દ્વારા બલવાડા ગામે એન.એસ.એસ. ખાસ શિબિરનું આયોજન





એ.વી.પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરા દ્વારા કોલેજના એન.એસ.એસ. યુનિટ દ્વારા નવસારી જિલ્લાના ચીખલી તાલુકાના બલવાડા ગામે શ્રમજીવી સંસ્કાર સભાના સહયોગથી સાપ્તાહિક NSS ખાસ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. શિબિર દરમિયાન સ્વયંસેવકો દ્વારા પ્રભાત ફેરી, યોગ, પ્રાણાયામ, ધ્યાનયોગ, શારીરિક કસરત અને એરોબિક્સ જેવી પ્રવૃત્તિઓ દ્વારા આરોગ્ય અને તંદુરસ્ત જીવન અંગે જાગૃતિ ફેલાવવામાં આવી. સાથે સાથે રસોડાની કામગીરી, આસપાસના વિસ્તાર, રોડ રસ્તા તથા નદીકાંઠાની સફાઈ કરી સ્વચ્છતા અંગે જનજાગૃતિ ફેલાવવામાં આવી.

પર્યાવરણ સંરક્ષણ અંતર્ગત વૃક્ષોને રંગવા, બિનજરૂરી ઝાડીઝાખરા દૂર કરવું તથા પ્લાસ્ટિક મુક્તિ માટે ન્યૂઝપેપરમાંથી થેલીઓ બનાવવાનો વર્કશોપ યોજાયો. નશામુક્તિ અંગે જાગૃતિ માટે "નશો છોડો, જીવન જીવો" જેવા નારાઓ સાથે રેલી યોજાઈ તેમજ આરોગ્ય કેન્દ્રના લેપ્રસી જાગૃતિ અભિયાનમાં સ્વયંસેવકો આશાવર્કરોના સહાયક તરીકે જોડાયા.શાળાના વિદ્યાર્થીઓ સાથે રમતોત્સવ અને વિવિધ રમતો, તેમજ ભજનસંધ્યા, કેમ્પફાયર અને સાંસ્કૃતિક કાર્યક્રમો દ્વારા સહભાગિતા અને સંસ્કારની ભાવના વિકસાવવામાં આવી. બૌદ્ધિક વિકાસ માટે નિષ્ણાતો દ્વારા સ્વસ્થ દિનચર્યા, સ્વદેશી વસ્તુઓનો ઉપયોગ, માનસિક વિકાસ, ગ્રામ સર્વેક્ષણ, નાગરિક કર્તવ્ય અને કુટુંબ સમરસતા જેવા વિષયો પર માર્ગદર્શન આપવામાં આવ્યું.

શિબિરના સમાપન કાર્યક્રમમાં પ્રોગ્રામ ઓફિસર ડૉ. પૂજાબેન વાઘેલા દ્વારા મહાનુભાવોને આવકાર અપાયો હતો અને પ્રોગ્રામ ઓફિસર ડૉ. ભાવેશ એ. પચ્ચીગરે શિબિર દરમિયાન થયેલી કામગીરીનો વિસ્તૃત અહેવાલ રજૂ કર્યો હતો. અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત હાઇકોર્ટના એડવોકેટ શ્રી અલ્પેશભાઈ ઉપાધ્યાયે સરળ અને રમુજી શૈલીમાં કર માળખા અંગે માર્ગદર્શન આપ્યું હતું. ઇ.ચા.આચાર્ય ડૉ. સોનલ વસાવાએ સ્વયંસેવકોને શિબિર દરમિયાન પ્રાપ્ત થયેલા સંસ્કારોને જીવનમાં જાળવી રાખવાની પ્રેરણા આપી હતી. સમાપન વિધિ દરમિયાન શ્રમજીવી સંસ્કાર સભાના પદાધિકારીઓ, ગ્રામ પંચાયતના પ્રતિનિધિઓ, ગૃહપતિ–ગૃહમાતા, આચાર્યશ્રી, ગ્રામજનોએ સ્વયંસેવકોને આશીર્વાદ આપ્યા હતા. અંતે સ્વયંસેવકોને પ્રમાણપત્ર એનાયત કરી NSS ગીતગુંજન સાથે શિબિરનો ભાવપૂર્ણ સમાપન કરવામાં આવ્યો. આ શિબિરે સ્વયંસેવકોમાં સેવાભાવ, સામાજિક જવાબદારી, શિસ્ત, સહકાર અને રાષ્ટ્રભાવનાનો દ્રઢ વિકાસ કર્યો હોવાનું સ્પષ્ટ રીતે અનુભવી શકાયું હતું.

## મને ગમતું પુસ્તક વાર્તાલાપ



બીલીમોરા વિભાગ કેળવણી મંડળ સંચાલિત એ.વી.પટેલ કોમર્સ કૉલેજ બીલીમોરાનાં ગ્રંથાલય અને માહિતી વિભાગ ઉપક્રમે " મને ગમતું પુસ્તક વાર્તાલાત" યોજવામાં આવ્યો હતો. નૉલેજ સોસાયટીના યુગમાં પુસ્તકો આપણા સાચા રાહબર બની શકે છે. જ્ઞાન મેળવવું એ આત્માની ભૂખ છે. આ ભૂખ વાંચનથી સંતોષય છે. વાંચન માનવીને કેળવે છે, ઘડે છે તથા માનવીની વિચાર ક્ષિતિજોને વિસ્તારે છે. ભારતીય સંસ્કૃતિ અનુસાર પ્રાર્થનાથી શરૂ થયેલા આ કાર્યક્રમમાં ૬ વિદ્યાર્થીઓ અને એક અધ્યાપકે ગુજરાતી સાહિત્યના જુદા જુદા લેખકોના જુદા જુદા પુસ્તકો પર પોતાના વિચારો રજૂ કર્યા હતા. કૉલેજના ઇન્ચાર્જ આચાર્ય ડૉ. સોનલબેન એસ. વસાવાએ પ્રસંગોચિત પ્રવચન કરી વિદ્યાર્થીઓમાં વાંચનની અભિરૂચિ કેળવાય તે માટે પ્રોત્સાહિત કર્યા હતા. વાર્તાલાપનું સંચાલન અને આભારવિધિ ગ્રંથપાલશ્રી આર.એસ.પટેલે કરી હતી.

## સ્પોર્ટ્સ–ડેનું આયોજન



અત્રેની બીલીમોરા વિભાગ કેળવણી મંડળ સંચાલિત એ.વી.પટેલ કોમર્સ કૉલેજમાં તા. ૨૯ ડિસેમ્બર,૨૦૨૫ના રોજ કૉલેજના ઇન્ચાર્જ આચાર્ય ડૉ. સોનલબેન વસાવાના માર્ગદર્શન હેઠળ સ્પોર્ટ્સ–ડેનું આયોજન કરવામાં આવ્યું હતું. જીવનમાં આધ્યાત્મિક અને માનસિક વિકાસની સાથે સાથે શારીરિક વિકાસ પણ જરૂરી છે. તેમજ ખેલકૂદ, વ્યાયામ આપણા શરીરના વિકાસ માટે ખૂબ જ જરૂરી છે. આ હેતુથી અને આજના મોબાઈલ અને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સમાં તરબોળ આજના યુવાનો મેદાનની રમતો ભૂલી જ ગયા છે. આજ મેદાની રમતો જેવી કે લીબું ચમચી, બટાકા દોડ, રિલે દોડ, સોયદોરો, કોથળા કૂદ, ફુગ્ગા દોડ ૧૦૦ મીટર દોડ,

ત્રિપગી દોડ, વગેરે રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો અને સૌ વિદ્યાર્થીઓ આનંદ ઉત્સાહ અને ખડતલ ઈરાદાઓથી આ મેદાની રમતો રમ્યાં હતાં. સાથે સાથે પ્રાધ્યાપકોના પણ આનંદનો પાર રહ્યો ન હતો. મોકળા મેદાનમાં દેશી રમતોએ સૌના ચહેરા પર નિર્દોષ વાત્સલ્ય અને ઉત્સાહ જમાવ્યો હતો. આ કાર્યક્રમનું સમગ્ર આયોજન પ્રા. હરમિતસિંગ સરદારે કર્યું હતું. અને દરેક અધ્યાપકો એ પોતપોતાની રમત મુજબ આ સ્પોર્ટસ ડે સાથે જોડાયા હતા. આ સ્પોર્ટસ ડે વિજેતા વિદ્યાર્થીઓને મેડલથી સન્માનવામાં આવ્યા હતા. અને સૌના માર્ગદર્શન હેઠળ આ સ્પોર્ટસ–ડે પૂર્ણ થયો.

## ABC of Financial Planning and Career Guidance વિષય પર સેમિનાર



અત્રેની એ.વી.પટેલ કોમર્સ કૉલેજ, બીલીમોરા ખાતે આજરોજ તા. ૩૦/૧૨/૨૦૨૫ ને IQAC અને કેરિયર ગાઈડન્સમાં સંયુક્ત ઉપક્રમે ABC of Financial Planning And Career Guidance વિષય પર સેમિનારનું આયોજન ગોલ્ડન જ્યુબિલી હોલ ખાતે થયેલ હતું. દીપ પ્રાગટય અને પ્રભુ પ્રાર્થના થી શરૂ થયેલ આ કાર્યક્રમમાં કૉલેજના ઇન્ચાર્જ આચાર્ય ડૉ. સોનલબેન વસાવાએ ઉપસ્થિત મહેમાનોને શબ્દો અને પુષ્પ વડે આવકાર્યા હતા. મનોજકુમાર સિંહ (SBIના મેનેજર૯ મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને બેકિંગ ક્ષેત્રે કારકિર્દી અંગે માર્ગદર્શન પૂરું પાડયું હતું. વકતાશ્રી પ્રવીણભાઈ સુમેસરા (એરિયા મેનેજર, ફ્રેન્કલીન ટેમ્પલોન) એ આ વિષય પર પોતાની વિશિષ્ટ અને રમૂજી શૈલીમાં વકતવ્ય રજૂ કર્યું હતું. શ્રી મીતુલભાઈ પટેલ (વાઈસ પ્રેસિડન્ટ, મધુવન) એ પણ સરલ શબ્દોમાં ઇન્સ્યોરન્સ પર પોતાનાં વિચારો રજૂ કર્યા હતા. જેમના પ્રોત્સાહનથી આ કાર્યક્રમ આકારાયો હતો એઓ શ્રી ભુપેન્દ્રભાઈ અમીન(પ્રમુખ, બીલીમોરા વિભાય કેળવણી મંડળ) એ પ્રભાવક શબ્દોમાં આ વિષયને ન્યાય આપ્યો હતો. સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનશ્રી ભરતભાઈ અમીનની ઉપસ્થિતિએ પ્રેરકબળ પૂરું પાડયું હતું. બીલીમોરા વિભાગ કેળવણી મંડળ સંચાલિત જુદી જુદી સંસ્થાનાં આચાર્યશ્રીઓ હાજર રહ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન IQAC અને કેરિયર ગાઈડન્સ કમિટીના કન્વીનર પ્રા. વર્ષાબેન રાણાએ કર્યું હતું. આ પાર્થ ઠક્કર અને ડૉ. પૂજા વાઘેલા એ સંચાલનનો દોર સંભાળ્યો હતો. ડૉ. ભાવેશ પચ્ચીગરે આભાર વિધિ કરી કાર્યક્રમને પૂર્ણ જાહેર કર્યો હતો. રાષ્ટ્રગાન બાદ સૌ છૂટા પડયા હતા.

## નવયુગ કોમર્સ કૉલેજ, સુરત.

## તળાદ માધ્યમિક શાળામાં નવયુગ કોમર્સ કૉલેજ, સુરત દ્વારા ૭ દિવસીય એનએસએસ ખાસ શિબિરનું આયોજન



નવયુગ કોમર્સ કૉલેજ, સુરતના NSS યુનિટ દ્વારા તારીખ ૦૪ થી ૧૦ ડિસેમ્બર ૨૦૨૫ દરમિયાન તળાદ માધ્યમિક શાળામાં સાત દિવસીય ખાસ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. કેમ્પનું ઉદઘાટન આચાર્યશ્રી ડૉ. વિનોદભાઈ પટેલ અને ગામના સરપંચશ્રીની હાજરીમાં દીપ પ્રાગટયથી થયું. કેમ્પ દરમ્યાન વિદ્યાર્થીઓએ શાળાના કેમ્પસમાં સ્વચ્છતા અભિયાન, અંધશ્રદ્ધા જાગૃતિ કાર્યક્રમ, વ્યસનમુક્તિ અને સ્વચ્છતા અંગે રેલીનું આયોજન કર્યું. સ્વામી વિવેકાનંદ નેત્રમંદિર દ્વારા આંખની તપાસ અને ફ્રી ચશ્મા વિતરણ કેમ્પ યોજાયો. માનસિક સ્વાસ્થ્ય, ભારતીય સંસ્કૃતિ અને તહેવારોના મહત્વ અંગે નિષ્ણાંતોના વ્યાખ્યાન યોજાયા. ઉપરાંત તળાદ શાળાના વિદ્યાર્થીઓ માટે વકૃત્વ, ગીત, પોસ્ટર મેકિંગ તથા પ્રાથમિક વિદ્યાર્થીઓ માટે રમતોનું આયોજન કરવામાં આવ્યું. NSS સ્વયંસેવકો દ્વારા દરરોજ સાંસ્કૃતિક કાર્યક્રમોની તૈયારી તથા સામાજિક સેવા સંબંધિત અનેક પ્રવૃત્તિઓ આયોજિત રહી. શિબિરના સમાપન સમારંભમાં વિદ્યાર્થીઓએ દેશભક્તિ ગીત, ગરબા, ડાન્સ, 'બેટી બચાવો', 'AIનો દુરુપયોગ' તથા સામાજિક સંદેશ પર આધારિત નાટિકા રજૂ કર્યા. ત્યારબાદ સંસ્કૃતિક કાર્યક્રમમાં જુદી જુદી પ્રવૃત્તિઓમાં વિજેતા થયેલ વિદ્યાર્થીઓ અને NSS સ્વયંસેવકોને ઇનામ આપવામાં આવ્યા. કાર્યક્રમનું સફળ સંચાલન NSS પ્રોગ્રામ ઓફિસર ડૉ. અંકિતા ઝાડેશ્વરીયા, ડૉ. રૂપેશ દવે અને ડૉ. ધરીત નાયક દ્વારા કરવામાં આવ્યું.

## Management & AI વિષય પર વિશેષ લેકચર



નવયુગ કોમર્સ કૉલેજ ખાતે તા. ૨૨/૧૨/૨૦૨૫ના રોજ આચાર્યશ્રી ડૉ. વિનોદભાઈ એન. પટેલના માર્ગદર્શન હેઠળ 'Management & AI' વિષય પર વિશેષ લેક્ચરનું આયોજન કરવામાં આવ્યું હતું. નવયુગ કોમર્સ કૉલેજ અને ડી.વાય. પાટીલ વિશ્વવિદ્યાલય, પુણે બંને વચ્ચે વિદ્યાર્થીઓના લાભ માટે MoU કરવામાં આવ્યો છે. જે અંતર્ગત ઉપરોક્ત લેક્ચરનું આયોજ કરવામાં આવેલ હતું. મુખ્ય વક્તા તરીકે પ્રો. ચિન્મય દામલે અને શ્રી આદર્શ તિવારી, ડી.વાય.પાટીલ વિશ્વવિદ્યાલય પૂણે વતી ઉપસ્થિત રહ્યા હતા. વિદ્યાર્થીઓને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સનો શિક્ષણ અને પોતાની કારકિર્દી ક્ષેત્રે કેવી રીતે ઉપયોગ કરી શકાય તેની ઊંડાણપૂર્વક માહિતી આપવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટયથી કરવામાં આવી હતી. કૉલેજના આચાર્ય ડૉ. વિનોદભાઈ એન. પટેલ દ્વારા મહેમાનોનું મોમેન્ટો આપીને સ્વાગત કરવામાં આવ્યું હતું. મુખ્ય વક્તાનો પરિચય એકાઉન્ટન્સી વિભાગના અધ્યક્ષ ડૉ. બ્રિજેશભાઈ એસ. પટેલ દ્વારા આપવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં અંગ્રેજી વિભાગનાં અધ્યક્ષ અને IQAC કૉ–ઓર્ડિનેટર ડૉ. બિન્દુબેન શાહ પણ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અંતે આભારવિધિ ડૉ. રુચિ એચ દેસાઈ દ્વારા તથા કાર્યક્રમનું સંચાલન ડૉ.જિગ્નેશ વાઘેલા અને ડૉ. મેહુલ શાહ દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવાં માટે કોમર્સ અને એકાઉન્ટન્સી વિભાગના તમામ અધ્યાપકો તેમજ વહીવટી સ્ટાફે સહકાર આપ્યો હતો.

## નવયુગ કોમર્સ કૉલેજમાં ફનફેરનું આયોજન



નવયુગ કોમર્સ કૉલેજ ખાતે વિદ્યાર્થીઓને શૈક્ષણિક અભ્યાસ સાથે સાથે મનોરંજન અને સર્જનાત્મક પ્રવૃત્તિઓ માટે અવસર મળી રહે તે હેતુસર તા. ૩૧મી ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ ફનફેરનું આયોજન પ્રિન્સિપાલ ડૉ. વિનોદ પટેલના માર્ગદર્શન અને સહયોગ હેઠળ કરવામાં આવ્યું હતું. ફનફેર દરમિયાન વિવિધ પ્રકારની વાનગીઓ, રમતો અને મનોરંજન પ્રર્વત્તિઓના કુલ ૧૪ સ્ટોલ વિદ્યાર્થીઓ દ્વારા ઉભા કરવામાં આવ્યા હતા. આ સ્ટોલ્સ દ્વારા વિદ્યાર્થીઓમાં ટીમવર્ક, નેતૃત્વ, આયોજનક્ષમતા અને વ્યાવસાયિક કુશળતાઓનો વિકાસ થયો. કૉલેજના પ્રાધ્યાપકો અને કર્મચારીઓએ સ્ટોલ્સની મુલાકાત લઈ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપ્યું હતું. આ કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીઓએ અને શિક્ષકો વચ્ચે સકારાત્મક સંબંધો વધુ મજબૂત બન્યા. કાર્યક્રમનું સંચાલન સાંસ્કૃતિક કમિટીના સભ્ય ડૉ. નયના સુરેજા અને કૉલેજના અધ્યાપકો ડૉ. કૃણાલસિંહ ખેંગાર અને ડૉ. પ્રિયંકા ફૂલવાલા દ્વારા સુચારુ રીતે કરવામાં આવ્યું હતું, જેના કારણે તમામ પ્રવૃત્તિઓ સુવ્યવસ્થિત રીતે સંપન્ન થઈ શકી. ફનફેરનું આયોજન અત્યંત સફળ રહ્યું અને વિદ્યાર્થીઓ માટે આનંદદાયક તથા યાદગાર અનુભવ સાબિત થયું.

## C. N. Kothari Homoeopathic Medical College & Research Centre, Vyara.

## સ્વ.ડૉ.માર્કંડ ભટ્ટના જન્મજયંતિ નિમિત્તે રોલ પ્લે સ્પર્ધા–૨૦૨૫







કૉલેજની રજત જયંતિ ઉજવણી અને સ્વ ડૉ. માર્કંડ ભટ્ટના સરના જન્મજયંતિના ભાગ રૂપે, સી.એન. કોઠારી હોમિયોપેથિક મેડિકલ કૉલેજ એન્ડ રિસર્ચ સેન્ટર, વ્યારાના હોમિયોપેથિક મટેરિયા મેડિકા વિભાગ અને હોમિયોપેથિક મેડિકલ એસોસિએશન ઓફ ઇન્ડિયા (HMAI) વ્યારા યુનિટે રોલ પ્લે સ્પર્ધાનું આયોજન કર્યુ હતું. કાર્યક્રમની શરૂઆત સ્વ. ડૉ. માર્કંડ ભટ્ટ સરને પુષ્પાંજલિથી કરવામાં આવી હતી. પ્રિન્સિપાલ મેડમ વતી ડૉ. બી.બી. મોદી દ્વારા સ્વાગત પ્રવચન, ડૉ. જે.એન.પટેલ દ્વારા સહભાગીઓ માટે પ્રેરક વકતવ્ય અને ત્યારબાદ સ્પર્ધા યોજાઈ હતી. વિદ્યાર્થીઓએ હોમિયોપેથિક દવાના વ્યકિતત્વ પર અભિનય કર્યો હતો. ડૉ. બી.બી.મોદી, ડૉ. જે.એન. પટેલ અને ડૉ. ડી.વાય.બિરારી સ્પર્ધાના નિર્ણાયક હતા. વિજેતાઓને પ્રમાણપત્રો અને વિજેતા ઇનામો એનાયત કરવામાં આવ્યા હતા. શ્રી દિનેશભાઈ ભટ્ટ પણ હાજર રહ્યા હતા અને પ્રથમથી પાંચ વિજેતાઓ માટે રૂા. ૫૦૦૧/– ના વિશેષ ઇનામ જાહેર કર્યા હતા. બધા સહભાગીઓને ડૉ. જે.એન.પટેલ તરફથી સહભાગિતા પ્રમાણપત્ર અને નાની ભેટ પણ આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓ માટે કિવઝનું આયોજન કરવામાં આવ્યું હતું. વિજેતાને આકર્ષક ભેટ મળી હતી. સમગ્ર

કાર્યક્રમનું સંચાલન બીએચએમએસના ચોથા વર્ષના વિદ્યાર્થી શ્રીમતી જીલ ત્રિવેદીએ કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન હોમિયોપેથિક મટેરિયા મેડિકા વિભાગ અને પ્રવૃત્તિ સમિતિના વડા ડૉ. ડી.વાય.બિરારી દ્વારા પ્રિન્સિપાલ ડૉ. જ્યોતિ રાવના માર્ગદર્શન હેઠળ સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું.

**સ્પર્ધાના વિજેતાઓ:**

| વિજેતા ક્રમ | વિદ્યાર્થીનું નામ | અભ્યાસક્રમ |
|---|---|---|
| પ્રથમ | દિશા વર્મા | 2nd BHMS |
| દ્વિતીય | કૌશલ ઘેવરિયા | 4th BHMS |
| તૃતિય | વિશ્વા ભાવસાર, આર્ચી પટેલ | 3rd BHMS |
| ચોથો | કલ્પેશ શાહ | 4th BHMS |
| પાંચમો | એપેક્સા ઘિનૈયા | 4th BHMS |

**HMAI વ્યારા યુનિટ તરફથી ૨ આશ્વાસન ઇનામો:**

| વિજેતા ક્રમ | વિદ્યાર્થીનું નામ | અભ્યાસક્રમ |
|---|---|---|
| પ્રથમ | વિશાલ કલસરિયા | 4th BHMS |
| દ્વિતીય | સ્નેહા પાંડીદાર,પોર્નિમા મહાજન | 4th BHMS |

## શૈક્ષણિક સેમિનારનું આયોજન



તા. ૩૦ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ સી.એન.કોઠારી હોમિયોપેથીક મેડિકલ કૉલેજ એન્ડ રિસર્ચ સેન્ટર, વ્યારા ખાતે એક શૈક્ષણિક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારનું પ્રતિષ્ઠિત સંસાધન વ્યકિત ડૉ. પ્રભાકર દેવડિગા, એમ.ડી.(હોમ) એ "વ્યકિતકરણની ભૂમિકા: તેની તકનીકો અને ઉપચારમાં અવરોધો" વિષય પર વિસ્તૃત વ્યાખ્યાન આપ્યું હતું. આ સેમનારમાં ત્રીજા તથા ચોથા વર્ષના બી.એચ.એમ.એસ.વિદ્યાર્થીઓ, સમગ્ર શિક્ષક વર્ગ તેમજ એચ.એમ.એ.આઈ.વ્યારા યુનિટના સભ્યોએ ઉત્સાહપૂર્વક હાજરી આપી હતી. કાર્યક્રમનું સુચારુ સંચાલન ચોથા વર્ષના બી.એચ.એમ.એસ.ના વિદ્યાર્થી કુ. જિલ ત્રિવેદી દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆતમાં વક્તાનો ઉષ્માભર્યો સ્વાગત સમારોહ યોજાયો હતો, જેમાં કૉલેજ તરફથી ડૉ.ભાવિની મોદી, એચ.એમ.એ.આઈ વ્યારા યુનિટ તરફથી ખજાનચી ડૉ. ભૂમિકા ચૌધરી, તથા સેમિનાર સમિતિ તરફથી ડૉ. અમિતરાય શાહ દ્વારા પુષ્પગુચ્છ અર્પણ કરવામાં આવ્યા હતા. ત્યારબાદ શૈક્ષણિક વડા ડૉ. ભાવિન મોદી દ્વારા વક્તાનો ઔપચારિક પરિચય આપવામાં આવ્યો હતો.

તેમના વ્યાખ્યાન દરમિયાન ડૉ. પ્રભાકર દેવડિગાએ હોમિયોપેથીના મૂળભૂતત સિદ્ધાંતો પર વિશેષ ભાર મૂક્યો હતો, ખાસ કરીને ક્લિનિકલ પ્રેક્ટિસમાં વ્યકિતગતકરણના મહત્વ, તેની વ્યવહારુ તકનીકો અને ઉપચાર પ્રાપ્ત કરવામાં આવતા સામાન્ય અવરોધો વિશે વિસ્તૃત રીતે સમજાવ્યું હતું. તેમના વ્યાખ્યાન ખૂબ જ માહિતીસભર અને ક્લિનિકલ દૃષ્ટિકોણથી ઉપયોગી રહ્યું. ત્યારબાદ યોજાયેલા પ્રશ્નોતરી સત્ર દ્વારા શૈક્ષણિક વાતાવરણ વધુ સમૃદ્ધ બન્યું અને વિદ્યાર્થીઓની સક્રિય ભાગીદારી જોવા મળી.

વક્તાનું સન્માન કૉલેજ તરફથી ડૉ. ભાવિન મોદી દ્વારા ૨૫મી વર્ષગાંઠ ટ્રોફી, સ્મૃતિચિહ્ન અને પ્રમાણપત્ર આપી કરવામાં આવ્યું હતું. ઉપરાંત એચ.એમ.એ.આઈ. વ્યારા યુનિટ તરફથી ડૉ. તુષાર ઢિમ્મર દ્વારા પણ વક્તાને તેમના મૂલ્યવાન યોગદાન બદલ સ્મૃતિચિહ્ન અર્પણ કરવામાં આવ્યું હતું. સેમિનારનો સમાપન સમારોહ ડૉ. સ્વપ્નિલ ખેનગાર દ્વારા આપવામાં આવેલી આભારવિધિ સાથે થયો, ત્યારબાદ રાષ્ટ્રગાન સાથે આ શૈક્ષણિક કાર્યક્રમ સફળતાપૂર્વક પૂર્ણ થયો.

## એસ. બી. ગાર્ડા આર્ટ્સ એન્ડ પી. કે. પટેલ કોલેજ ઓફ કોમર્સ, નવસારી.

### મનોવૈજ્ઞાનિક વિભાગ દ્વારા બાળ અધિકાર અને પોકસો એક્ટ અંતર્ગત વ્યાખ્યાન



નવસારી અને સમગ્ર દક્ષિણ ગુજરાતમાં ઉચ્ચ શિક્ષણ અને સંસ્કારના ધામ તરીકે પ્રસ્થાપિત એસ.બી.ગાર્ડા કૉલેજમાં મનોવૈજ્ઞાનિક વિભાગ વિવિધ સામાજિક પ્રવૃત્તિઓ કરે છે. આ જ ઉપક્રમ અનુસાર તા. ૧૧/૧૨/૨૦૨૫ના રોજ ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જરની પ્રેરણા અને માર્ગદર્શનથી બાળ અધિકાર અને પોકસો એક્ટ અંતર્ગત વ્યાખ્યાન યોજવામાં આવ્યું. આ કાર્યક્રમની શુભ શરૂઆત આનંદિતા નાયક દ્વારા પ્રાર્થનાથી કરવામાં આવી. આ પ્રસંગે જિલ્લા બાળ સુરક્ષા અધિકારીશ્રી હેમલતાબેન મલ્લીપેડીનું અભિવાદન ડૉ. ધર્મવીર ગુર્જર દ્વારા તથા બીનાબેન પટેલનું અભિવાદન ઉપાચાર્યશ્રી ડૉ. હિતેશભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું. સદર કાર્યક્રમમાં સ્વાગત પ્રવચન કરતા ડૉ.ધર્મવીર ગુર્જરે પોતાના તાલીમ કાર્યક્રમોના વાસ્તવિક ઉદાહરણો દ્વારા બાળ અધિકારો અંગે ચિંતા વ્યકત કરી. હેમલતાબેને બાળ અધિકાર કાયદાની જોગવાઈઓ તથા સામાજિક સુરક્ષા માટે

હેલ્પલાઈનની ચર્ચા કરી. લીગલ એડવાઈઝર બીનાબેન પટેલે બાળ અપરાધ, પોક્સો એક્ટની જોગવાઈઓ, સજાની કલમો અને સાવચેતીઓનું વર્ણન કર્યું હતું. આ પ્રસંગે વ્યવસ્થાપન ડૉ. હેમંતકુમાર પટેલે તથા આભારદર્શન કુ. દિવ્યાની ટંડેલે કર્યું હતું. કાર્યક્રમનું સંચાલન ડૉ. અશ્વિન શર્માએ કર્યું હતું.

## 'ભગવાન બિરસા મુંડાની' ૧૫૦મી જન્મ જયંતિ નિમિત્તે વ્યાખ્યાન



એસ.બી. ગાર્ડા કૉલેજ નવસારીમાં એન.એસ.એસ., એસ.સી.એસ.ટી. અને આઈ.ક્યુ.એ. સેલના સંયુક્ત ઉપક્રમે તા. ૧૦/૧૨/૨૦૨૫ના રોજ કૉલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જર સાહેરના માર્ગદર્શન અને પ્રેરણાથી 'ભગવાન બિરસા મુંડા'ની ૧૫૦મી જન્મ જયંતિ નિમિત્તે વ્યાખ્યાનનો કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમની શરૂઆત સંગીતા રાજભરની સુમધુર પ્રાર્થનાથી થઈ હતી. આ કાર્યક્રમમાં કૉલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જરે વક્તાશ્રી ડૉ. જે.સી.પટેલનું પુષ્પગુચ્છ અને સ્મૃતિભેટ અર્પણ કરી સ્વાગત કર્યું હતું અને સ્વાગત પ્રવચન રજૂ કર્યું હતું. ઉપાચાર્યશ્રી ડૉ. હિતેશભાઈ પટેલે મહેમાનશ્રી કૈશિકભાઈ ગરાસિયાનું પુષ્પગુચ્છ અર્પણ કરી સ્વાગત કર્યું હતું. એન.એસ.એસ.ના પ્રોગ્રામ ઑફિસર ડૉ. રાધાબેન ગૌતમ દ્વારા કાર્યક્રમના મુખ્ય વક્તાશ્રી ડૉ. જે.સી. પટેલનો પરિચય આપવામાં આવ્યો હતો. ત્યારબાદ વક્તાશ્રી ડૉ. જે.સી.પટેલ સાહેબે બિરસા મુંડાની જીવનગાથા તથા આદિવાસી સમાજ ઉપર અંગ્રેજો દ્વારા થયેલા અત્યાચાર અને શોષણ સામેના વિરોધ અને તેમના નેતૃત્વની ચર્ચા કરી હતી. આદિવાસી સમાજના તહેવાર નિમિત્તે થતા કલા, નૃત્ય, નાચ–ગાન થકી મળતા આનંદની વાત કરી હતી. આદિવાસીઓ કુદરત સાથે સહઅસ્તિત્વમાં માને છે અને કુદરતનું જતન કરે છે વગેરે માહિતી વિદ્યાર્થીઓ સમક્ષ રજૂ કરી હતી. આ કાર્યક્રમમાં રાષ્ટ્રીય સેવા યોજનાના ૧૫૪ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા એન.એસ.એસ. ના પ્રોગ્રામ ઑફિસર ડૉ. રાધાબેન ગૌતમ અને શ્રીમતી હેતલબેન નાયક તથા એસ.સી./એસ.ટી. સેલના સભ્ય ડૉ. આશાબેન પટેલે સહકાર આપ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન એન.એસ.એસ.ના પ્રોગ્રામ ઑફિસર શ્રી કિશોરભાઈ પટેલે કર્યું તેમજ આભારવિધિ શ્રીમતી હેતલબેન નાયક દ્વારા કરવામાં આવી હતી.

## ભારતીય સેનાના અગ્નિવીર તરીકે એસ.બી.ગાર્ડા કૉલેજના વિદ્યાર્થીની પસંદગી



ભારત સરકારની અગ્નિપથ યોજના અંતર્ગત ભારતીય સેનામાં અગ્નિવીર તરીકે ભરતી માટે યોજાયેલી તાજેતરની પસંદગી પ્રક્રિયામાં એસ.બી.ગાર્ડા કૉલેજ, નવસારીની વિદ્યાર્થી સેન પિયુષ પ્રકાશભાઈ (એસ.વાય.બી.એ.)એ ગૌરવસભર સફળતા મેળવી છે. લખનઉ ખાતે યોજાયેલ તા. ૦૧/૦૫/૨૦૨૫ થી તા. ૦૩/૧૨/૨૦૨૫ ભરતી પ્રક્રિયા દરમ્યાન લેખિત પરીક્ષા, શારીરિક કાર્યક્ષમતા કસોટી, તાલીમ તથા દસ્તાવેજ ચકાસણીનો સમાવેશ કરવામાં આવ્યો હતો, જેમાં ગાર્ડા કૉલેજના વિદ્યાર્થીએ ઉત્સાહ, શિસ્ત અને દ્રઢ નિશ્ચય સાથે ભાગ લીધો હતો. કઠોર મહેનતના પરિણામે અગ્નિવીર તરીકે પસંદગી પામ્યો છે. તેઓ તા. ૨/૧/૨૦૨૫ના રોજથી જેસલમેર ખાતે ભારતીય સેનામાં સેવા આપશે. અગ્નિવીર યોજનામાં યુવાઓમાં દેશપ્રેમ, શિસ્ત અને નેતૃત્વ ગુણો વિકસાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. સાથે સાથે, સેવાની અવધિ પૂર્ણ થયા બાદ ઉચ્ચ અભ્યાસ તથા રોજગાર માટે પણ વિવિધ તકો ઉપલબ્ધ થાય છે. ઉપરોક્ત સિદ્ધિ મેળવવા બદલ ઇ.ચા. આચાર્યશ્રી ડૉ.ધર્મવીર ગુર્જર, ઉપાચાર્યશ્રી ડૉ. હિતેશભાઈ પટેલ તથા સમગ્ર ગાર્ડા ટ્રસ્ટ પરિવાર અને કૉલેજ પરિવારે શુભેચ્છાઓ પાઠવી હતી.

## Consumer Rights and Financial Literacy વિષય પર વ્યાખ્યાન



નવસારી શહેરમાં ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે અગ્રેસર એવી જૂની અને પ્રતિષ્ઠત ગાર્ડા કૉલેજમાં ઇન્ચાર્જ આચાર્ય ડૉ. ધર્મવીર એમ. ગુર્જર સાહેબનાં અધ્યક્ષપણાં અને માર્ગદર્શન હેઠળ કૉલેજનાં એમ.કોમ.સેમ.–૦૨ અને ૦૪નાં વિદ્યાર્થીઓ

માટે કૉલેજનાં એકાઉન્ટન્સી વિભાગ અને I.Q.A.સેલ દ્વારા તા. ૧૬/૧૨/૨૦૨૫ને મંગળવારના રોજ Consumer Rights and Financial Literacy વિષય પર એક વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વકતા તરીકે મુંબઈથી પધારેલ શ્રી કે.વી.નંદાકુમાર મેનન (નિવૃત : સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ ઓફ યુનિટ ટ્રસ્ટ ઓફ ઇન્ડિયા (UTI) અને શ્રી મનોજ પવાર (આસિસ્ટન્ટ મેનેજરઃ કન્ઝયુમર ગાઈડન્સ સોસાયટી ઑફ ઇન્ડિયા (CGSI)) ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત સંગીતા રાજભર દ્વારા સુંદર પ્રાર્થનાથી કરવામાં આવી હતી, ત્યારબાદ ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર એમ. ગુર્જર સાહેબે પ્રાસંગિક ઉદ્દબોધન કરી તમામ વિદ્યાર્થીઓને પ્રેરણા પુરી પાડી હતી. વકતાશ્રીઓનો પરિચય ડૉ. રેઝશ આર. મિસ્ત્રી દ્વારા આપવામાં આવ્યો હતો. ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર એમ. ગુર્જર દ્વારા વકતાશ્રી કે.વી.નંદાકુમાર મેનનનું પુષ્પગુચ્છ અને સ્મૃતિભેટ અર્પણ કરી અભિવાદન કરવામાં આવ્યું હતું. તેમજ ઉપાચાર્યશ્રી અને એકાઉન્ટન્સી વિભાગનાં અધ્યક્ષ ડૉ. હિતેષ જે પટેલ દ્વારા વકતા શ્રી મનોજ પવારનું પુષ્પગુચ્છ અને સ્મૃતિભેટ અર્પણ કરી અભિવાદન કરવામાં આવ્યું હતું. વકતાશ્રી કે.વી.નંદાકુમાર મેનને Financial Literacy અંગે વિસ્તારપૂર્વક, દ્રષ્ટાંત સહિત ખૂબ જ રસપ્રદ માહિતી પૂરી પાડી હતી. જેમાં મુખ્યત્વે વિદ્યાર્થીઓમાં બચતની ટેવ સાથે સાથે રોકાણ કરવાની વૃત્તિ વિકસે અને રોકાણ પર સારું વળતર કેવી રીતે પ્રાપ્ત કરી શકાય તે અંગેની તલસ્પર્શી રજૂઆત કરવામાં આવી હતી. વકતાશ્રી મનોજ પવાર દ્વારા Consumer Rights અંગે રજૂઆત કરવામાં આવી હતી. જેમાં મુખ્ય ગ્રાહકનાં હકો અને ફરિયાદોનું નિવારણ કરવાં અંગેની કાર્યવાહી કઈ રીતે કરવામાં આવે છે. તેને લગતી માહિતી વિદ્યાર્થીઓને આપી હતી. આ કાર્યક્રમમાં કુલ ૧૧૮ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. કૉલેજનાં અધ્યાપકશ્રીઓ પણ હાજર રહ્યા હતા. હાજર રહેલ તમામ વિદ્યાર્થી અને અધ્યાપકશ્રીઓને સર્ટીફીકેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન શ્રીમતી રિદ્ધિબેન કે. લાડ અને આભારવિધિ કુ. પૂજા કે. ઈંગોલે દ્વારા કરવામાં આવી હતી. ગાર્ડા કૉલેજનાં ટ્રસ્ટીશ્રીઓ દ્વારા પણ કાર્યક્રમનાં સફળ આયોજન બદલ શુભેચ્છા આપી હતી.

## આત્મનિર્ભર ભારત–સ્વદેશી અભિયાન અંતર્ગત નવસારીની ધારાસભ્યશ્રીનું વ્યાખ્યાન યોજાયું




છેલ્લા ૮૦ વર્ષથી શિક્ષણ સાથે સંસ્કારનું સિંચનનું કાર્ય કરતી એવી એસ.બી.ગાર્ડા કૉલેજ નવસારીમાં અર્થશાસ્ત્ર વિભાગ અને આઈ.ક્યુ.એ.સેલના સંયુક્ત ઉપક્રમે તા. ૧૮/૧૨/૨૦૨૫ના રોજ કૉલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જર સાહેબના માર્ગદર્શનથી આત્મનિર્ભર ભારત–સ્વદેશી અભિયાન અંતર્ગત આદરણીય નવસારીના ધારાસભ્યશ્રી રાકેશભાઈ દેસાઈનું વ્યાખ્યાન યોજાયું. કાર્યક્રમની શરૂઆત વિદ્યાર્થીની કુ. આનંદિતા નાયકની પ્રાર્થના થઈ. કૉલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જર સ્વાગત પ્રવચનમાં વૈશ્વિક કક્ષાએ ભારતની પ્રસિદ્ધિ તથા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજીની જીવનગાથા ટૂંકમાં રજૂ કરી હતી અને આજના મુખ્ય મહેમાનશ્રી રાકેશભાઈ દેસાઈનું શાલ, સ્મૃતિભેટ અનુ પુષ્પગુચ્છથી આવકાર્યા હતા. સાથી સહાયકથી વિજયભાઈ ભટ્ટનું સ્વાગત ઉપાચાર્યશ્રી ડૉ. હિતેશભાઈ પટેલે કર્યું હતું. ધારાસભ્યશ્રી રાકેશભાઈ દેસાઈએ તેમના વ્યાખ્યાનમાં ભારતના ૨૦૧૪ થી ૨૦૨૫ સુધીના ૧૧ વર્ષના ટૂંકાગાળામાં જે વૈશ્વિક સિદ્ધિઓ હાંસલ કરી ભારતમાતાને પરમ શિખરે લઈ જવાની સિદ્ધિને બિરદાવી હતી તેમજ ભારતને આત્મનિર્ભર બનાવવા સ્વદેશી વસ્તુઓ અપનાવવા માટે સંકલ્પ લીધા હતા. મહેમાનશ્રી ગૌતમ મહેતાજીએ પોતાના કૉલેજકાળના સંસ્મરણો વાગોળ્યા હતા. અર્થશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ ડૉ. અરવિંદભાઈ પટેલ, કુ. સોનલબેન પટેલ અને કુ. વંદના ધુમ કાર્યક્રમમાં હાજર રહી પ્રોત્સાહન પૂરું પાડયું હતું. આભારદર્શન કુ. નસરીન કુરેશીએ કર્યું હતું તેમજ સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી કિશોરભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

## યુવા કનેકટ– વિકસિત ભારત ૨૦૪૭" અંતર્ગત વ્યાખ્યાન




નવસારીની સુપ્રસિધ્ધ એવી એસ.બી.ગાર્ડા કૉલેજમાં રાષ્ટ્રીય સેવા યોજના અને આઈ.ક્યુ.એ.સી.નાં સંયુકત ઉપક્રમે તા. ૧૯/૧૨/૨૦૨૫ના રોજ કૉલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જરના માર્ગદર્શન હેઠળ "યુવા કનેકટ– વિકસિત ભારત ૨૦૪૭" અંતર્ગત વ્યાખ્યાન યોજાયું હતું. કાર્યક્રમની શુભ શરૂઆત શ્રીમલ્લા કોમલની પ્રાર્થના અને દીપપ્રાગટયથી કરવામાં આવી હતી. મુખ્ય વકતાશ્રી યુવા આઈકોન સુજ્ઞશ્રી પ્રાકૃતિ સિંઘનું પુષ્પગુચ્છ અને સ્મૃતિભેગટ અર્પણ કરી સ્વાગત કરવામાં આવ્યું હતું. કૉલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગૂર્જરે સ્વાગત પ્રવચનમાં ભારતના ૨૦૪૭ના વિઝન અને મિશનમાં

યુવાઓને પોતાનો સક્રિયફાળો આપવાની ભલામણ કરી હતી. ડૉ. રાધાબેન ગૌતમે વક્તાશ્રીનો પરિચય આપ્યો હતો. ત્યારબાદ યુવા આઈકોન સુજ્ઞશ્રી પ્રાકૃતિ સિંધે તેમના પ્રવચનમાં વિકસિત ભારત ૨૦૪૭ના પાંચ પ્રણ અને ૧૧ સંકલ્પની વિસ્તૃત માહિતી આપી હતી. ભારત ૨૦૪૭માં કેવું હશે? તેનો ચિતાર રજૂ કરી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. કૉલેજના ઉપાચાર્યશ્રી ડૉ. હિતેશભાઈ પટેલ કાર્યક્રમમાં હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. કાર્યક્રમમાં કુલ ૧૮૬ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી કિશોરભાઈ પટેલ તથા આભારવિધિ શ્રીમતી હેતલબેન નાયક દ્વારા કરવામાં આવી હતી.

## શિક્ષણ અને સંસ્કારનું મંદિર મારી કૉલેજ વિષય પર વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન



નવસારી તથા સમગ્ર દક્ષિણ ગુજરાતમાં ઉચ્ચ શિક્ષણના પર્યાય તરીકે પ્રસ્થાપિત અને વિદ્યાર્થીઓની પ્રથમ પસંદગી પામેલી એસ.બી.ગાર્ડા કૉલેજમાં ડિબેટ સમિતિ અને આઈ.કયુ.એ.સેલના સંયુક્ત ઉપક્રમે તા. ૧૯/૧૨/૨૦૨૫ના દિને "પ્રો. નરસિંહભાઈ પરમાર 'ઉજંબા' વક્તૃત્વ સ્પર્ધા"નું આયોજન ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર એમ. ગુર્જરના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધાનો વિષય 'શિક્ષણ અને સંસ્કારનું મંદિર મારી કૉલેજ' રાખવામાં આવ્યો હતો. સ્પર્ધાનો આરંભ શ્રીમલ્લા કોમલની સુંદર પ્રાર્થનાથી કરવામાં આવ્યો હતો. ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જર સાહેબે શિક્ષણ, સંસ્કાર અને કર્મ વિષે ખૂબ જ માર્ગદર્શક, પ્રેરણાદાયી અમૂલ્ય જીવનભથ્થુંની સમજ આપી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. ઉપાચાર્યશ્રી ડૉ. હિતેશભાઈ પટેલ પણ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રમાણપત્રથી સન્માનિત કરી ઉત્સાહ વધાર્યો હતો. ડિબેટ સમિતિના અધ્યક્ષા શ્રીમતી રેખાબેન પટેલ દ્વારા વિદ્યાર્થીઓને વક્તૃત્વ સ્પર્ધાના નિયમો વિશે માહિતી આપવામાં આવી હતી. આ સ્પર્ધામાં ૨૬ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સ્પર્ધામાં પ્રથમ ક્રમે રાઠોડ ખુશ્બુ પરેશભાઈ, દ્વિતીય ક્રમે પ્રજાપતિ સોનલબેન સુભાષભાઈ અને તૃતીય ક્રમે પટેલ ક્રિનાબેન બિપિનભાઈ વિજેતા જાહેર થયા હતા. આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકેને કામગીરી ડૉ. અશ્વિનભાઈ શર્મા અને ડૉ. પુનિતાબેન પટેલે કરી હતી. કાર્યક્રમનું સંચાલન શ્રીમતી રેખાબેન પટેલે કર્યુ હતું. આભારવિધિ ડૉ. ઇશ્વરભાઈ ચૌધરી દ્વારા કરવામાં આવી હતી. વિજેતા થયેલ તમામ વિદ્યાર્થીઓને ઇ.ચા. આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જર, ઉપાચાર્યશ્રી હિતેશભાઈ પટેલ, કૉલેજના અધ્યાપકો, વહીવટી સ્ટાફ, સેવકભાઈઓ અને કૉલેજના ટ્રસ્ટીશ્રીઓએ શુભેચ્છા પાઠવી હતી.

## Financial Awareness Webinar સર્ટિફિકેટ કોર્ષનું આયોજન



નવસારી અને સમગ્ર દક્ષિણ ગુજરાતમાં ઉચ્ચ શિક્ષણ અને સંસ્કારના ધામ તરીકે ખ્યાતનામ એસ.બી.ગાર્ડા કૉલેજમાં ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જરના માર્ગદર્શન હેઠળ કરિયર ગાઈડન્સ એન્ડ પ્લેસમેન્ટ સેલ તથા IQACના સંયુક્ત ઉપક્રમે તા. ૨૦/૧૨/૨૦૨૫ના રોજ Financial Awareness Webinar સર્ટિફિકેટ કોર્સનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૧૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. કાર્યક્રમની શરૂઆત કૉલેજની વિદ્યાર્થીની રિયા પટેલની પ્રાર્થના દ્વારા કરવામાં આવી હતી. આ પ્રસંગે કૉલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જર સાહેબ દ્વારા પ્રાસંગિક ઉદબોધનમાં ફાઈનાન્સ મૅનેજમૅન્ટનું મહત્વ, તેની મૂળભૂત સમજ અને આજના સમયમાં તેની આવશ્યકતા વિષે વિસ્તૃત રીતે સમજૂતી આપવામાં આવી હતી. આ કાર્યક્રમના રિસોર્સ પર્સન અનિલ વર્મા દ્વારા ફાઈનાન્સ મૅનેજમૅન્ટ, નાણાકીય આયોજન, રોકાણની સમજ તથા આર્થિક સજાગતાના વિવિધ પાસાઓ વિશે સરળ અને અસરકારક રીતે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ઉપાચાર્યશ્રી ડૉ. હિતેશભાઈ પટેલ તથા પ્લેસમૅન્ટ સમિતિના અધ્યક્ષા ડૉ. નેહાબેન હરિયાણી હાજર રહી વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો. કાર્યક્રમની આભારવિધિ ડૉ. નેહાબેન હરિયાણી દ્વારા તથા સંચાલન કુ. વૃષ્ટિ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

## 'પર્યાવરણ સંરક્ષણ અમારી જવાબદારી" વિષય પર નિબંધ સ્પર્ધાનું આયોજન



વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસમાં સતત પ્રયત્નશીલ એવી એસ.બી.ગાર્ડા કૉલેજમાં ડિબેટ સમિતિ અનેIQACના સંયુક્ત ઉપક્રમે તા.૨૪/૧૨/૨૦૨૫ના દિને ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જરના માર્ગદર્શન હેઠળ 'શ્રી બાબુભાઈ મગનલાલ દેસાઈ' નિબંધ લેખન સ્પર્ધા યોજાઈ હતી. આ સ્પર્ધાનો આરંભ કુ. યામિની રાઠોડની સુંદર પ્રાર્થનાથી કરવામાં આવી હતી. કૉલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જરે પર્યાવરણ સંરક્ષણ અંગેની દરેક નાગરિકની જવાબદારી અંગેના વિચારો રજૂ કર્યા હતા. ઉપાચાર્યશ્રી હિતેશભાઈ પટેલે પણ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓ અને સ્પર્ધકોને પ્રોત્સાહિત કર્યા હતા. આ સ્પર્ધા ૨૬ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં પ્રથમ ક્રમે પ્રજાપતિ સોનલબેન સુભાષભાઈ, દ્વિતીય ક્રમે રાઠોડ ખુશબુ પરેશભાઈ તેમજ તૃતીય ક્રમે પ્રજાપતિ ક્રિષા મહેશભાઈ વિજતા જાહેર થયા હતા. આ સ્પર્ધામાં નિર્ણાયકની ભૂમિકા ડૉ. અશ્વિન શર્માએ ભજવી હતી. કાર્યક્રમનું સંચાલન ડૉ. ઇશ્વરભાઈ ચૌધરી દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની આભારવિધિ શ્રીમતી રેખાબેન પટેલે કરી હતી. વિજેતા થયેલ તમામ વિદ્યાર્થીઓને કૉલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જર, ઉપાચાર્યશ્રી ડૉ. હિતેશભાઈ પટેલ, કૉલેજના ટ્રસ્ટીશ્રીઓ, અધ્યાપકો, વહીવટી સ્ટાફ દ્વારા શુભેચ્છાઓ આપવામાં આવી હતી.

## ૫૩માં સાત દિવસીય ખાસ વાર્ષિક શિબિરનું ગણદેવી તાલુકાના વેગામા ગામે શુભ આરંભ



નવસારીની સુપ્રસિધ્ધ એવી એસ.બી. ગાર્ડા કોલેજના રાષ્ટ્રીય સેવા યોજના અને IQACના સયુંકત ઉપક્રમે ગણદેવી તાલુકાના વેગામ ગામે ૫૩ મો સાત દિવસીય ખાસ વાર્ષિક શિબિર (તા. ૨૪/૧૨/૨૦૨૫ થી તા. ૩૦/૧૨/૨૦૨૫ દરમ્યાન) નું આયોજન કોલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જરના માર્ગદશન હેઠળ કરવામાં આવ્યું. આ કાર્યક્રમની શુભ શરૂઆત સંગીતા રાજભરની પ્રાર્થના અને મહેમાનોના દીપ પ્રાગટ્યથી થઈ હતી. કોલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જરે નવસારીના કલેકટરશ્રી ક્ષિપ્રા એસ. આગ્રે અને ધારાસભ્યશ્રી રાકેશભાઈ દેસાઇનું પુષ્પ ગુચ્છ, શાલ અને સ્મૃતિ ભેટ અર્પણ કરી ભાવભર્યુ સ્વાગત કર્યુ હતું, ત્યારબાદ ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જરે સ્વાગત પ્રવચનમાં 'સેવા'ના પ્રેરણાદાયી ઉદાહરણો આપી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. કલેકટરશ્રી ક્ષિપ્રા એસ. આગ્રે એમના વક્તવ્યમાં રાષ્ટ્રીય સેવા યોજનાના વિવિધ હેતુઓ અને સામાજિક સુરક્ષા, શિસ્ત, સ્વચ્છતા બાબતે વિસ્તૃત માહિતી આપી, વિદ્યાર્થીઓને ઉજ્જવળ ભવિષ્યની શુભેચ્છા પાઠવી હતી, ધારાસભ્યશ્રી રાકેશભાઈ દેસાઇએ ગાર્ડા કોલેજ તથા કોલેજના પ્રવર્તમાન આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જરના નેતૃત્વની પ્રશંસા કરી હતી તથા કોલેજમાં ચાલતા એન.એસ.એસ. યુનિટ દ્વારા ચાલતી પ્રવૃતિઓને બિરદાવી હતી, કોલેજના ટ્રસ્ટીશ્રી કેરશી દેબુએ એમના કોલેજકાળના એન.એસ.એસના વિદ્યાર્થી તરીકેના અનુભવો વાગોળીયા હતા. ડેપ્યુટી કલેકટરશ્રી મિતેશભાઈ પટેલ, કોલેજના ઉપાચાર્યશ્રી ડૉ. હિતેશભાઈ પટેલ, ટ્રસ્ટીશ્રી હોરમઝ આવરી, શ્રી ઋષભભાઈ, વેગામ ગામના સરપંચશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, આદર્શ બુનિયાદી શાળા વેગામના સ્ટાફ મિત્રો, ગાર્ડા કોલેજ પરિવારના અધ્યાપકો, મોટી સંખ્યમા ગ્રામજનો થતાં NSSના સ્વયં સેવકોએ ખૂબ જ ઉત્સાહથી ભાગ લીધો હતો. કાર્યક્રમમાં પ્રો. કિશોરભાઈ પટેલે મહેમાનોનો પરિચય, ડૉ. રાધાબેન ગૌતમે આભારવિધિ તથા શ્રીમતી હેતલબેન નાયકે કાર્યક્રમનું સંચાલન કર્યુ હતું.

## ૫૩માં સાત દિવસીય વાર્ષિક શિબિરમાં મેગા મેડીકલ કેમ્પ યોજાયો




નવસારીની સુપ્રસિધ્ધ એવી એસ.બી.ગાર્ડા કૉલેજના રાષ્ટ્રીય સેવા યોજના અને IQACના સંયુકત ઉપક્રમે ગણદેવી તાલુકાના વેગામ ગામે ૫૩મો સાત દિવસીય ખાસ વાર્ષિક શિબિર (તા. ૨૪/૧૨/૨૦૨૫ થી તા. ૩૦/૧૨/૨૦૨૫)ના આયોજનમાં કૉલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જરના માર્ગદર્શનથી તા. ૨૮/૧૨/૨૦૨૫ના રોજ રોટરી આઈ હોસ્પિટલ, નવસારી દ્વારા આઈ ચેકઅપ કેમ્પ અને નિરાલી હોસ્પિટલ દ્વારા મેગા મેડીકલ કેમ્પનું ભવ્ય આયોજન ગણદેવી તાલુકાના વેગામ ગામે કરવામાં આવ્યું. આ કેમ્પમાં વેગામ, માણેકપોર, ભુલાફળિયા, પીજરા એ ગડત ગામના લાભાર્થીઓ લાભ લીધો હતો. આ મેગા મેડિકલ કેમ્પ અંતર્ગત રોટરી આઈ હોસ્પિટલ દ્વારા ૧૯૦ દર્દીઓની વિના મૂલ્યે તપાસ કરવામાં આવી, જેમાંથી ૯૬ દર્દીઓને ફ્રીમાં ચશ્મા આપવામાં આવ્યા અને ૨૨ દર્દીઓને ફ્રીમાં મોતિયાના ઓપરેશન કરી આપવાનું સંસ્થા દ્વારા નક્કી કરવામાં આવ્યું હતું. નિરાલી હોસ્પિટલ નવસારી દ્વારા આ કેમ્પમાં ૮૨ જેટલા દર્દીઓને ફ્રીમાં બ્લડપ્રેસર, સુગર, જનરલ ચેક અપ, ૧૮

મહિલાઓએ બ્રેસીસ તપાસનો લાભ લીધો. આ કેમ્પમાં રોટરી આઈ હોસ્પિટલનો સ્ટાફ અને નિરાલી હોસ્પિટલના ખ્યાતનામ ડૉ. માંદર તિલક અને ડૉ. પ્રિન્સ પટેલે ઉપસ્થિત રહી સારવારનો લાભ આપ્યો હતો. આ કેમ્પને સફળ બનાવવા રાષ્ટ્રીય સેવા યોજનાના પ્રોગ્રામ ઑફિસર ડૉ. રાધાબેન ગૌતમ, શ્રીમતી હેતલબેન નાયક, શ્રી કિશોરભાઈ પટેલ, ગામના સરપંચશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, ગામના વડીલશ્રી ગિરીશભાઈ દેસાઈ સહિત સમગ્ર ગ્રામજનોએ ખૂબ જ જેહમત ઉપાડી હતી.

## ૫૩માં સાત દિવસીય વાર્ષિક શિબિરનો સમાપન સમારોહ



પારસી માઈનોરીટી ટ્રસ્ટ સંચાલિત છેલ્લા ૮૦ વર્ષથી શિક્ષણ સાથે સંસ્કારનું કાર્ય કરતી એવી નવસારીની એસ.બી.ગાર્ડા કૉલેજના રાષ્ટ્રીય સેવા યોજના અને IQACના સંયુકત ઉપક્રમે ગણદેવી તાલુકાના વેગામ ગામે ૫૩મો સાત દિવસીય ખાસ વાર્ષિક શિબિર (તા. ૨૪/૧૨/૨૦૨૫ થી તા. ૩૦/૧૨/૨૦૨૫ દરમ્યાન)નો તા. ૨૯/૧૨/૨૦૨૫ના રોજ સમાપન સમારંભ યોજાયો. આ કાર્યક્રમની શુભ શરૂઆત કુ. સંગીતા રાજભરની પ્રાર્થના થઈ. કૉલેજના ઇન્ચાર્જ આચાર્ય ડૉ. ધર્મવીર ગુર્જરે મુખ્ય મહેમાન અને સામાજિક કાર્યકરશ્રી પરિમલભાઈ નાયકનું પુષ્પ ગુચ્છ, શાલ અને સ્મૃતિભેટ અર્પણ કરી ભાવભર્યુ સ્વાગત કર્યું હતું, ત્યારબાદ કૉલેજના ઉપાચાર્યશ્રી ડૉ. હિતેશભાઈ પટેલે સ્વાગત પ્રવચનમાં સાત દિવસના શિબિરની પ્રવૃતિઓને બિરદાવી હતી અને સેવાનું મહત્વ સમજાવી, સેવાથી પ્રાપ્ત થતાં વળતર વિશે માહિતી આપી હતી. મુખ્ય મહેમાનશ્રી પરિમલ નાયકે ભૂતપૂર્વ NSSના વિદ્યાર્થી તરીકે તથા કેમ્પના સંસ્મરણો વાગોળ્યા હતા. ત્યારબાદ કૉલેજના ઈન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જરે તેમના વકતવ્યમાં ગ્રામ્ય સંસ્કૃતિનું મહત્વ સમજાવ્યું, કોનફિયુસસ, મહાત્મા ગાંધીજી, મહાવીર સ્વામીના વિચારોને કારણે થયેલા પરિવર્તનના અનેક ઉદાહરણો તેમજ દાનના પ્રકારો વિદ્યાર્થી સમક્ષ રજૂ કર્યા હતા. ગામના સરપંચશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે પણ સાત દિવસના શિબિરની વખાણ કર્યા હતા. આદર્શ બુનિયાદી શાળાના આચાર્યશ્રી સરલાબેન અને શિક્ષિકાબેનશ્રી ગાયત્રીબેને એસ.બી.ગાર્ડા કૉલેજ અને સમગ્ર NSS કેમ્પની પ્રવૃતિઓને બિરદાવી હતી. સંગીતા રાજભર, અંજલી ચોરસીયા, જાનવી રાઠોડ, મધુ વિશ્વકર્માને પ્રતીકરૂપે મહેમાનોના હસ્તે પ્રમાણપત્ર આપી નવાજ્યા હતા. તેમજ આ કાર્યક્રમમાં વિદ્યાર્થીની શ્રુતિ ગોડ, પાર્થ બારોટ, દિશા પુરોહિત અને પાટીલે તેમના સાત દિવસીય NSS કેમ્પના પ્રતિભાવો રજૂ કરી આનંદની લાગણી અનુભવી હતી. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા NSS પ્રોગ્રામ ઓફિસર ડૉ. રાધાબેન ગૌતમ અને શ્રીમતી હેતલબેન નાયકે અથાક પ્રયત્નો કર્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને આભારદર્શન શ્રી કિશોરભાઈ પટેલે કર્યું હતું.

## Entrepreneurship & Start-ups વિષય પર વ્યાખ્યાન



નવસારી તથા સમગ્ર દક્ષિણ ગુજરાતમાં ઉચ્ચ શિક્ષણ અને સંસ્કારના ધામ તરીકે ખ્યાતનામ એસ.બી.ગાર્ડા કૉલેજ (આર્ટસ) અને પી.કે.પટેલ કૉમર્સ, નવસારીમાં ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જરના માર્ગદર્શન હેઠળ ઇનોવેશન કલબ, કરિયર ગાઈડન્સ એન્ડ પ્લેસમેન્ટ સેલ તથા આઈ.કયુ.એ.સેલના સંયુકત ઉપક્રમે તા. ૩૦/૧૨/૨૦૨૫ના રોજ "Entrepreneurship and Start-ups" વિષય પર એક વિશેષ વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૨૦૧ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. કાર્યક્રમની શરૂઆત કૉલેજની વિદ્યાર્થીની કુ. આનંદિતા નાયકની પ્રાર્થના દ્વારા કરવામાં આવી હતી. આ પ્રસંગે કૉલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જરે પોતાના પ્રાસંગિક ઉદબોધનમાં ઉદ્યોગ સાહસિકતાનું મહત્વ, યુવાનોનાં સ્ટાર્ટઅપ સંસ્કૃતિ વિકસાવવાની આવશ્યકતા તથા આત્મનિર્ભર ભારતના સંદર્ભમાં ઉદ્યોગસાહસિકતાની ભૂમિકા વિશે માર્ગદર્શન આપ્યું હતું. આ કાર્યક્રમમાં આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત 'Enterpreneur' જેઓ વિશ્વની શ્રેષ્ઠ યુવિર્સિટીઓમાં 'Entrepreneurship and Start-ups'ના વર્કશોપ કરે તેવા મુખ્ય વકતા તરીકે શ્રી હરેશ કલકત્તાવાલા દ્વારા ઉદ્યોગસાહસિકતા અને સ્ટાર્ટઅપ અંગે પોતાના વ્યાપક અનુભવના આધારે વ્યવસાય શરૂ કરવાની પ્રક્રિયા, નવીન વિચારધાર, જોખમ વ્યવસ્થાપન, સ્ટાર્ટઅપ માટે ઉપલબ્ધ તકો વિષે પ્રેરણાદાયી માર્ગદર્શન આપ્યું હતું. આ કાર્યક્રમમાં કૉલેજના ઉપાચાર્યશ્રી ડૉ. હિતેશભાઈ પટેલ તથા ઇનોવેશન કલર અને પ્લેસમેન્ટ સેલના અધ્યક્ષા ડૉ. નેહાબેન હરીયાણી હાજર રહી વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો. સમગ્ર કાર્યક્રમની આભારવિધિ કું. વૃષ્ટિ પટેલ દ્વારા તથા કાર્યક્રમનું સંચાલન કુ. મુમતાઝ કાઝી દ્વારા કરવામાં આવ્યું હતું.

## અગ્રવાલ વિદ્યાવિહાર ઈંગ્લિશ મીડીયમ કૉલેજ, સુરત.

### લૈંગિક સમાનતા અને 'બેટી બચાવો –બેટી પઢાઓ' વિષય પર સેમિનાર





અગ્રવાલ વિદ્યાવિહાર ઈંગ્લીશ મીડિયમ કૉલેજમાં વિદ્યાર્થીઓ માટ લૈંગિક સમાનતા અને 'બેટી બચાવો–બેટી પઢાઓ' વિષય પર સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. સેમિનારમાં મુખ્ય વકતા તરીકે મહિલા સેલ ક્રાઈમ બ્રાન્ચના એ.સી.પી. કે.મિની જોસેફ તથા મહિલા અને બાળ શાખાની ડી.એસ.સી. શ્રીમતી સ્મિતા પટેલ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે વિદ્યાર્થીઓને સમાનતા, સામાજિક ન્યાય, યૌન ઉત્પીડન તથા ડિજિટલ ધરપકડ અંગે વિસ્તૃત માહિતી આપી હતી. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. અગ્રવાલ સમાજ વિદ્યાવિહાર ટ્રસ્ટના અધ્યક્ષ શ્રી સંજય સરાવગી તથા અન્ય પદાધિકારીઓ, કૉલેજના મુખ્ય સલાહકાર ડૉ. યુ.ટી.દેસાઈ, ઈ.ચા.પ્રિન્સિપાલ ડૉ. ગૌતમ દુઆ તેમજ સમસ્ત વ્યાખ્યાતાઓએ વકતાઓનો આભાર વ્યકત કર્યો હતો.

### મેગા ધ્યાન શિબિરનું આયોજન



સુરતની અગ્રવાલ વિદ્યાવિહાર અંગ્રેજી માધ્યમ કૉલેજ ખાતે આર્ટ ઑફ લિવિંગ ફાઉન્ડેશનના સહયોગથી મેગા ધ્યાન શિબિરનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ કાર્યક્રમનું આયોજન ૨૧ ડિસેમ્બરે ઉજવાતા વિશ્વ ધ્યાન દિવસના ઉપક્રમે કરવામાં આવ્યો હતો. આજના ઝડપી અને દબાણભર્યા શૈક્ષણિક વાતાવરણમાં વિદ્યાર્થીઓના માનસિક આરોગ્ય, એકાગ્રતા અને આંતરિક શાંતિ માટે ધ્યાનનું મહત્વ સમજાવવાનો મુખ્ય હેતુ રહ્યો હતો. કાર્યક્રમમાં આર્ટ ઑફ લિવિંગના આંતરરાષ્ટ્રીય ફેકલ્ટી શ્રી દેવાંગ વોરા મુખ્ય માર્ગદર્શક તરીકે ઉપસ્થિત રહ્યા. તેઓશ્રી રૂરલ ડૅવલપમૅન્ટ પ્રોગ્રામના ટ્રસ્ટીશ્રી તથા ઈકો ક્રાંતિ પહેલના સ્થાપક પણ છે. તેમના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓએ ધ્યાનની પ્રક્રિયા અનુભવી, જેનાથી શાંતિ, જાગૃતિ અને સાકારાત્મકતા અનુભવાઈ. આ અવસરે CA હરિ અરોરા VNSGU બોર્ડ ઑફ મૅનેજમૅન્ટના સભ્ય અને આર્ટ ઑફ લિવિંગના સિનિયર ફેકલ્ટી), શ્રી પ્રકાશ ધોરિયાણી, શ્રીમતી જલ્પા ઠક્કર તથા શ્રી નરેન્દ્ર નાયક જેવા પ્રતિષ્ઠિત મહેમાનો પણ ઉપસ્થિત રહ્યા. આ પ્રકારના કાર્યક્રમ દ્વારા મહાવિદ્યાલય વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે સતત પ્રતિબદ્ધ હોવાનું સ્પષ્ટ થાય છે. કાર્યક્રમના આયોજન માટે અગ્રવાલ સમાજ વિદ્યાવિહાર ટ્રસ્ટના અધ્યક્ષ શ્રી સંજય સરાવગી તથા અન્ય પદાધિકારીઓ, કૉલેજના મુખ્ય સલાહકાર ડૉ. યુ.ટી.દેસાઈ, ઈ.ચા.પ્રિન્સિપાલ ડૉ. ગૌતમ દુઆ તેમજ સમસ્ત વ્યાખ્યાતાગણે શુભેચ્છા પાઠવી હતી.

### સુટ એન્ડ સાડી ડેની ઉજવણી



સુરતની અગ્રવાલ વિદ્યાવિહાર અંગ્રેજી માધ્યમ કૉલેજમાં તા. ૩૧ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ સુટ એન્ડ સાડી ડેનું ઉષ્માંભર્યું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન સોલો મેઈલ, સોલો ફિમેઈલ તથા કપલ રેમ્પ વોક સ્પર્ધાઓ યોજાઈ હતી, જેમાં વિજેતાઓને પુરસ્કાર આપવામાં આવ્યા હતા. સાથે સાથે વિદ્યાર્થીઓના નૃત્ય પ્રદર્શનોએ કાર્યક્રમમાં વિશેષ આકર્ષણ ઉમેર્યું. સંગીતમય સાંજ સાથે કાર્યક્રમનો આનંદદાયક અંત આવ્યો. કાર્યક્રમ માનનીય અગ્રવાલ સમાજ વિદ્યાવિહાર ટ્રસ્ટના અધ્યક્ષ શ્રી સંજય સરાવગી તથા અન્ય પદાધિકારીઓ, કેમ્પ ડિરેકટર શ્રી યુ.ટી. દેસાઈ, પ્રિન્સિપાલ ઇન્ચાર્જ શ્રી ગૌતમ દુઆ તથા મુખ્ય મહેમાનશ્રીમતી આકાંક્ષા ચૌહાણ (પ્રોફેશનલ મોડેલ અને એ કે ઇન્સ્ટિટયૂટના સ્થાપક) ની ઉપસ્થિતિમાં યોજાયો હતો.

## એસ.પી.બી. ઈંગ્લિશ મીડીયમ કૉલેજ ઓફ કોમર્સ, સુરત.

### N.S.S. એકમ દ્વારા રક્તદાન શિબિરનું આયોજન



સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત એસપીબી ઈંગ્લિશ મીડિયમ કૉલેજ ઑફ કોમર્સ, સુરત ખાતે તા. ૧૦ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ એન.એસ.એસ. એકમ દ્વારા સુરત રક્તદાન કેન્દ્ર અને એચડીએફસી બેંકના સહયોગી રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. શિબિર દરમિયાન કુલ ૪૦ યુનિટ રક્ત એકત્રિત કરવામાં આવ્યું, જે માનવ કલ્યાણ માટે નોંધપાત્ર યોગદાનરૂપ બન્યું. કાર્યક્રમની શરૂઆત કૉલેજના ઇન્ચાર્જ આચાર્ય ડૉ. આશિષ પંડ્યા દ્વારા ઉષ્માભર્યા સ્વાગત પરિચય સાથે કરવામાં આવી હતી. આ અવસરે મુખ્ય મહેમાન તરીકે આમંત્રિત ડૉ. નરેશ અરોરા, ૩૫ વર્ષની વધુ અનુભવ ધરાવતા પ્રસિધ્ધ લેપ્રોસ્કોપી અને જનરલ સર્જન, ઉપસ્થિત રહ્યા. તેમણે પોતાના સુચિંતિત માર્ગદર્શન દ્વારા રક્તદાનનું માનવતાવાદી મહત્વ, સમાજમાં તેની સતત જરૂરિયાત અને યુવાનોની જવાબદારી અંગે વિસ્તૃત રીતે સમજાવ્યું. સમગ્ર કાર્યક્રમનું આયોજન અને વ્યવસ્થાપન એન.એસ.એસ. કાર્યક્રમ અધિકારીઓ ડૉ. ફરીદા માંડવીવાળા અને ડૉ. પ્રતિક પસ્તાગિયા દ્વારા કૉલેજના ઇન્ચાર્જ આચાર્ય ડૉ. આશિષ પંડયાના માર્ગદર્શન હેઠળ સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યું.

### નેશનલ ટાસ્ક ફોર્સ અંતર્ગત વિશ્વ ધ્યાન દિવસની ઉજવણી




એસ.પી.બી. ઈંગ્લીશ મીડિયમ કોમર્સ કૉલેજ, સુરતની નેશનલ ટાસ્ક ફોર્સ (દતા) કમિટી દ્વારા વિશ્વ ધ્યાન દિવસ–૨૦૨૫ની ઉજવણી દ્વારા માનસિક આરોગ્ય, આંતરિક શાંતિ અને સર્વાંગી વિકાસને પ્રોત્સાહન આપવા માટે સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમનું આયોજન આર્ટ ઑફ લિવિંગ સંસ્થાના સહયોગથી કરવામાં આવ્યું હતું. ધ્યાન સત્રનું માર્ગદર્શન શ્રી લવકેશજી અને તેમની ટીમ દ્વારા આપવામાં આવ્યું. સત્ર દરમિયાન ધ્યાન અને પ્રાણાયામના મહત્ત્વ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું અને તણાવ મુક્ત જીવન જીવવા માટે ધ્યાનની ઉપયોગિતા સમજાવવામાં આવી. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ, શિક્ષકગણ અને સ્ટાફ સહિત લગભગ ૫૦૦ સહભાગીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો. આ કાર્યક્રમનું આયોજન ઇનચાર્જ પ્રિન્સિપાલ ડૉ. આશિષ પંડયાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સફળ સંચાલન દતા નોડલ ઑફિસર સુશ્રી મિતાલી પટેલ અને પ્રોગ્રામ કો–ઑર્ડિનેટર ડૉ. રવિ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. વિશ્વ ધ્યાન દિવસ–૨૦૨૫ની ઉજવણી દ્વારા સંસ્થામાં ધ્યાન અને માનસિક સુખાકારી અંગે સકારાત્મક જાગૃતિ ફેલાવવાનો હેતુ સફળતાપૂર્વક સિદ્ધ થયો.

### કંટ્રોલ ઑફ ડોગ મેનેસ યુનિટ દ્વારા જાગૃતિ કાર્યક્રમ



સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત એસપીબી ઈંગ્લિશ મીડિયમ કૉલેજ ઑફ કોમર્સ, સુરતના કંટ્રોલ ઑફ ડોગ મેનેસ યુનિટ દ્વારા કૉલેજ કેમ્પસમાં તા. ૨૬/૧૨/૨૦૨૫ શુક્રવારનાં રોજ 'રખડતા કૂતરાઓના નિયંત્રણ અને સંચાલનઃ જાહેર આરોગ્યના દૃષ્ટિકોણ' વિષય પર એક મહત્વપૂર્ણ વિશિષ્ટ વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓમાં રખડતા કૂતરાઓથી સંબંધિત જાહેર આરોગ્યની સમસ્યાઓ અંગે જાગૃતિ ફેલાવવાનો તેમજ માનવતાપૂર્ણ નિયંત્રણ અને સંચાલન પદ્ધતિઓના મહત્વને સમજાવવાનો હતો. આ પ્રસંગે નંદિની વેટરનરી હોસ્પિટલ, સુરતના સિનિયર કન્સલ્ટન્ટ (વેટરનરી મેડિસિન) ડૉ. જગદીર પ્રસાદ વર્મને મુખ્ય અતિથિ તથા વિષય નિષ્ણાંત તરીકે ઉપસ્થિત રહ્યા હતા. તેમણે રખડતા કૂતરાઓની વસ્તી વ્યવસ્થાપન, રોગ નિવારણ, પ્રાણી કલ્યાણ તેમજ જાહેર આરોગ્ય અને સુરક્ષા અનિશ્ચિત કરવામાં સમાજની ભૂમિકા અંગે ઉપયોગી માર્ગદર્શન આપ્યું હતું. આ વ્યાખ્યાનમાં આશરે ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓની સક્રિય ભાગીદારીથી સામાજિક જવાબદારી, જાહેર આરોગ્ય પ્રત્યેની ચિંતા અને જીવન સંરક્ષણ અંગેની તેમની પ્રતિબદ્ધતા સ્પષ્ટ રીતે દેખાઈ આવી. સમગ્ર કાર્યક્રમ જાણકારીસભર અને

અર્થપૂર્ણ રહ્યો. સમગ્ર કાર્યક્રમનું આયોજન કૉલેજના ઇ.ચા. આચાર્ય ડૉ. આશિષ પંડયાનાં માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન કંટ્રોલ ઑફ ડોગ મેનેસ યુનિટનાં નોડલ ઑફિસર ડૉ. પ્રતિક પસ્તાગિયા દ્વારા કરવામાં આવ્યું હતું.

## શૂટ એન્ડ સાડી ડેનું આયોજન



સાર્વજનિક ઍજ્યુકેશન સોસાયટી સંચાલિત એસપીબી ઈંગ્લિશ મીડિયમ કૉલેજ ઑફ કૉમર્સ, સુરતમાં તા. ૩૧ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ 'શૂટ એન્ડ સાડી ડે'નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓ માટે રેમ્પ વોક સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કુલ ૧૨૭ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને સૂટ અને સાડીમાં આત્મવિશ્વાસપૂર્વક રજૂઆત કરી કાર્યક્રમને રંગીન અને આકર્ષક બનાવ્યો હતો. આ રેમ્પ વોક સ્પર્ધાના નિર્ણાયક તરીકે ડૉ. રવિ પટેલ, ડૉ. ધ્રુવ ગાંગડવાલા, પ્રા. મિતાલી પટેલ તથા ડૉ. ફરીદા માંડવીવાલાએ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. સ્પર્ધાના પરિણામે એસ.વાય.બી.કોમના વિદ્યાર્થી જય પાનેરિયાને 'મિસ્ટર એસ.પી.બી. ૨૦૨૫'નો ખિતાબ પ્રાપ્ત થયો હતો, જ્યારે ટી.વાય.બી.કોમની વિદ્યાર્થીની વૃષ્ટિ યાદવે 'મિસ એસપીબી ૨૦૨૫'નો ખિતાબ જીત્યો હતો. કાર્યક્રમનું આયોજન કૉલેજના ઇન્ચાર્જ આચાર્ય ડૉ. આશિષ પંડયા તથા IQAC કૉ–ઑર્ડિનેટર ડૉ. સવિતા સોંધીના માર્ગદર્શન હેઠળ સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું.

## શ્રી રંગ નવચેતન મહિલા આર્ટ્સ કૉલેજ, વાલિયા.

## રાષ્ટ્રીય પ્રદૂષણ નિયંત્રણ દિવસ નિમિત્તે પ્રતિજ્ઞા ગ્રહણ કાર્યક્રમનું આયોજન



શ્રી રંગ નવચેતન મહિલા આર્ટસ કૉલેજ વાલિયા જી–ભરૂચના ઇનોવેશન ક્લબના કૉ–ઑર્ડિનેટર પ્રા. અનિતાબેન વાઘ દ્વારા તા. ૦૨/૧૨/૨૦૨૫ને મંગળવારે સવારે ૮–૧૫ કલાકે લાયન્સ હોલમાં રાષ્ટ્રીય પ્રદૂષણ નિયંત્રણ દિવસના અવસરે વિદ્યાર્થીઓમાં પર્યાવરણ સંરક્ષણ જાગૃતિ વધારવાના હેતુથી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત ઇનોવેશન ક્લબના કૉ–ઑર્ડિનેટર પ્રા. ભાવનાબેન ગોથાણાના માર્ગદર્શક પ્રવચનથી કરી હતી, જેમાં તેમણે વધતા પ્રદૂષણના સ્તરો, પર્યાવરણ પર તેના પ્રતિકૂળ પ્રભાવ તથા યુવા પેઢીની જવાબદાર ભૂમિકાને રેખાંકિત કરી હતી જેમાં ૪૫ વિદ્યાર્થીઓ અને ૧૦ અધ્યાપકમિત્રોએ પ્રદૂષણ નિયંત્રણ અને પર્યાવરણ સંરક્ષણ માટેની પ્રતિજ્ઞા ગ્રહણ કરી. આ પ્રતિજ્ઞા ગ્રહણ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓમાં પર્યાવરણ પ્રત્યે જાગૃતિ, જવાબદારી તથા સક્રિય ભાગીદારી વિકસાવવાનો રહ્યો. કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીઓમાં પર્યાવરણ સંરક્ષણની વાસ્તવિક જરૂરિયાત અને વ્યકિતગત સ્તરે અપનાવી શકાય તેવી ટકાઉ જીવનશૈલી અંગે સકારાત્મક સંદેશ આપવામાં આવ્યો હતો. ઇનોવેશન ક્લબના કૉ–ઑર્ડિનેટર એસો.પ્રો. અનિતા વાઘ દ્વારા પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી.

## રાષ્ટ્રીય ઉર્જા સંરક્ષણ દિવસ નિમિત્તે પોસ્ટર મેકિંગ સ્પર્ધાનું આયોજન



શ્રી રંગ નવચેતન મહિલા આર્ટ્સ કોલેજ વાલિયાના ઇનોવેશન કલબના કો–ઑર્ડિનેટર પ્રા અનિતાબેન વાઘ દ્વારા તારીખ ૧૭/૧૨/૨૦૨૫ને મંગળવારે સવારે ૯:૦૦ કલાકે રૂમ નંબર–૮ રાષ્ટ્રીય ઉર્જા સંરક્ષણ દિવસના અવસરે વિદ્યાર્થીઓમા ઉર્જા સંરક્ષણ જાગૃતિ વધારવાના હેતુથી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત ઇનોવેશન કલબના કો–ઑર્ડિનેટર પ્રા.ભાવનાબેન ગોથાણા ના માર્ગદર્શક પ્રવચનથી કરી હતી, તેમજ કૉલેજના ઈન્ચાર્જ પ્રિન્સીપાલ ડૉ નિયતિબેન ભટ્ટ દ્વારા વધતા પ્રદૂષણના સ્તરો, પર્યાવરણ પર તેના પ્રતિકૂળ પ્રભાવ તથા યુવા પેઢીની જવાબદાર ભૂમિકાને રેખાંકિત કરી હતી આ સ્પર્ધામાં ૨૫ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓમાં ઉર્જા સંરક્ષણ પ્રત્યે જાગૃતિ અને જવાબદારી તથા સક્રિય ભાગીદારી વિકસાવવાનો રહ્યો. કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીઓમાં ઉર્જા સંરક્ષણની વાસ્તવિક જરૂરિયાત અને વ્યક્તિગત સ્તરે અપનાવી શકાય તેવી ટકાઉ જીવનશૈલી અંગે સકારાત્મક સંદેશ આપવામાં આવ્યો હતો.

## 'નશામુક્ત' ભારત અભિયાન પ્રોગ્રામનું આયોજન




તા. ૧૬/૧૨/૨૦૨૫ને મંગળવારના રોજ અત્રેની શ્રી રંગ નવચેતન મહિલા આર્ટસ કૉલેજ, વાલિયામાં NSS યુનિટ અને વુમન સેલ દ્વારા 'નશામુક્ત' ભારત અભિયાન હેઠળ એક પ્રોગ્રામનું આયોજન કૉલેજના પ્રિન્સિપાલ ડૉ. નિયતિબેન ભટ્ટના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના વક્તા ડૉ. શર્મિલાબેન પટેલ અને ડૉ. દિલાવર ખાન પઠાણ સાહેબે અલગ અલગ પ્રકારના નશા વિશે વિદ્યાર્થીઓને ખૂબ સુંદર માહિતી આપી  અને આ નશાથી વ્યક્તિથી ઘર અને સમગ્ર કુટુંબ પર એની થતી અસર વિશે ખૂબ સુંદર છણાવટ કરી હતી. વળી એમાં એક નશો ઇન્ટરનેટ મોબાઈલનો પણ છે જે આજના યુવાનોનો કઈ રીતે ટાઈમ બરબાદ કરીને એમની કારકિર્દીને ખતમ કરે છે તે અંગેની વિદ્યાર્થીઓને માહિતી આપવામાં આવી. પ્રોગ્રામનું સંચાલન NSS પ્રોગ્રામ ઓફિસર ડૉ. કુસુમબેન પટેલે અને આભારવિધિ NSS કૉ-ઓર્ડિનેટર ડૉ. રાજસાહેબે કરી હતી. મહેમાનોનું સ્વાગત ડૉ. પુષ્પાબેન પટેલે કર્યુ હતું. આ પ્રોગ્રમમાં કૉલેજના આચાર્યશ્રીએ વિદ્યાર્થીઓને 'વ્યસન છોડો જીવન જોડો'નું એક સૂત્ર આપીને વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા. આ પ્રોગ્રામમાં કૉલેજનો સમગ્ર સ્ટાફ અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ હાજર રહીને પ્રોગ્રામને સફળ બનાવ્યો હતો.

## NSS યુનિટ દ્વારા યોગ શિબિરનું આયોજન



તા. ૧૯/૧૨/૨૦૨૫ના રોજ શ્રી રંગ નવચેતન મહિલા આર્ટસ કૉલેજના એન.એસ.એસ યુનિટ દ્વારા "યોગ શિબિરનું આયોજન કૉલેજના પ્રિન્સિપાલ ડૉ. નિયતિબેન ભટ્ટના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું. આ કાર્યક્રમના વક્તા ગુજરાત રાજ્ય યોગ બોર્ડ ભરૂચ જિલ્લા યોગ કો-ઑર્ડિનેટર કમીનાબા રાજે અલગ અલગ યોગા વિશે વિદ્યાર્થીઓને ખૂબ સુંદર માહિતી આપી અને આ યોગથી થતી અસર વિશે ખૂબ સુંદર છણાવટ કરી હતી. એમાં યોગા, પ્રાણાયમ, આસન, સૂર્ય નમસ્કાર અંગેની વિદ્યાર્થીઓને માહિતી આપી અને આસન, યોગા, પ્રાણાયમ ને પ્રેક્ટિકલ કરી બતાવીને સમજ આપી હતી, આ પ્રોગ્રામનું સંચાલન NSS પ્રોગ્રામ ઑફિસર ડૉ. કુસુમબેન પટેલે કર્યુ હતું. અને આભાર વિધિ NSS ઑફિસર ડૉ. પુષ્પા પટેલે કરી હતી. મહેમાનોનું સ્વાગત ડૉ. પુષ્પાબેન પટેલે કર્યુ હતું આ પ્રોગ્રામમાં કૉલેજના આચાર્યશ્રીએ વિદ્યાર્થીઓને યોગ, પ્રાણાયામના સૂત્ર વિદ્યાર્થીઓને "યોગ અપનાવો રોગ ભગાવો" સૂત્ર આપીને વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા. આ પ્રોગ્રામમાં કૉલેજનો સમગ્ર સ્ટાફ અને ૧૫૯ જેટલી સંખ્યામાં વિદ્યાર્થીઓ હાજર રહીને પ્રોગ્રામને સફળ બનાવ્યો હતો.

## Dog Bite Prevention & Awareness Session






A Dog Awareness Session was successfully conducted at Shree Rang Navchetan Mahila Arts College, Valia, on 16th December 2025, with the objective of creating awareness about responsible interaction with dogs and promoting compassion towards animals. The session was conducted by Dr. Sharmilaben S. Patel, who sensitively addressed important issues related to animal welfare and human-animal coexistence. The session highlighted topics such as understanding dog behaviour, preventing dog bites, basic safety measures, and the importance of kindness and care towards stray and pet dogs. Dr. Patel explained common myths associated with dogs and emphasized the importance of vaccination, sterilization, and community responsibility. The interactive discussion and practical examples helped students understand how awareness and empathy can reduce fear and conflict. The programme witnessed active participation from students and faculty members. The session concluded with a strong message advocating compassion, awareness, and responsible behaviour towards animals, contributing to a safer and more humane society.

## મેન્ટલ હેલ્થ અવૅરનેસ સેશનનું આયોજન




શ્રી રંગ નવચેતન મહિલા આર્ટસ કૉલેજ, વાલિયામાં તારીખ ૨૩ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ નેશનલ ટાસ્ક ફોર્સ–મેન્ટલ વેલ બીઈંગના નોડલ ઓફિસર ડૉ. નિયતિ બી ભટ્ટ દ્વારા મેન્ટલ હેલ્થ અવૅરનેસ સેશનનું આયોજન કરવામાં આવ્યું. જેમાં ગુજરાતી વિભાગના અધ્યક્ષ ડૉ. પુષ્પાબેન કે. પટેલ દ્વારા મેન્ટલ હેલ્થ એવરનેસ સંદર્ભે એક સુંદર સેશન લેવામાં આવ્યું. જેમાં આધુનિક ગુજરાતી નવલકથા કન્ફેશન બોક્સ (રામ મોરી રચિત)ના સુંદર દ્રષ્ટાંતો દ્વારા વિદ્યાર્થીઓની મનની વાચા, લાગણીઓ, પીડા અને અપરાધ ભાવ જેવી ભાવનાઓ જે વિદ્યાર્થીઓ સહજ રીતે વ્યકત નથી કરી શકતા તેવી અવ્યકત લાગણીઓને હળવાશથી સહજ રીતે વ્યકત કરી શકે તે માટે નવલકથાનાં ખૂબ જ હૃદયસ્પર્શી દ્રષ્ટાંતો દ્વારા સમજાવવામાં આવ્યું. જેથી વિદ્યાર્થીનીઓ અધ્યાપકગણ સાથે પોતાના અંતરમનની વાતો ખૂબ સહજતાથી, માનસિક રીતે વિચલિત થવાય તેવા સમયમાં પણ પોતાની અવ્યકત લાગણીઓને અપરાધના ભાવ વગર વાચા આપી શકે. કેટલાક અપરાધભાવ કે આભાર સમયાંતરે વ્યકત થઈ જવા જોઈએ. નહીંતર કાળની થપાટે તમારી સાથે રાત દિવસ ધબકતી વ્યક્તિના શ્વાસ અટકી જાય.

એ પછીની ક્ષણોમાં માત્ર પારાવાર પસ્તાવો જ રહે છે. જો મને મોકો મળ્યો હોત તો.. જો એ સમયે મને ખબર હોત તો... આ 'જો' અને 'તો', આ બે શબ્દો વચ્ચેની જગ્યામાં કંઈ કેટલુંય રહી જાય છે અને સમયાંતરે થીજી જાય છે ! કોઈ પણ બાબતનો સ્વીકાર કરવો, કંઈક કન્ફેસન કરવું એ અઘરું છે પણ અશક્ય તો નથી જ ડૉ. પુષ્પાબેન પટેલના આ સુંદર વકતવ્યથી કૉલેજ તેમના માટે ગર્વની લાગણી અનુભવે છે.

## સાયબર અવેરનેસ અને મહિલા સુરક્ષા વિષય પર કાર્યક્રમનું આયોજન





શ્રી રંગ નવચેતન મહિલા આર્ટસ કૉલેજ, વાલિયાના ઇ.ચા.આચાર્ય પ્રા. ડૉ. નિયતિબેન બી.ભટ્ટના માર્ગદર્શન હેઠળ સાઇબર સેલ (કવચ કેન્દ્ર), મહિલા સેલ અને SC/ST સેલ દ્વારા સંયુકત રીતે તા. ૨૪/૧૨/૨૦૨૫, બુધવારના રોજ સાઈબર અવેરનેસ અને મહિલા સુરક્ષા વિષય પર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વાલિયા પોલીસ સ્ટેશનના પીઆઈ કે.એમ.ચૌધરી, પી.એસ.આઈ, એસ.આર.વસાવા, ટૅક્નિકલ નિષ્ણાંત યાજ્ઞિક પટેલ, અજયભાઈ, SHE ટીમ વગેર ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં વાલિયા પોલીસ સ્ટેશનના પીઆઈ કે.એમ.ચૌધરી સાહેબ દ્વારા વિવિધ પ્રકારના સાઈબર ગુનાઓ, મહિલા સુરક્ષા માટે કાયદાકીય બાબતો, ૧૧૨, ૧૯૩૦ વગેરે હેલ્પ લાઈન નંબર વગેરે અંગે તદુપરાંત ટેકનિકલ નિષ્ણાંત યાજ્ઞિક પટેલ દ્વારા પણ હાલમાં જોવા મળતા વિવિધ સાઈબર ફ્રોડ, સોશિયલ મીડિયાનો ઉપયોગ કરતી વખતે વિદ્યાર્થીઓએ ધ્યાનમાં રાખવાની બાબતો અંગે ખૂબ સારી સમજૂતી આપી હતી. આ કાર્યક્રમમાં કૉલેજના વિદ્યાર્થીઓ અને પ્રાધ્યાપકો ઉત્સાહપૂર્વક ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં સ્વાગત પ્રવચન ઇન્ચાર્જ આચાર્ય પ્રા. ડૉ. નિયતિ બી. ભટ્ટ દ્વારા કાર્યક્રમનો પરિચય વુમેન સેલના Co-Ordinator પ્રા. ડૉ. શર્મિલા એસ. પટેલ દ્વારા કાર્યક્રમની આભારવિધિ SC/ST સેલના કૉ–ઑર્ડિનેટર પ્રા.ડૉ. પુષ્પા કે. પટેલ દ્વારા અને સમગ્ર કાર્યક્રમનું સંચાલન સાઈબર સેલના કૉ–ઑર્ડિનેટર પ્રા. ડૉ. દિલાવરખાન એન. પઠાણ દ્વારા કરવામાં આવ્યું હતું.


## Gunjan Saxena - The Kargil Girl: માહિતી કાર્યક્રમ



શ્રી રંગ નવચેતન મહિલા આર્ટસ કૉલેજ વાલિયા ખાતે ૧૬ ડિસેમ્બર, ૨૦૨૫ ના રોજ Women Cell અંતર્ગત કૉ–ઑર્ડિનેટર ડૉ. શર્મિલા બેન પટેલ દ્વારા સાહસ અને શૌર્યની મિશાલ અને ૧૯૯૯ ના કારગિલ યુદ્ધમાં ૯૦૦ થી

વધારે ઘાયલ અને મૃત સૈનિકોને બહાર કાઢવાના ઓપરેશનનો ભાગ બનનાર તેમજ જોખમી પરિસ્થિતિમાં હેલિકોપ્ટર ઉડાડી મિશન પૂર્ણ કરનાર ગુંજન સક્સેનાની બહાદુરીનો પરિચય કરાવ્યો, તેમજ તેમના જીવન પર આધારિત ફિલ્મ "Gunjan Saxena-The Kargil Girl" વિશે જાણકારી આપવામાં આવી. બીજા અતિ સાહસી મહિલા જવાન, ૨૦૦૧ના સંસદ હુમલામાં શહીદ થનાર કમલેશ કુમારીના બલિદાનથી માહિતગાર કરવામાં આવ્યા હતા. કમલેશ કુમારી મરણોત્તર વીરતા પુરસ્કાર 'અશોક ચક્ર' પ્રાપ્ત કરનાર પ્રથમ મહિલા આરક્ષી હતી. ઉજવીમાં ૧૪૮ વિદ્યાર્થીઓ અને અધ્યાપકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

## Allocation on Road Safety Awareness Programme






On 29 December 2025, the English Department, & Basic Life Support Cell of Shree Rang Navchetan Mahila Arts College, Valia jointly organized an Allocation on Road Safety. The programme aimed to create awareness among students about responsible behaviour and safety measures on the road.

Dr. Niyatiben B. Bhatt as the speaker of Allocation comprehend student that road safety is not merely a rule to follow but a responsibility to uphold. Every careful step, every obeyed signal, and every moment of alertness can save a life. By choosing discipline over haste and awareness over negligence, we turn roads into safer spaces. Road safety begins with us and every life saved is a victory for humanity.

She delivered an informative and insightful talk, offering in-depth knowledge on various aspects of road safety and emphasizing the importance of discipline and caution in daily life. The programme was efficiently coordinated by Assistant Professor Sonal N. Gharia. The Vote of Thanks was proposed by Assistant Professor Parulben N. Rana, who expressed gratitude to the speaker and all those involved in the successful organization of the event. 57 students participated enthusiastically in the programme, making the event meaningful and impactful.

## વાલિયાના ગૃહવિજ્ઞાન વિભાગ દ્વારા કુપોષિત બાળકોના કેન્દ્રની (CMTC) મુલાકાત



શ્રી રંગ નવચેતન મહિલા આર્ટ કોલેજના ગૃહવિજ્ઞાન ડિપાર્ટમેન્ટ દ્વારા ગૃહવિજ્ઞાન વિભાગના વિદ્યાર્થીઓમાં પોષણ, આરોગ્ય અને સમુદાય સેવા પ્રત્યે સંવેદના વિકસે તે હેતુથી બાળ કુપોષિત (હોતહ) કેન્દ્ર, વાલીઆની મુલાકાત આયોજન કરવામાં આવી. આ મુલાકાતનો મુખ્ય ઉદ્દેશ કુપોષણની વાસ્તવિક સ્થિતિ સમજવી, બાળકના વિકાસ પર થતો પ્રભાવ ઓળખવો અને યોગ્ય આહાર વ્યવસ્થાની મહત્વતા જાણવાનો હતો.

**મુલાકાતના ઉદ્દેશો:**

- કુપોષિત બાળકો માટે ચલાવવામાં આવતા સરકારી/ગેરસરકારી કાર્યક્રમોની માહિતી મેળવવી.
- વજન, ઊંચાઇ ઊંચાઇ અને આરોગ્ય ચકાસણીની પદ્ધતિઓ નિરીક્ષિત કરવી.
- પૂરક આહારની તૈયારીઓ અને વિતરણ પ્રક્રિયા સમજવી.
- માતાઓને આપવામાં આવતી સલાહ, કાઉન્સેલિંગ અને આરોગ્ય જાગૃતિ પ્રવૃત્તિઓ જાણવી.
- ભવિષ્યમાં સમુદાય સાથે જોડાઈ કાર્ય કરવાની ભાવના વિકસાવવી.

**કેન્દ્રમાં કરવામાં આવેલી પ્રવૃત્તિઓ:**

- બાળકોનું વજન અને ઊંચાઈ માપવાનો ડેમો બતાવવામાં આવ્યો.
- એનિમિયા અને કુપોષણની ઓળખ માટેના મૂળભૂત લક્ષણો સમજાવવામાં આવ્યા.
- વિદ્યાર્થીઓએ સંતુલિત આહાર ચાટ તથા પ્લેટ મોડલ (થાળી પદ્ધતિ) વિષે ચર્ચા કરી.

- માતાઓ સાથે સંવાદ કરીને સ્તનપાન, પૂરક આહાર (Weaning) અને સ્વચ્છતા અંગે સમજાવ્યું.
- કેટલાક બાળકો માટે હાઈ–પ્રોટીન પોરિજ/ખીચડી તૈયાર કરવાની પ્રક્રિયા દેખાડવામાં આવી.

**શૈક્ષણિક લાભ:**

આ મુલાકાતથી વિદ્યાર્થીઓને કુપોષણના તબક્કા, યોગ્ય આહાર આયોજન, સ્વચ્છતા અને માતૃત્વ આરોગ્યનો નજીકથી અભ્યાસ કરવાનો અવસર મળ્યો. પુસ્તકમાં વાંચેલી બાબતોનું પ્રાયોગિક જ્ઞાન મળવાથી સમજી શક્યા કે સમુદાય સ્તરે પોષણ શિક્ષણ કેટલું જરૂરી છે.


**સૂચનો:**

- ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં પોષણ જાગૃતિ કેમ્પ વધારવા.
- સ્થાનિક સ્તરે સરળ અને સસ્તા પોષક ખાદ્યપદાર્થોનો ઉપયોગ શિખવવો.
- માતા–શિશુ આરોગ્ય અંગે નિયમિત કાઉન્સેલિંગ યોજવું.
- કૉલેજના વિદ્યાર્થીઓ દ્વારા અનુસરણી કાર્યક્રમ (Follow-up visits) યોજી શકાય.

**નિષ્કર્ષ:**

બાળ કુપોષણ માત્ર આરોગ્યનો જ નહીં, પરંતુ સામાજિક અને આર્થિક પડકાર છે. આ મુલાકાતે વિદ્યાર્થીઓમાં જવાબદારીની ભાવના અને સેવાભાવ જાગ્રત કર્યો. ગૃહ–વિજ્ઞાન વિભાગ દ્વારા ભવિષ્યમાં પણ આવા કાર્યક્રમો દ્વારા સમાજમાં પોષણ જાગૃતિ વધારવાનો સંકલ્પ લેવામાં આવ્યો.

## "દિનચર્યા,આહાર અને માનસિક સ્વાસ્થ્ય" વિષય પર એક જ્ઞાનવર્ધક સેશનનું આયોજન







તારીખ ૩૦ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ મેન્ટલ હેલ્થ અવેરનેસ સેલ અને હોમ સાયન્સ વિભાગના સંયુક્ત ઉપક્રમે "દિનચર્યા, આહાર અને માનસિક સ્વાસ્થ્ય" વિષય પર એક જ્ઞાનવર્ધક સેશનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેશનના વક્તા તરીકે ઍસોસિયેટ પ્રોફેસર અનિતાબેન વાઘ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે શારીરિક સ્વાસ્થ્ય અને માનસિક સુખાકારી વચ્ચેના ઊંડા સંબંધ અંગે વિચારસભર અને રસપ્રદ વ્યાખ્યાન આપ્યું. સુવ્યવસ્થિત અને અર્થસભર પ્રસ્તુતિ દ્વારા તેમણે સમજાવ્યું કે આપણી દૈનિક દિનચર્યા, આહારની આદતો અને જીવનશૈલી માનસિક તણાવને ઘટાડે પણ શકે છે અથવા અજાણતાં વધારી પણ શકે છે. સાથે જ તેમણે પરીક્ષા દરમિયાન તણાવમુક્ત કેવી રીતે રહેવું અને અસરકારક અભ્યાસ પદ્ધતિઓ કેવી રીતે અપનાવવી તે બાબતે પણ સરળ અને પ્રેરણાદાયક ઉદાહરણો દ્વારા માર્ગદર્શન આપ્યું.

કાર્યક્રમનું સુંદર અને સચોટ સંચાલન હોમ સાયન્સ વિભાગના Assistant Professor નિમિષાબેન Maatieda દ્વારા તથા આભારવિધિ ઉપપ્રાચાર્યા તથા ઍસોસિયેટ પ્રોફેસર ભાવનાબેન કે. ગોથાણા દ્વારા કરવામાં આવી હતી, જેમણે વક્તા અને આયોજકોનો અસરકારક કાર્યક્રમ માટે હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. આ કાર્યક્રમમાં કુલ ૧૧૭ વિદ્યાર્થીનીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો, જેના કારણે આ સેશન અર્થસભર અને સ્મરણિય બન્યું હતું.

## મહાજન અનાથ બાળાશ્રમ સંચાલિત બી.કોમ, બી.બી.એ કૉલેજ, કતારગામ.

### સુટ એન્ડ સાડી ડેનું આયોજન



મહાજન અનાથ બાળાશ્રમ કતારગામ સંચાલિત બી.કોમ, બી.બી.એ કૉલેજમાં સુટ એન્ડ સાડી ડેનું આયોજન તા. ૩૧/૧૨/૨૦૨ના રોજ કરવામાં આવ્યું હતું. જેમાં કુલ ૩૦ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ સ્પર્ધાના નિર્ણાયક તરીકે કૉલેજના પ્રો. શ્રી મયુર પાંડવ અને પ્રિયંકા ગાંગવવાળાને આમંત્રિત કરવામાં આવ્યા હતા. સ્પર્ધામાં પ્રથમ વિજેતા તરીકે ટી.વાય.બી.કોમ.માં મિસ MAB, પરમાર દર્ષ્ટિ અને Runner Up વિજેતા તરીકે મિસ MAB, પ્રિયંકા જોષી વિજેતા જાહેર થયા હતા. તેમને તાજ પહેરાવીને સન્માનિત કરવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ઇ.ચા.પ્રિન્સિપાલ વિરલ પટેલના માર્ગદર્શન હેઠળ કૉલેજ સ્ટાફ દ્વારા કરવામાં આવ્યું હતું.

## વિશ્વવિદ્યાલય મધ્યસ્થ ગ્રંથાલય

### Footfall : Dt. 01-12-2025 to 31-12-2025

| Detail | Description | Dec.-2025 | |
|---|---|---|---|
| User | Visitors | 3241 | |
| | Internet Lab User | 8 | |
| Registered Members | BoM/EC Members, Deans Professor and Lecturers, PG Teacher in Affiliated Colleges, University Visiting Teachers, Principals, Lecturers of Collage, Asst, Librarian | 14 | |
| | UG/PG Students | 65 | |
| | Research Scholars | 6 | |
| | Non Teaching Staff | | |
| | Visitors | 2 | |
| | E-resource User | | |
| | Total | | 3336 |

Sources: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Circulation Section.

### Circulation Section

| Month | Book Issue | Book Return |
|---|---|---|
| December-2025 | 436 | 423 |

Sources: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Circulation Section.

### પીએચ.ડી. સંશોધનાર્થી – પ્રકાશિત કરેલ રિસર્ચ પેપર અને કોન્ફરન્સ/સેમિનાર: ખરાઈ પ્રમાણપત્ર (દિનાંક ૧૬–૩–૨૦૨૨ થી પ્રારંભ)

| No. | Month | Nos. of Certificate |
|---|---|---|
| 1 | December-2025 | 08 |

Sources: Ms. Namrata Shingodawala, Lab Assistant, Computer Lab.

### Details of Ph.D./M.Phil. Plagiarism Detection Certificate Issue

| No. | Month | Nos. of Certificate |
|---|---|---|
| 1 | December-2025 | 07 |

Sources: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Classification Section.

### Details of Ph.D./M.Phil. CD Verification Certificate Issue

| No. | Month | Nos. of Certificate |
|---|---|---|
| 1 | December-2025 | 07 |

Sources: Pintu I. Patel, Jr. Library Assistant, Acquisition Section.

**Chief Editor: Dr. Gaurang D. Rami**
Professor & Head, Department of Economics, Veer Narmad South Gujarat University, Surat.

**Editor: Dr. Parul R. Patel**
I/c. Librarian, Universirty Central Library, Veer Narmad South Gujarat University, Surat.

**Co-Editor: Dr. Bharat Thakor**
Assistant Professor, Department of Gujarati, Veer Narmad South Gujarat University,Surat.

**Publisher : Dr. Rameshdan C. Gadhvi**
The Registrar, Veer Narmad South Gujarat University, Surat.

**Type and Design by: Shri Pintu I. Patel**
Jr. Library Assistant, Universirty Central Library, Veer Narmad South Gujarat University, Surat.

'દક્ષિણાયન' સરનામુ : તંત્રી, દક્ષિણાયન, વિશ્વવિદ્યાલય ગ્રંથાલય, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, ઉધના–મગદલ્લા રોડ, સુરત–૩૯૫૦૦૭ e-mail: dakshinayan@vnsgu.ac.in

This e-NEWSLETTER IS ALSO AVAILABLE ON THE LIBRARY AT WEBSITE www.vnsgu.ac.in